# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૦૨ ઓગસ્ટ ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૦, અષાઢ વદ ૧૩

વર્ષ : ૧૬
અંક : ૩૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### સ્વપ્નિલ કુસાલે શૂટિંગમાં રચ્યો ઈતિહાસ | સ્વપ્નિલ કુસાલેએ શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

## સ્વપ્નિલ કુસાલે શૂટિંગમાં ભારતને અપાવ્યો ત્રીજો ઓલિમ્પિક મેડલ

| (એજન્સી) પેરિસ, તા.૧ |

ભારતના સ્વપ્રિલ કુસાલેએ કમાલ કરી બતાવી છે. તેણે શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. સ્વપ્રીલે ૫૦ મીટર રાઈફલ ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેનો કુલ સ્કોર ૪૫૧.૪ હતો. સ્વપ્રિલ કુસાલે પહેલા મનુ ભાકર અને સરબજોત સિંહે પેરિસ ગેમ્સમાં મેડલ જીત્યા હતા. ઓલિમ્પિક ઈતિહાસની વાત કરીએ તો, સ્વપ્રિલ મેડલ જીતનાર સાતમો ભારતીય શૂટર છે. ચીનના લિયુ યુકુન ટોપ પર રહ્યો હતો. તેનો સ્કોર ૪૬૩.૬ હતો. જ્યારે યુક્રેનની કુલિસ સેરહી બીજા ક્રમે રહી હતી. ભારતના સ્વપ્રિલ કુસાલે ઈતિહાસ રચ્યો છે. સ્વપ્રીલે પુરુષોની ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશન શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પ્રથમ વખત કોઈ ભારતીય શૂટરે ઓલિમ્પિકની ૫૦ મીટર રાઈફલ થ્રી પોઝિશન ઈવેન્ટમાં મેડલ જીત્યો છે. વર્તમાન ઓલિમ્પિક ગેમ્સમાં ભારતનો આ ત્રીજો મેડલ હતો. આ પહેલા ભારતના છેલ્લા બે મેડલ પણ શૂટિંગમાં આવ્યા હતા.

બુધવારે ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન શૂટિંગના ક્વોલિફિકેશન રાઉન્ડ રમાયા હતા. ભારતીય શૂટર સ્વપ્રિલ કુસલે કુલ ૫૯૦ના સ્કોર સાથે ફાઈનલમાં જગ્યા બનાવી હતી. તેણે નીલિંગમાં ૧૯૮, પ્રોનમાં



૧૯૭ અને સ્ટેન્ડિંગમાં ૧૯૫ સ્કોર કર્યો હતો. ગુરુવારે પણ કુસાલે ભારતની કરોડો અપેક્ષાઓ પર ખરો ઉતરી અને દેશ માટે મેડલ જીત્યો. એમએસ ધોનીને આઈડલ માનનાર સ્વપ્રિલ કુસાલે ફાઈનલમાં કુલ રહીને નિશાન સાધ્યું. ફાઈનલમાં એક સમયે તે છઠ્ઠા સ્થાને સરકી ગયો હતો. પરંતુ દબાણ હેઠળ નાસીપાસ થવાને બદલે મહારાષ્ટ્રના આ શૂટરે પોતાની રમતને ઉપર ઉઠાવી. તેણે ધીમે ધીમે ટેલીમાં વધારો કરવાનું શરૂ કર્યું. લાંબા સમય સુધી સ્વપ્રિલ પાંચમા નંબર પર અટવાયેલો જોવા મળ્યો હતો. આ પછી તે ચોથા નંબરે આવ્યો અને પછી ત્રીજા નંબરે પહોંચ્યો. તે સમયે એવું લાગતું હતું કે તે સિલ્વર કે ગોલ્ડ મેડલ જીતી શકશે, પરંતુ એવું થયું નહીં. સ્વપ્રિલ કુસાલેએ ૪૫૧.૪ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ચીનના લિયુ યુક્વાને ૪૬૩.૬ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. યુદ્ધની ભયાનકતાનો સામનો કરી રહેલી યુક્રેનની શૂટર શેરી કુલિશ (૪૬૧.૩)એ સિલ્વર મેડલ જીત્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં ભારત માટે પહેલો મેડલ મનુ ભાકરે જીત્યો હતો. તેમણે રવિવારે ૧૦ મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ જીતીને મેડલ ટેલીમાં ભારતનું ખાતું ખોલ્યું હતું. ત્યારબાદ મનુ ભાકર અને સરબજોત સિંહની જોડીએ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ જીત્યો. હવે પેરિસ ઓલિમ્પિકમાં મેડલિસ્ટમાં સ્વપ્રિલ કુસાલેનું નામ પણ જોડાઈ ગયું છે.

### ન્યૂઝ બ્રિફ

#### સરકારે લોકસભામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ બિલ, ૨૦૨૪ રજૂ કર્યું

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧ |

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે બુધવારે લોકસભામાં વાયનાડ દુર્ઘટના પર ચર્ચા-વિચારણા કરી હતી. આ ચર્ચા દરમિયાન અમિત શાહે કહ્યું હતું કે, "આ સત્રમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પર બિલ લાવવામાં આવશે." જેના ૨૪ કલાકની અંદર જ અમિત શાહે પોતાનું વચન પૂરું કર્યું અને બીજા જ દિવસે એટલે કે આજે ગુરુવારે સંસદમાં આ બિલ રજૂ કરવામાં આવ્યું છે. સરકારે લોકસભામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યું, જે ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, ૨૦૦૫માં સુધારો કરે છે.

#### હિમાચલમાં મકાનો, પુલ, રસ્તાઓ ધોવાયા, ૫૦ લાપતા

| (એજન્સી) શીમલા, તા.૧ |

હિમાચલ પ્રદેશમાં વરસાદે તબાહી મચાવી છે. અનીના નિરમંડ, કુલ્લુના મલાના, મંડી જિલ્લાના થલતુખોડ અને ચંબા જિલ્લામાં બે સ્થળોએ વાદળ ફાટ્યા હતા. વાદળ ફાટવાને કારણે અનેક મકાનો, શાળાઓ અને હોસ્પિટલોને નુકસાન થયું છે. ત્રણેય સ્થળોએ લગભગ ૫૦ લોકો ગુમ થયા છે. ચાર મૃતદેહ મળી આવ્યા છે. અહીં ૩૫ લોકોને સુરક્ષિત રીતે બચાવી લેવાયા છે. વાદળ ફાટવાની ઘટના બાદ મંડી વિસ્તારની તમામ શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ બંધ કરી દેવામાં આવી છે.

## વાયનાડમાં ભૂસ્ખલને તારાજી સર્જી ત્યાં પહોંચ્યા રાહુલ-પ્રિયંકા

**રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધીએ ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને પીડિત પરિવારો સાથે મુલાકાત કરી હતી**

| (એજન્સી) વાયનાડ, તા.૧ |

કેરળના વાયનાડ જિલ્લામાં મંગળવારે (૩૦ જુલાઈ) મેપડી નજીકના વિવિધ પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનથી ભારે તબાહી સર્જાઈ હતી. આ કુદરતી આફતમાં અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે. ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોમાં સેના દ્વારા રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. ત્યારે કોંગ્રેસના નેતા અને વાયનાડના પૂર્વ સાંસદ રાહુલ ગાંધી અને તેમના બહેન અને કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા આજે ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લઈને પીડિત પરિવારો સાથે



મુલાકાત કરી હતી. રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા સવારે વાયનાડ પહોંચ્યા હતા. પાર્ટીના મહાસચિવ અને અલપ્પુઝાના સાંસદ કે.સી.

વેણુગોપાલ પણ તેમની સાથે છે. રાહુલ અને પ્રિયંકા મેપડી ખાતેના સામુદાયિક આરોગ્ય કેન્દ્ર માટે રવાના થયા હતા. ત્યાંથી બંને ડૉ.મૂપેન મેડિકલ કોલેજ અને મેપડી ખાતે બે રાહત શિબિરોની પણ મુલાકાત કરશે. ઉલ્લેખનીય છે કે વાયનાડમાં ભૂસ્ખલનથી તબાહી સર્જાઈ છે. વાયનાડથી આવી રહેલી તસ્વીરો ત્યાંની તબાહીની વાર્તા કહી રહી છે. તબાહીની તસવીરોથી માત્ર કેરળ જ નહીં પરંતુ સમગ્ર દેશના લોકોને હચમચાવી દીધા છે. નોંધનીય છેકે રાહુલ ગાંધીએ ૨૦૧૯માં વાયનાડ લોકસભા બેઠક પરથી ચૂંટણી જીતી હતી અને ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ તેઓ અહીંથી ફરી જીત્યા હતા. કોંગ્રેસ નેતાએ ઉત્તર પ્રદેશની રાયબરેલી લોકસભા બેઠક પણ જીતી ચૂક્યા છે, બાદમાં રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક છોડવાનો નિર્ણય કર્યો હતો. હવે આ બેઠક પરથી પ્રિયંકા ગાંધી પેટાચૂંટણી લડે તેવી શક્યતા છે.

### કોમર્શિયલ સિલિન્ડરનો વધ્યો ભાવ

## કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૬.૫૦ રૂપિયાનો વધારો કરાયો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧ |

બજેટ બાદ એક ઓગસ્ટથી જ એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો જોવા મળ્યો છે. ભાવમાં આ વધારો કોમર્શિયલ ગેસ સિલિન્ડરના રેટમાં થયો છે. ઓઈલ કંપનીઓએ જુલાઈના પહેલા દિવસે એટલે કે ૧ જુલાઈના રોજ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૩૦ રૂપિયાનો ઘટાડો કર્યો હતો પરંતુ હવે આજથી એટલે કે ૧ ઓગસ્ટથી સિલિન્ડરના ભાવ વધ્યા છે. જાણો વિગતો.

ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૬.૫૦ રૂપિયાનો વધારો કર્યો છે. આ સાથેજ હવે દિલ્હીમાં ભાવ ૧૬૪૬ રૂપિયાથી વધીને ૧૬૫૨.૫૦ રૂપિયા થઈ ગયો છે.

આ અગાઉ ૩૧ જુલાઈ સુધી ૧૯ કિલોવાળા કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૧૬૪૬ રૂપિયા હતો. ચારેય મહાનગરમાં આ ભાવવધારો



જોવા મળ્યો છે. કોલકાતામાં જે સિલિન્ડર પહેલા ૧૭૫૬ રૂપિયામાં મળતો હતો તે હવે આજથી ૧૭૬૪.૫૦ રૂપિયામાં મળશે. મુંબઈમાં ભાવ ૧૫૯૮ રૂપિયાથી વધીને ૧૬૦૫ રૂપિયા થઈ ગયો છે. એ જ રીતે ચેન્નાઈમાં આ સિલિન્ડર માટે પહેલા ૧૮૦૯.૫૦ રૂપિયા ચૂકવવા પડતા હતા અને આજથી હવે ૧૮૧૭ રૂપિયા આપવા પડશે. કંપનીઓએ કોલકાતામાં સૌથી વધુ ૮.૫૦ રૂપિયાનો વધારો કર્યો છે.

### મુલાકાત કરતાં રાજકારણમાં ચર્ચાઓ ચકડોળે ચડી

## કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરની દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત

| (એજન્સી) અમદાવાદ, તા.૧ |

ગુજરાત ભાજપના નેતાઓ હાલમાં દિલ્હીના આંટાફેરા કરી રહ્યાં છે. તાજેતરમાં કૃષિમંત્રી રાઘવજી પટેલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મળ્યાં હતાં. ત્યાર બાદ પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા પણ અમિત શાહ અને સી.આર. પાટીલને મળ્યા હતાં. આ મુલાકાતોથી ભાજપના નવા પ્રમુખ અને મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચાઓએ જોર પકડ્યું છે. બીજી તરફ બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે દિલ્હીમાં અમિત શાહ સાથે મુલાકાત કરતાં રાજકારણમાં ચર્ચાઓ ચકડોળે ચડી છે. ગુજરાતની બનાસકાંઠા બેઠક પરથી સાંસદ તરીકે ચૂંટાયેલા ગેનીબેન ઠાકોરે સંસદભવનમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. ગુજરાતના બોર્ડરના ત્રણ



જિલ્લા બનાસકાંઠા, કચ્છ અને પાટણના ગામોમાં કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા BADP હેઠળ જે ગ્રાન્ટ આપવામાં આવતી હતી અને ૨૦૨૦થી બંધ કરી દેવામાં આવી છે. તે ગ્રાન્ટ ચૂકવવાની માગ કરી છે. આ ગ્રાન્ટ ત્રણ જિલ્લાઓને આપવા માટે અને નવા ગામ બોર્ડર એરિયામાં સમાવેશ થાય માટે મળીને રજૂઆત કરી હતી.તે ઉપરાંત સરહદી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય, વીજળી અને પાણીની સુવિધાઓ વધારવા માટે રજૂઆત કરી હતી. લોકસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસના દિગ્ગજ નેતા અને ધારાસભ્ય અર્જુન મોઢવાડિયાએ રાજીનામું આપીને ભાજપનો ખેસ ધારણ કર્યો હતો અને ભાજપની જ ટીકિટ પર પોરબંદરથી વિધાનસભાની પેટાચૂંટણી લડીને જીત મેળવી હતી. હવે તેઓ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને મળ્યા હતાં. ત્યારે એવી અટકળો શરૂ થઈ ગઈ છે કે, હવે ભૂપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રીમંડળનું વિસ્તરણ થઈ શકે છે. ચૂંટણી બાદ વહેતી થયેલી અટકળોમાં એવું ચર્ચાતુ હતું કે, અર્જુન મોઢવાડિયાને કેબિનેટ મંત્રી બનાવવામાં આવી શકે છે.

### ભવ્ય વિદાય અપાઈ

## IBના વડા સિનિયર IPS અધિકારી આર.બી.બ્રહ્મભટ્ટ સેવા નિવૃત્ત થયા

| (એજન્સી) ગાંધીનગર, તા.૧ |

ગુજરાતમાં ગઈકાલે ૧૮ IAS અધિકારીઓની સાગમટે બદલી કરી દેવાઈ હતી. જેમાં ત્રણ અધિકારી એવા રાજીવ ટોપનો, જયંતી રવિ અને ટી. નટરાજનનું ડેપ્યુટેશન પૂર્ણ થતા તેઓ ગુજરાત પરત ફરશે. આ ઉપરાંત ૮ IPS અધિકારીઓની બદલી અને નિમણૂક કરવામાં આવી છે. બીજી તરફ રાજ્યના સિનિયર IPS અધિકારી અને IBના વડા આર.બી. બ્રહ્મભટ્ટ પોલીસની લાંબી કારકિર્દી બાદ નિવૃત્ત થયાં છે. તેમને બહુમાન સાથે વિદાય અપાઈ છે. IBના વડા અને ૧૯૯૫ની બેચના સિનિયર IPS અધિકારી આર.બી. બ્રહ્મભટ્ટ સેવા નિવૃત થયાં છે. પોલીસ વિભાગ અને સ્ટાફ દ્વારા તેમનું બહુમાન કરીને વિદાય આપવામાં આવી છે. તેમના વિદાય પ્રસંગે તેમના સાથી કર્મચારીઓ ભાવુક થયાં હતાં. તે ઉપરાંત આર.બી. બ્રહ્મભટ્ટના ચહેરા પર પણ ભાવુકતા જોવા મળી હતી. મહેસાણા જિલ્લાના વતની એવા આર.બી બ્રહ્મભટ્ટ CID ઈન્ટેલિજન્સ નાં એડિશનલ ડાયરેક્ટર જનરલ ના હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા છે.

### સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

## SC / STના અનામત ક્વોટાની અંદર ક્વોટા રાખી શકાય : સુપ્રીમ

**અનામત માટે હવે રાજ્ય સરકારો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં સબ કેટેગરી બનાવી શકે છે**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧ |

સુપ્રીમ કોર્ટની ૭ જજોની બંધારણીય પીઠે ગુરુવારે બહુમતથી એક મહત્વનો ચુકાદો આપ્યો જે મુજબ હવે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં કોટામાં કોટાને મંજૂરી આપવામાં આવી છે. એટલે કે અનામત માટે હવે રાજ્ય સરકારો અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓમાં સબ કેટેગરી બનાવી શકે છે. બંધારણીય પીઠે ૨૦૦૪માં ઈવી ચિન્નૈયા કેસમાં અપાયેલા ૫ જજોના ચુકાદાને પલટી નાખ્યો છે. આ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે SC/ST માં સબ કેટેગરી બનાવી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે એસસી/એસટીના કોટામાં કોટાને યથાવત રાખ્યું છે. ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચુડે ૬-૧ ના બહુમતથી અપાયેલો



આ ચુકાદો વાંચી સંભળાવ્યો. જસ્ટિસ બેલા ત્રિવેદીએ બાકી જજોથી અસહમતિ જતાવતા આ વિરુદ્ધ મત આપ્યો. સીજેઆઈએ કહ્યું કે અમે ઈવી ચિન્નૈયા કેસમાં અપાયેલા ચુકાદાને ફગાવી દીધો છે. પેટા વર્ગીકરણ કલમ ૧૪નો ભંગ કરતો નથી. કારણ કે ઉપવર્ગોને યાદીમાંથી બહાર રખાયા નથી.

### આંતરિક સર્વેમાં ચોંકાવનારું પરિણામ

## ચૂંટણી પહેલાં મહારાષ્ટ્રમાં ભાજપના ટેન્શનમાં વધારો

**તાજેતરમાં જ પૂર્ણ થયેલી લોકસભાની ચૂંટણીઓમાં પણ ભારતીય જનત પાર્ટીની બેઠકોમાં ઘટાડો નોંધાયો હતો**

| (એજન્સી) મુંબઈ, તા.૧ |

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આ વચ્ચે એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે ભારતીય જનતા પાર્ટીને રાજ્યમાં મોટા નુકસાનની ચિંતા સતાવી રહી છે. જોકે આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં નથી આવ્યું. તાજેતરમાં જ પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં પણ ભાજપની બેઠકોમાં ઘટાડો નોંધાયો હતો. આ ઉપરાંત એવી પણ અટકળો લગાવવામાં આવી રહી છે RSS (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) ભાજપ સાથે અજીત પવારના ગઠબંધનથી ખુશ નથી. પ્રાપ્ત માહિતી પ્રમાણે મુખ્યમંત્રી એકનાથ શિંદેને ભાજપની મદદથી સત્તામાં પાછા ફરવાનો વિશ્વાસ છે. જોકે એક અહેવાલ પ્રમાણે ભાજપ પોતાના પ્રદર્શનથી ચિંતિત નજર આવી રહી છે. અહેવાલ પ્રમાણે ભાજપ દ્વારા કરાવવામાં આવેલ આંતરિક સર્વે સંકેત આપી રહ્યો છે કે પાર્ટી ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી માત્ર ૫૫ થી ૬૫ બેઠકો પર જ જીત હાંસલ કરી શકશે. જોકે ૨૦૧૪માં આંકડો ૧૨૨ અને ૨૦૧૯માં ૧૦૫ હતો. બીજી તરફ મહાયુતીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો વિસ્તાર પણ તુટી રહ્યો છે. તાજેતરમાં જ પિમ્પરી ચિંચવાડ પ્રમુખ અજીત ગવ્હાણે સહિત અનેક નેતાઓએ NCPને અલવિદા કહી દીધું હતું. અહેવાલ પ્રમાણે RSS ભાજપ અને અજીત પવારના ગઠબંધનના પક્ષમાં નથી. આ અગાઉ પણ ઓર્ગેનાઈઝરમાં લોકસભા ચૂંટણીમાં ભાજપના ખરા પ્રદર્શનનું કારણ અજીત પવારને ગણાવ્યા હતા.

### શ્રીકૃષ્ણ જન્મભૂમિ કેસમાં હાઈકોર્ટ તરફથી મુસ્લિમ પક્ષને ઝટકો

## અલ્હાબાદ હાઈકોર્ટે હિંદુ પક્ષની અરજીને સુનાવણી માટે યોગ્ય ગણી

**સમગ્ર મામલામાં ટ્રાયલ ચાલશે : હાઈકોર્ટે શાહી ઈદગાહ મસ્જિદ ટ્રસ્ટના ઓર્ડર ૭, R-11ની અરજીને ફગાવી**

| (એજન્સી) અલ્હાબાદ, તા.૧ |

મથુરાના શ્રી કૃષ્ણ જન્મભૂમિ કેસમાં કાનુનીસ્તરે હિન્દુ પક્ષને મોટી જીત મળી છે. અલ્હાબાદ હાઈકોર્ટે શાહી ઈદગાહ મસ્જિદ ટ્રસ્ટના ઓર્ડર ૭ નિયમ-૧૧ની અરજીને ફગાવી દીધી છે. જસ્ટિસ મયંક કુમાર જૈનની સિંગલ બેન્ચે આ ચુકાદો આપ્યો છે. સીપીસીના ઓર્ડર ૭ નિયમ ૧૧ હેઠળ મુસ્લિમ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આ નિર્ણય આવ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે હિંદુ પક્ષની અરજીને સુનાવણી માટે યોગ્ય ગણી છે. હવે સમગ્ર મામલામાં ટ્રાયલ ચાલશે. કોર્ટના નિર્ણયનો અર્થ એ છે કે હિંદુ પક્ષની અરજીઓ પર કોર્ટમાં સુનાવણી થઈ શકે છે. હિન્દુ પક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા જાળવણીના પ્રશ્ન



ઉપર મુસ્લિમ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને હાઈકોર્ટે ફગાવી દીધી હતી. અગાઉ ૬ જૂને સુનાવણી પૂરી થયા બાદ હાઈકોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. શ્રી કૃષ્ણ જન્મભૂમિ અને મથુરાની શાહી ઈદગાહ સંબંધિત કુલ ૧૫ અરજીઓ પર કોર્ટનો ચુકાદો આવ્યો છે.

# સાણંદ તાલુકાના કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ શીખ્યા સ્વરક્ષણના પાઠ

## જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૧ થી ૫ ઓગસ્ટ સુધી સ્વરક્ષણ તાલીમ અપાશે

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) ખાતે 'નારી વંદન' સપ્તાહ ઉજવણી અંતર્ગત સ્વ-રક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તથા જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીની સુરક્ષાસેતુ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે સતત પાંચ દિવસ, તા. ૧ થી ૫ ઓગસ્ટ સુધી આ સ્વરક્ષણ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સ્વરક્ષણ તાલીમમાં અંદાજિત ૧૦૦ જેટલી વિદ્યાર્થિનીઓ ભાગ લઈ રહી છે. આ તાલીમમાં તેમને હથેળી દ્વારા હુમલો કરનારના મોં પર પ્રહાર કરવો, હથેળી દ્વારા સોલાર પોઈન્ટ પર પ્રહાર કરવો, હથેળી દ્વારા ગ્રોઈંગ પર પ્રહાર કરવો, કોણી દ્વારા મોં પર પ્રહાર કરવો, કોણી દ્વારા પેટ પર પ્રહાર કરવો, કોણી દ્વારા સોલાર પોઈન્ટ પર પ્રહાર કરવો, હુમલો કરનાર હાથ પકડે ત્યારે ડિફેન્સ કરીને પ્રહાર કરવો, હુમલાખોર પાછળથી પકડે ત્યારે શું કરવું? વગેરે બાબતોની તાલીમ આપવામાં આવશે.

ઉપરોકત કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી જીગરભાઈ જસાણી, ફિલ્ડ ઓફિસર શ્રી આશાબેન દેસાઈ, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વુમન ટીમના જેન્ડર સ્પેશિયલિસ્ટ શ્રી જીતેશ સોલંકી, KGBVના વોર્ડન શ્રી જ્યોત્સનાબેન, શ્રી સોનલબેન ખરાડી તેમજ મોટી સંખ્યામાં શાળાની વિદ્યાર્થિનીઓ હાજર રહી હતી.





# હવે ગુજરાતમાં બનશે સિંહ અને દીપડાના સફારી પાર્ક

। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

ગુજરાતમાં કચ્છના કચ્છના સફેદ રણ તથા દીવના દરીયા કિનારાના પ્રવાસે જતા લોકો હવે જંગલ સફારી પણ માણી શકશે. આમ ગુજરાતના પ્રવાસના આકર્ષણના ભાથામાં વધુ એક છોગું ઉમેરાયું છે. ગુજરાતમાં પ્રવાસનને વેગ આપવા માટે સિંહ-દીપડાના સફારી પાર્ક બનાવવાની રાજય સરકારની દરખાસ્તને ઝૂ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ સ્વીકૃતિ આપી દીધી છે. હરવાફરવાના શોખીનો અને આજીવન પ્રવાસી ગુજરાતીઓ માટે આનંદના સમાચાર છે. ગુજરાતમાં કચ્છના કચ્છના સફેદ રણ તથા દીવના દરીયા કિનારાના પ્રવાસે જતા લોકો હવે જંગલ સફારી પણ માણી શકશે. આમ ગુજરાતના પ્રવાસના આકર્ષણના ભાથામાં વધુ એક છોગું ઉમેરાયું છે. ગુજરાતમાં પ્રવાસનને વેગ આપવા માટે સિંહ-દીપડાના સફારી પાર્ક બનાવવાની રાજય સરકારની દરખાસ્તને ઝૂ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ સ્વીકૃતિ આપી દીધી છે. સાસણમાં દેવળીયા પાર્કના ધોરણે આ પ્રકારની સફારી કચ્છમાં નારાયણ સરોવર તથા ગીર સોમનાથમા ઉના તાલુકાના નલીયા-માંડવીમાં વિકસાવાશે.

રાજયના વન વિભાગનાં જ પ્રિન્સીપાલ ચીફ કન્ઝર્વેટર નિત્યાનંદ શ્રીવાસ્તવે જણાવ્યુ હતું કે, રાજય સરકારની દરખાસ્તને સેન્ટ્રલ ઝૂ ઓથોરીટીએ મંજૂરી આપી દીધી છે.જંગલની જમીન પર અભ્યારણ ઉભા કરવાના હોવાથી હવે સુપ્રીમ કોર્ટમાં દરખાસ્ત કરાશે. સર્વોચ્ચ અદાલતે અગાઉ જંગલની જમીનમાં ઝૂ કે સફારી પાર્ક બનાવવા માટે કોર્ટની પરવાનગી અનિવાર્ય બનાવતો આદેશ કર્યો હતો.

કચ્છના ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ સંદિપકુમારે જણાવ્યું હતું કે, નારાયણ સરોવર સફારી પાર્કથી પ્રવાસનને નવુ બળ મળશે.લોકો સિંહ-દિપડા જેવા વન્ય પ્રાણીઓને વિહરતા નિહાળી શકશે. ઉના તાલુકાનું નલીયા-માંડવી દીવથી ૮ કીમી થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અગાઉ જ ત્યાં સફારી પાર્ક બનાવવાની જાહેરાત કરી હતી. બન્ને સફારી પાર્ક જંગલ ખાતાની ૪૦૦-૪૦૦ હેકટર જમીન પર બનાવવામાં આવશે.

રાજય સરકારે ગત માર્ચ મહિનામાં જ વન્યપ્રાણી સંક્રમણ યોજના હેઠળ રાજયમાં જુદા જુદા સફારી પાર્ક બનાવવાની જાહેરાત કરી હતી. સફારી પાર્કમાં કોઈ એક જ પ્રજાતિનાં વન્ય પ્રાણી રાખવાની નીતિથી આગળ વધીને વધુ પ્રજાતિનાં વન્યપ્રાણી રાખવાનો નિર્ણય લીધો હતો જેના કારણે પ્રવાસીઓ જુદા જુદા પ્રાણીને નિહાળવાનો રોમાંચ ઉઠાવી શકે. સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી દ્વારા કચ્છના બન્ની વિસ્તારમાં ચિતા માટે બ્રિડીંગ સેન્ટર શરૂ કરવાની દરખાસ્તને પણ મંજુરી આપી દેવામાં આવી છે.

# ગાંધીનગર LCBના PIને DGP કોમેંડેશન ડિસ્ક એવોર્ડથી સન્માન

## રાજ્યના પોલીસ વડા દ્વારા રાજ્યના ૧૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ડીજીપી કોમેંડેશન ડિસ્ક એવોર્ડ એનાયત કરવામાં આવ્યા



। (એજન્સી) ગાંધીનગર, તા.૧ ।

રાજ્યમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૧૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ગાંધીનગરમાં સ્થિત ગુજરાત પોલીસ એકેડમી ખાતે ડીજીપી કોમેંડેશન ડિસ્ક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

રાજ્યમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ૧૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ગાંધીનગરમાં સ્થિત ગુજરાત પોલીસ એકેડમી ખાતે ડીજીપી કોમેંડેશન ડિસ્ક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. દરમિયાન ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર ડી.બી.વાલા,એચ.પી.પરમાર અને PSI વિશાલ શાહને પણ ચકચારી ગુનાઓ શોધી કાઢવામાં મહત્વની ભૂમિકા ભજવવા બદલ કોમેંડેશન ડિસ્ક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ડીજીપી કોમેંડેશન ડિસ્ક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. રાજ્યના પોલીસ વડા દ્વારા રાજ્યના ૧૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ડીજીપી કોમેંડેશન ડિસ્ક એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગાંધીનગર કરૈની પોલીસ એકેડમી ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ પસંદગી પામેલા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા છે.

સુભાષ ત્રિવેદી, આર.બી.બ્રહ્મભટ્ટ અધિક પોલીસ મહાનિર્દેશક, રૂપલ સોલંકી પોલીસ અધિક્ષકે ગોલ્ડ મેડલ મળ્યા છે. તો ADGP, IGP, DIGP અને SP કક્ષાના કુલ ૧૩ અધિકારીઓને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યા છે. જ્યારે પીઆઈ, પીએસઆઈ, એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ અને અન્ય પીસી કક્ષાના પોલીસ કર્મચારીઓ સહિત ૧૩ ડીવાયએસપી અધિકારીઓને મેડલ એનાયત કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈડીબી વાળા અને એચ.પી.પરમારનો સમાવેશ થાય છે.

## પૈસા વસૂલવા માટે નકલી દસ્તાવેજો બનાવવાનો આરોપ મૂક્યો

# સટોડિયા ખેડૂત પાસેથી રૂપિયા વસૂલવા રૂ. ૨.૪૫ કરોડની નકલી નોટિસ ફટકારી

## ધાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ધાકધમકીઓ, ખંડણી અને બનાવટનો આરોપ મૂકીને પોલીસ ફરિયાદ નોંધાવી

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧ ।

સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રાના તેજસ ગઢિયાએ શનિવારે રૂપાલ ગામના પરેશ રબારી અને ઝાકીર હુસૈન વ્હોરા વિરુદ્ધ ધાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ધાકધમકીઓ, ખંડણી અને બનાવટનો આરોપ મૂકીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ઓનલાઈન ક્રિકેટ સટ્ટાબાજીના વ્યસની ૨૪ વર્ષીય ખેડૂતે બે વ્યક્તિઓ પર તેમની પાસેથી દેવાના પૈસા વસૂલવા માટે નકલી દસ્તાવેજો બનાવવાનો આરોપ મૂક્યો છે. સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રાના તેજસ ગઢિયાએ શનિવારે રૂપાલ ગામના પરેશ રબારી અને ઝાકીર હુસૈન વ્હોરા વિરુદ્ધ ધાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ધાકધમકીઓ, ખંડણી અને બનાવટ નો આરોપ મૂકીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, ગઢિયા ફેબ્રુઆરીમાં ઓનલાઈન સટ્ટાબાજીમાં ફસાઈ ગયો હતો. રબારીએ તેને ક્રિકેટ મેચ માટે ૫ લાખ રૂપિયાની ક્રેડિટ આપી હતી. તેણે બે દિવસમાં આખી રકમ ગુમાવી દીધી. ગઢિયાએ રબારીને તેના પિતાની સહી કરેલો રૂ. ૫.૫ લાખનો ચેક આપ્યો હતો જેમાં રૂ. ૫ લાખ રાખવા અને બાકીના રૂ. ૫૦,૦૦૦ એક પરેશ વરમોરાને આપવા સૂચના આપી હતી. રબારીએ સટ્ટાબાજી માટે ફરીથી ૪.૫ લાખ રૂપિયાની ક્રેડિટ ગઢિયાને આપી, જે તે થોડા દિવસોમાં હારી ગયો. રબારીએ વધુ ધિરાણ આપવાનો ઈનકાર કર્યો હતો અને જો તે તેને ચૂકવવામાં નિષ્ફળ જશે તો ગઢિયાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ગઢિયાએ પોતાના જીવના ડરથી રબારીને તેના પિતાની ચેકબુકમાંથી એક કોરો ચેક આપ્યો હતો, જેમાં પાછળથી રોકડની વ્યવસ્થા કરવાનું વચન આપ્યું હતું. જો કે, રબારીએ ચેક પર બળજબરીથી ગઢિયાના પિતાની સહી લીધી હતી. બાદમાં ગઢિયાએ તેના પિતા સમક્ષ કબૂલાત કરી હતી કે તે ક્રિકેટના સટ્ટામાં રૂ. ૫ લાખ હારી ગયો હતો અને રબારીને રૂ. ૪.૫ લાખ આપવાના હતા. ત્રણ મહિના પછી, ગઢિયાના પિતાને તેમની બેંકમાંથી ચેક રિટર્ન નોટિસ મળી. ચેકની સાથે નોટિસમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગઢિયાના પિતાએ નવેમ્બર ૨૦૨૨થી એપ્રિલ ૨૦૨૩ વચ્ચે ૨.૪૫ કરોડ રૂપિયાનું કાપડ ખરીદ્યું હતું. જે ખેડૂતોએ ક્યારેય કાપડનો સોદો કર્યો નથી, તેઓને ખબર પડી કે નોટિસ નકલી છે. જેના પગલે ગઢિયાએ રબારી અને તેના સાથીદાર ઝાકીર હુસૈન વ્હોરા સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. રબારીએ સટ્ટાબાજી માટે ફરીથી ૪.૫ લાખ રૂપિયાની ક્રેડિટ ગઢિયાને આપી, જે તે થોડા દિવસોમાં હારી ગયો.

## નાગપુર જિલ્લાનું વહીવટીતંત્ર ટૂંક સમયમાં સુરતની મુલાકાત લેશે

# નાગપુરમાં ટ્રાફિકની વ્યવસ્થા સુધારવા સુરતના મોડેલનો અભ્યાસ કરાશે

। (એજન્સી) સુરત, તા.૧ ।

સુરતમાં બદલાઈ રહેલી ટ્રાફિક વ્યવસ્થાનું મોડેલનું નાગપુર પણ અનુકરણ કરશે. સુરતમાં છેલ્લા મહિનાઓમાં ટ્રાફિક વ્યવસ્થાપન માટે ટીઆરબીના જવાનોથી માંડી, સમગ્ર શહેરમાં સીસી કેમેરાના નેટવર્કથી ઓનલાઈન મોનિટરિંગ સાથે સંકલન કરી ઊભી ટ્રાફિક સિગ્નલની વ્યવસ્થા અમલી બની છે. તેના સારા પરિણામો પણ જોવા મળી રહ્યાં છે.

આ હકીકતથી પ્રેરાઈને કેન્દ્રીય રોડ પરિવહન મંત્રી નિતીન ગડકરીએ નાગપુરના વહીવટી તંત્ર અને પોલીસ તંત્રને સુરતની વ્યવસ્થા નો અભ્યાસ કરવા માટે તાકીદ કરી છે. એ જોતા ટ્રાફિક વ્યવસ્થાનો અભ્યાસ કરવા અને સંભવિત પણે તેનો અમલ કરવા નાગપુર જિલ્લાનું વહીવટીતંત્ર ટૂંક સમયમાં સુરતની મુલાકાત લેશે. રવિવારે નાગપુરમાં કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીની આગેવાની હેઠળ જિલ્લાની સમીક્ષા બેઠક મળી હતી. બેઠકમાં નાગપુર જિલ્લામાં ટ્રાફિકની ગંભીર સ્થિતિ, અકસ્માતના વધતા બનાવો અને સલામતીના પગલાં ઉપર ઉંડાણપૂર્વકની ચર્ચા થઈ હતી.

આ બેઠકમાં નાગપુર જિલ્લાના કલેક્ટર ડો. બિપિન ઈટનકર, પોલીસ કમિશનર ડો. રવિન્દ્ર સિંઘલ, મ્યુનિસિપલ કમિશનર ડો. અભિજિત ચૌધરી અને અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી ગડકરીએ અકસ્માત સંભવિત વિસ્તારોને ઓળખવા માટે બ્લેક સ્પોટ શોધી કાઢ્યા હોવાની વહીવટી તંત્રને બિરદાવી હતી પરંતુ સાથે તેમણે સુરત શહેરમાં સુરત મહાનગર પાલિકા અને પોલીસ વિભાગના સંકલનમાં લેવાયેલા પગલાંઓ એને તેના મળી રહેલા સારા પરિણામોની પણ ચર્ચા કરી હતી. મિડીયા અહેવાલો મુજબ ગડકરીએ રોંગ સાઈડ ઉપર વાહન હંકારવાનું અટકાવાય અને નિયમ પાલન માટે કાયદાનો ડર નહીં આવે ત્યાં સુધી રોડસેફ્ટી મુશ્કેલ મુદ્દો બની રહે તેવો અભિપ્રાય આપ્યો હતો. જોકે, તેમણે બેઠકમાં સુરતનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, સુરતની ટ્રાફિક વ્યવસ્થામાં ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટની ભૂમિકા જે ટીઆરબી જવાનોનું અસરકારક સંચાલન કરે છે. તેનો અને હાલમાં સુરતમાં જે સીસી કેમેરાના નેટવર્કથી શહેરના તમામ સિગ્નલ ઉપર ઓનલાઈન મોનિટરિંગ સાથેની સિગ્નલિંગ સિસ્ટમનું ઉદાહરણ આપ્યુ હતું. સુરતને આ વ્યવસ્થાથી સારા પરિણામો મળી રહ્યાં હોઈ તેનો અભ્યાસ કરવા નાગપુરની ટીમ સુરત મુલાકાત લે તેવી તાકીદ કરી હતી. નાગપુરના વહીવટી તંત્રની એક ટીમ તેમની સુરતના ટ્રાફિક મેનેજમેન્ટની પેટર્નનો અભ્યાસ કરવા સુરતની મુલાકાત લેશે.

# ધોરણ ૧૨ પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે મોટું અપડેટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જ ધો. ૧૨ સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેની ગુણચકાસણીની અરજી ક્યાં સુધી કરવી તે બાબતે બોર્ડ દ્વારા પરિપત્ર જાહેર કરાયો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની જૂન-જુલાઈ (પૂરક)-૨૦૨૪ પરીક્ષાનું પરિણામ તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ જાહેર થયેલ છે. જે ઉમેદવારો ગુણચકાસણીની અરજી કરવા ઈચ્છતા હોય તેઓ બોર્ડની વેબસાઈટ www.gseb.org- hsc.gseb.org પર તા.૩૧/૦૭/૨૦૨૪ ના રોજ બપોરના ૧૪:૦૦ કલાકથી તા. ૦૬/૦૮/૨૦૨૪ ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી અરજી કરી શકશે. ગુણચકાસણીની અરજીઓ ફક્ત ઓનલાઈન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.

# ધોરણ ૧૨ પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે મોટું અપડેટ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં જ ધો. ૧૨ સામાન્ય તેમજ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેની ગુણચકાસણીની અરજી ક્યાં સુધી કરવી તે બાબતે બોર્ડ દ્વારા પરિપત્ર જાહેર કરાયો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ. પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની જૂન-જુલાઈ (પૂરક)-૨૦૨૪ પરીક્ષાનું પરિણામ તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ જાહેર થયેલ છે.

## વિશેષ

## 'રીંગણા વાવવાનો ખર્ચ ઠીંગણો અને આવક કદાવર...'

# રાસાયણિક ઝેર ખાવું નહીં અને ખવડાવવું નહીંના ધ્યેય સાથે મેં પ્રાકૃતિક ખેતી અપનાવી : અકબરભાઈ

। (માહિતી) અમદાવાદ ।

'રાસાયણિક ખાતરો અને દવાઓથી જમીનની સાથે માનવ શરીરને મોટું નુકસાન થાય છે, એટલે રાસાયણિક ઝેર ખાવું નહીં અને ખવડાવવું નહીં. રાસાયણિક ખાતરથી પાકના ઉત્પાદન મેળવવામાં પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાતર, બિયારણ અને ઉત્પાદન સારું થતું ન હતું. પરંતુ પ્રાકૃતિક ખેતીથી ખર્ચાળ વસ્તુઓ ઓછી થઈ અને ગુણવત્તાસભર પાક સારો મળી રહ્યો છે. એટલે મેં પ્રાકૃતિક ખેતી અપનાવી છે...' આ શબ્દો છે તેલાવ ગામના ખેડૂત શ્રી અકબરઅલી બાબુભાઈ મોમીનના..



અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના તેલાવ ગામમાં રહેતા ખેડૂત શ્રી અકબરઅલી બાબુભાઈ મોમીને વર્ષ ૨૦૨૨થી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કર્યું છે. તેઓ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરે છે. દેશી ગાયનું ગૌમૂત્ર, છાણ વગેરેનો ઉપયોગ કરીને પ્રાકૃતિક ખેતી કરતા શ્રી અકબરઅલી મોમીન સિઝનલ શાકભાજીના પાક વડે સારી આવક મેળવે છે. સંયુક્ત પરિવારમાં રહેતા અકબરભાઈ લગભગ ૧૨ વીઘા જેટલી સંયુક્ત જમીન ધરાવે છે. તે પૈકી માત્ર ૨ વિઘા જમીનમાં તેમણે રીંગણી વાવી છે અને માત્ર બે વીઘામાંથી ત્રણ- ચાર માસ જેટલા ટૂંકા ગાળામાં રૂપિયા અઢી (૨.૫) લાખ જેટલી આવક મેળવી છે, આખા વર્ષ દરમ્યાન તેઓ અંદાજે ૬ લાખ જેટલી આવક મેળવે છે. રાસાયણિક ખાતરો અને દવાઓથી જમીનની સાથે માનવ શરીરને મોટું નુકસાન થાય છે એ વાત અકબરભાઈને સમજાતાં તેમણે આ ઝેરી ખેતીને તિલાજંલિ આપી પ્રાકૃતિક ખેતી અપનાવી છે. આ અંગે તેઓ જણાવે છે કે, તેઓ છેલ્લાં ઘણા વર્ષોથી પરંપરાગત ખેતી કરતા હતા, પરંતુ આ ખેતીમાં વાપરવા પડતાં રાસાયણિક ખાતરને કારણે પાકની ગુણવત્તા મળતી નહતી અને ખર્ચ પણ વધુ થતો હતો. સાથે સાથે રાસાયણિક ખાતરથી થતા અસાધ્ય રોગ અંગે પણ તેઓ જાગૃત છે. આ ભયાનક રોગો અને તેનાપરિણામથી ચિંતિત અકબરભાઈ સંકલ્પ લીધો કે, 'રાસાયણિક ઝેર ખાવું નહીં અને ખવડાવવું નહીં...' રાસાયણિક ખાતરથી પાકના ઉત્પાદન મેળવવામાં પણ ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાતર, બિયારણ અને ઉત્પાદન સારું થતું ન હતું. પરંતુ પ્રાકૃતિક ખેતીથી ખર્ચાળ વસ્તુઓ ઓછી થઈ અને પાક સારો મળી રહ્યો છે. તેઓ જણાવે છે કે, તેમની આવકમાં અનેક ગણો વધારો થયો છે.

જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી હિતેષ પટેલ જણાવે છે કે, 'અમદાવદ જિલ્લામાં કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આત્મા, ખેતીવાડી, બાગાયત વિભાગના ક્ષેત્રીય અધિકારીશ્રી/ કર્મચારીશ્રીની સંયુક્ત ટીમ મારફત તેમજ ૫ ગામ દીઠ જિલ્લામાં ૧૦૦ જેટલા ક્લસ્ટરની રચના કરી, ખેડૂતોને ઘનિષ્ટ તાલીમ આપવાની કામગીરીની ફલશ્રુતિ રૂપે અમદાવાદ જિલ્લામાં હાલ લગભગ ૧૬ હજાર જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે, અને અંદાજે ૧૩ હજાર એકર જેટલી જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. ગુજરાતના રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી માટે જે રાજ્યવ્યાપી ઝુંબેશ ઉપાડી છે, તેના લીધે હજારો ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. રાજ્ય સરકાર તરફથી તેમને ઘણી યોજનાઓનો લાભ મળ્યો છે. જેનાથી આર્થિક ટેકો થતા પ્રાકૃતિક કૃષિને વેગ તો મળ્યો જ છે, પરંતુ તેના પગલે લોકોને અનેક ભયાનક રોગોમાંથી મુક્તિ પણ મળી છે.' એમ તેમણે ઉમેર્યું હતું. અકબરભાઈ ખેતીની વાત કરતા જણાવે છે કે, તેઓ પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી કરી સીઝનલ શાકભાજી ઉગાડે છે. પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી ત્યારથી તેમનો ખર્ચ ઓછો થયો છે અને ઉત્પાદન તથા નફો વધુ થયો છે. તેમના ખેતરમાં ઉગાડેલી શાકભાજીનું સીધું વેચાણ સાણંદ કે અમદાવાદના બજારમાં કરે છે. લોકોને શુદ્ધ વસ્તુ મળતા તેના બજારમાં ભાવ પણ સારા મળે છે જેથી સારો એવો નફો મળે છે. તેઓ જણાવે છે કે, તેમના ખેતરમાં રીંગણીનો પાક સૌથી સારો થયો છે, હવે ક્રમશઃ બાકી રહેલી ૧૦ વિઘા જમીનમાં પણ તેઓ મિક્ષ ખેતી કરવાનું આયોજનકરી ચુક્યા છે. ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા અકબરભાઈ ગાયોના છાણ અને મૂત્રનો ઉપયોગ જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત તેમજ પ્રાકૃતિક ખેતીના પાંચ આધારસ્તંભ એવા આચ્છાદન અને વાપ્સાનો ઉપયોગ કરી પ્રાકૃતિક ખેતી તરફ પ્રયાણ કર્યું છે. પ્રાકૃતિક ખેતીમાં તેમનો પૂરો પરિવાર તેમને સાથ આપે છે.

# અમે માત્ર રીલ બનાવનારા નથી, અમે કામ કરનારા લોકો છીએ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

સંસદમાં કોંગ્રેસના આરોપોનો જવાબ આપતા રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે અમે માત્ર રીલ બનાવનારા નથી, અમે કામ કરનારા લોકો છીએ. રેલવે અકસ્માતો પર વિપક્ષના હોબાળા પર નારાજગી વ્યક્ત કરતા અશ્વિની વૈષ્ણવે કહ્યું કે જે લોકો અહીં બૂમો પાડી રહ્યા છે તેમને પૂછવું જોઈએ કે તેઓ સત્તામાં હતા ત્યારે ૫૮ વર્ષમાં એક કિલોમીટર સુધી પણ ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન (ATP) કેમ લગાવી શક્યા નથી. સંસદમાં બોલતી વખતે વિપક્ષી સાંસદોના હંગામાને કારણે રેલ મંત્રી ગુસ્સે થઈ ગયા હતા. આ દરમિયાન વિપક્ષના સાંસદોને ગુસ્સામાં બેસવા માટે કહેવામાં આવ્યું હતું. હંગામો મચાવતા તેમણે વિપક્ષી સાંસદોને કહ્યું, "ચુપ રહો, બેસો. બેસો. ચાલો કંઈપણ ન બોલો. રેલ્વે મંત્રીએ કહ્યું, "આજે તેઓ આ પ્રશ્ન ઉઠાવવાની હિંમત કરી રહ્યા છે, જ્યારે મમતા બેનર્જી રેલ્વે મંત્રી હતા, ત્યારે આ લોકો ગૃહમાં તાળીઓ પાડતા હતા જ્યારે અકસ્માતનો આંકડો ૦.૨૪ થી ઘટીને ૦.૧૯ પર આવ્યો હતો અને આજે જ્યારે તે ૦.૧૯ થી નીચે ૦.૦૩ પર આવ્યો છે. તેઓ આ પ્રકારનો આરોપ લગાવે છે." અશ્વિની વૈષ્ણવે સ્પીકરને પૂછ્યું કે શું આ દેશ આ રીતે ચાલશે? રેલ મંત્રીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ સોશિયલ મીડિયા પર પોતાની ટ્રોલ આર્મી દ્વારા જુઠ્ઠાણું ફેલાવે છે. તેમણે કહ્યું, "જ્યારે અયોધ્યામાં સ્ટેશનની જૂની દિવાલ પડી ત્યારે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસે તરત જ આ મુદ્દાને ઉપાડ્યો હતો. આવા જુઠ્ઠાણાથી દેશ કેવી રીતે ચાલશે? રોજના બે કરોડ મુસાફરો મુસાફરી કરે છે. શું તેમના મનમાં આ ડર બેસાડવો જોઈએ?" રેલ્વે મંત્રીએ સંસદમાં જણાવ્યું હતું કે અકસ્માતોને રોકવા માટે સમગ્ર દેશમાં માનવરહિત રેલ્વે ક્રોસિંગ બનાવવામાં આવ્યા છે, જ્યાં દર વર્ષે સ્કૂલ બસ અથવા અન્ય કોઈ અકસ્માત થતો હતો. સ્ટેશનોનું સંપૂર્ણ નિયંત્રણ ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ દ્વારા



કરવામાં આવે છે. તે ૧૯૮૦-૯૦ના દાયકામાં વિશ્વના મોટા દેશોમાં શરૂ કરવામાં આવ્યું હતું. કામ ધીમી ગતિએ ચાલી રહ્યું હતું. તેમણે કહ્યું કે ૨૦૧૪માં સરકારમાં આવ્યા બાદ અમે ૨૦૧૫માં ATP વિકસાવવાનો સંકલ્પ કર્યો હતો અને ૨૦૧૬માં કવચની ટ્રાયલ શરૂ થઈ હતી. કોવિડ હોવા છતાં, ૨૦૨૦-૨૧માં વિસ્તૃત ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી, ત્રણ ઉત્પાદકોની ઓળખ કરવામાં આવી હતી અને ૨૦૨૩ માં ત્રણ હજાર કિલોમીટરનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો અને આજે અમે એવી સ્થિતિમાં છીએ જ્યાં બે ઉત્પાદકો જોડાવાના છે, અમે આઠ હજારથી વધુને તાલીમ આપી છે. તેમણે કહ્યું, હવે અમે ૯૦૦૦ કિલોમીટર માટે ટેન્ડર પ્રક્રિયામાં છીએ અને થોડા મહિનામાં તે પાંચ હજાર લોકોમોટિવ્સ પર સ્થાપિત થવાનું શરૂ થઈ જશે. અમારી પાસે લગભગ ૭૦ હજાર કિલોમીટરનું રેલ નેટવર્ક છે. અડધા નેટવર્ક ધરાવતા દેશોએ એટીપી ઈન્સ્ટોલ કરવામાં લગભગ ૨૦ વર્ષનો સમય લીધો હતો. હું તમને ખાતરી આપવા માંગુ છું કે અમે કવચ સ્થાપિત કરવામાં કોઈ કસર છોડીશું નહીં. વિપક્ષ રેલ્વે મંત્રીના રાજીનામાની માંગણી કરી રહ્યા છે વારંવાર થતા રેલ્વે અકસ્માતોને કારણે. તેમનું કહેવું છે કે જ્યારે આટલા રેલ્વે અકસ્માતો થઈ રહ્યા છે ત્યારે રેલ્વે મંત્રીએ રાજીનામું આપવું જોઈએ. છેલ્લા ૧૫ દિવસમાં ૮ રેલ અકસ્માતો થયા છે. જુલાઈ મહિનાની જ વાત કરીએ તો ચંદીગઢ-ડિબ્રુગઢ રેલ દુર્ઘટના ૧૮ જુલાઈના રોજ થઈ હતી, જેમાં ૪ લોકોના મોત થયા હતા અને ૩૧ લોકો ઘાયલ થયા હતા. ગુજરાતના વલસાડમાં ૧૯મી જુલાઈએ માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી, ૨૦મી જુલાઈએ યુપીના અમરોહામાં માલગાડીના ૧૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. ૨૧ જુલાઈએ રાજસ્થાનના અલવરમાં માલગાડીના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. ૨૧ જુલાઈએ જ પશ્ચિમ બંગાળના રાણાઘાટમાં એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી.

૨૬ જુલાઈના રોજ, ઓડિશાના ભુવનેશ્વરમાં એક માલસામાન ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી, ૨૯ જુલાઈએ બિહારના સમસ્તીપુરમાં બિહાર સંપર્ક ક્રાંતિના ડબ્બા અલગ થઈ ગયા હતા અને ૩૦ જુલાઈએ હાવડાથી મુંબઈ જતી પેસેન્જર ટ્રેન ઝારખંડના ચક્રધરપુરમાં પાટા પરથી ઉતરી ગઈ હતી.

## ન્યૂઝ બ્રિફ

### પૂજા ખેડકરની આગોતરા જામીન અરજી ફગાવાઈ

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

બરતરફ ટ્રેઈની IAS ઓફિસર પૂજા ખેડકરને કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. તેમની આગોતરા જામીન અરજી પટિયાલા હાઉસ કોર્ટે ફગાવી દીધી છે. ઉપરાંત, પટિયાલા હાઉસ કોર્ટે UPSCને તપાસ કરવા કહ્યું છે કે શું અન્ય કોઈ ઉમેદવારે નકલી પ્રમાણપત્રોનો ઉપયોગ કરીને અનામતનો અયોગ્ય લાભ લીધો છે કે કેમ. કોર્ટે દિલ્હી પોલીસને UPSCમાંથી કોઈએ પૂજા ખેડકરને મદદ કરી હતી કે કેમ તેની તપાસ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો. કોર્ટે પૂજા ખેડકરની કોર્ટમાં હાજરી પર સવાલ ઉઠાવ્યા હતા. તેણી ગેરહાજર હોવા અંગે પણ કોર્ટે અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટે કહ્યું કે જો આરોપી આખા સત્રમાં એકવાર પણ હાજર રહે તો તેને હંમેશા હાજર ગણવામાં આવશે નહીં. UPSCની ફરિયાદ પર દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે પૂજા ખેડકર વિરુદ્ધ છેતરપિંડીના કેસમાં FIR નોંધી હતી. પૂજા પર યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની સિવિલ સર્વિસ પરીક્ષા, ૨૦૨૨ માટેની અરજીમાં 'ખોટી માહિતી આપવાનો' આરોપ મૂકવામાં આવ્યો હતો. UPSC દ્વારા IAS બનેલી પૂજા ખેડકર મહારાષ્ટ્રમાં ટ્રેઈની ઓફિસર બની હતી. આ દરમિયાન તેમના પર ખાનગી વાહનમાં લાલ લાઈટ, વીવીઆઈપી નંબરનું વાહન માંગવાને આરોપ હતો.

### રેલવેના પાટા પર સાયકલથી માંડી ગેસના બાટલા જેવી જોખમી વસ્તુઓ મૂકનાર ઝડપાયો

**। (એજન્સી) લખનૌ, તા.૧ ।**

યુટ્યુબ પર વીડિયો બનાવીને વ્યુઝ મેળવવા માટે ટ્રેનના પાટા પર સિલિન્ડરથી માંડીને સાયકલ સુધીની વસ્તુઓ રાખનાર ગુલઝાર શેખ આખરે ઝડપાઈ ગયો છે. ગુલઝાર શેખ સામે ફરિયાદ પણ નોંધવામાં આવી છે. ભાજપના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ તેમની ધરપકડની માહિતી આપી છે. શહજાદ પૂનાવાલાએ માહિતી આપતા કહ્યું કે વહીવટીતંત્ર તેમને કોઈપણ કિંમતે છોડશે નહીં. ગુલઝાર શેખ વિરુદ્ધ અનેક કલમો હેઠળ ફરિયાદ પણ નોંધવામાં આવી છે. ગુલઝાર શેખ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૨૪, ૩૨૬ અને ૧૦૯ તેમજ રેલવે એક્ટની કેટલીક કલમો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. આ સિવાય તેના પર IT એક્ટની કલમો પણ લગાવવામાં આવી છે. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે ગુલઝાર શેખના પગલાથી મોટી ટ્રેન દુર્ઘટના થઈ શકે છે અને તે આ વાતથી વાકેફ પણ હતો. ઉલ્લેખનીય છે કે ગુલઝાર શેખના કેટલાક વીડિયો વાયરલ થયા હતા જેમાં તેણે ટ્રેનના પાટા પર અલગ-અલગ વસ્તુઓ રાખી હતી. ગુલઝાર શેખે પોતાને યુટ્યુબ પર 'હેકર' અને 'પ્રયોગકર્તા' ગણાવ્યા છે. યુટ્યુબ પર તેની ગુલઝાર ઈન્ડિયન હેકર નામની ચેનલ છે, જેના ૨.૩૫ લાખ સબસ્ક્રાઈબર્સ છે. ગુલઝાર શેખનો આવો જ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

**મોસાદનું ઈઝરાયલથી ૧૫૦૦ કિ.મી. દૂર ઓપરેશન**

## ઈઝરાયલે૧૫૦૦ કિલોમીટર દૂરથી AIની મદદથી કર્યું આતંકીનું એન્કાઉન્ટર

### આ ઓપરેશનમાં એવી પણ માહિતી સામે આવી છે કે, ઈઝરાયેલે હનીયેહની હત્યા કરવા માટે મોસાદની મદદ લીધી

**। (એજન્સી) જેરૂસેલમ, તા.૧ ।**

ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાનમાં મોટી એરસ્ટ્રાઈક કરીને હમાસના ટોચના કમાન્ડર ઈસ્માઈલ હનીયેહને ફૂંકી માર્યા બાદ ચોંકાવનારી માહિતી સામે આવી છે. એવું કહેવાય છે કે, ઈઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદે ૧૫૦૦ કિલોમીટર દૂરથી તેહરાનમાં હનીયેહને નિશાન બનાવ્યો હતો. ૩૧ જુલાઈએ કરાયેલા આ ઓપરેશનમાં ઈઝરાયલે જ તેને ફૂંકી માર્યો હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે, જોકે હજુ સુધી ઈઝરાયેલે હત્યાની જવાબદારી લીધી છે. બીજીતરફ ઈરાન અને હમાસે તેના મોત પાછળ ઈઝરાયલનો હાથ હોવાનો દાવો કરાયો છે. હમાસના ટોચના કમાન્ડરની હત્યા કરાયા બાદ મોસાદની અને તેના અગાઉના કારનામાઓની ચર્ચાઓ થવા લાગી છે. આ ઓપરેશનમાં એવી પણ



માહિતી સામે આવી છે કે, ઈઝરાયેલે હનીયેહની હત્યા કરવા માટે મોસાદની મદદ લીધી છે. એવું પણ કહેવાય છે કે, મોસાદે તેહરાનમાં હનીયેહને તેના ઘરમાં જ મારવા માટે સ્નાઈપરની મદદ લીધી હતી. આ ઉપરાંત એવી પણ વિગતો સામે આવી છે કે, મોસાદના શૂટરોએ તેહરાનથી ૧૫૦૦ કિલોમીટર દૂરથી આ હત્યાને અંજામ આવ્યો છે. શૂટરોએ ઈઝરાયેલમાં કોઈ અજાણ્યા સ્થલેથી આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સની મદદથી હનીયેહને નિશાન બનાવ્યો છે. મોસાદે તેને મારવા માટે સેટેલાઈટ ઈમેરજની પણ મદદ લીધી હતી. ઈઝરાયેલે બે દિવસની અંદર તેના બે મોટા દુશ્મનોને મોતને ઘાટ ઉતારી દીધા છે. ઈઝરાયેલે બુધવારે લેબનોનમાં વિમાની હુમલો કરી હિઝબુલ્લાના વરિષ્ઠ કમાન્ડર ફુઆદ શુકરને પણ ઠાર કર્યો છે. તેનો મૃતદેહ બેરુતના દક્ષિણી ઉપનગર દહિમાં એક કાટમાળ નીચેથી મળી આવ્યો છે. હનીયેહના મોત પર ઈરાન સહિત ઘણા દેશોએ દુઃખ વ્યક્ત કર્યું છે. આ ઉપરાંત મુસ્લિમ દેશો પણ ભડકી ઉઠ્યા છે. ઈરાને પોતાના દેશમાં આ ઘટના બન્યા બાદ ઈઝરાયલને જાહેરમાં ચેતવણી આપી છે. ઈરાનના ટોચના નેતા અયાતુલ્લા અલી ખામેનેઈએ ઈઝરાયલ પર હુમલો કરવાનો આદેશ જાહેર કર્યો છે. ઈરાનની ટોચની રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે એક ઈમરજન્સી બેઠક બોલાવ્યા બાદ આ આદેશ અપાયો છે. ઈઝરાયલે પણ ઈરાન સાથે લડી લેવાની તૈયારી કરી લીધી છે.

**અમેરિકાના ગ્રીન સિગ્નલ પર હાનિયા અને ફૌદ શુકરનો અંત...**

## ઈઝરાયલની કાર્યવાહી પર સતત કેમ ઉઠાવવામાં આવ્યા સવાલ?

### અત્યારે એક જ પ્રશ્ન સર્વત્ર ગુંજી રહ્યો છે અને તે એ છે કે શું વિશ્વ યુદ્ધની દસ્તક વિશ્વમાં ફરી એકવાર તીવ્ર બની શકે છે

**। (એજન્સી) ઇઝરાયલ, તા.૧ ।**

અત્યારે એક જ પ્રશ્ન સર્વત્ર ગુંજી રહ્યો છે અને તે એ છે કે શું વિશ્વ યુદ્ધની દસ્તક વિશ્વમાં ફરી એકવાર તીવ્ર બની શકે છે. તેનું કારણ એ છે કે ઈઝરાયેલે ઈરાનમાં ઘૂસીને હમાસના વડાને જે રીતે મારી નાખ્યો તે પછી દુનિયા ખળભળાટ મચી ગઈ છે. હમાસના નેતા ઈસ્માઈલ હાનિયાની હત્યા બાદ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેનીએ ઈઝરાયેલને સખત સજા કરવાની પ્રતિજ્ઞા લીધી છે. જ્યારે ઈઝરાયેલ કહી રહ્યું છે કે તે દરેક પરિસ્થિતિ માટે તૈયાર છે. તેણે હજુ સુધી આ હુમલાની જવાબદારી લીધી નથી.હકીકતમાં, મંગળવારે હમાસના વડા ઈસ્લામીલ હાનિયાએ તેહરાનમાં ઈરાનના સર્વોચ્ચ નેતાઓ સાથે મુલાકાત કરી હતી. તેઓ ઈરાનના નવા રાષ્ટ્રપતિ મસૂદ પેજેશ્કિયનના શપથ ગ્રહણમાં



હાજરી આપવા આવ્યા હતા. થોડા કલાકો પછી તેહરાનમાં ઈઝરાયેલના હુમલામાં તે માર્યો ગયો. ઑક્ટોબર ૭ ના રોજ ઈઝરાયેલ પરના સૌથી મોટા આતંકવાદી હુમલા પછી, ઈસ્માઈલ હાનિયાએ હુમલાનું લાઈવ ફીડ જોયું અને મહિલાઓ અને બાળકો સહિત ઈઝરાયેલી નાગરિકો પર હમાસના હુમલાની ઉજવણી કરી.ત્યારે ઈઝરાયેલે કહ્યું હતું કે ૭ ઓક્ટોબરના ગુનેગારો ચાલતી લાશો હતા. આજે નહીં તો કાલે તેમનો અંત આવશે. ઈઝરાયેલ પોતાના દુશ્મનોને એક પછી એક ખતમ કરી રહ્યું છે. ઈઝરાયેલનું આ નિવેદન બુધવારે સાચું સાબિત થયું અને હમાસના ચીફને સૌથી સુરક્ષિત કિલ્લામાં મારવામાં આવ્યો. હાનિયા કતારમાં રહેતી હતી પરંતુ ઈરાન આવી ગઈ હતી. હમાસ ચીફ ઈસ્માઈલ હાનિયાની હત્યા અંગે સરકારી સમાચાર એજન્સી અનુસાર, હાનિયાના ઠેકાણા પર ગાઈડેડ મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો હતો. હાનિયા ઉત્તરી તહેરાનમાં એક ઘરમાં રહેતી હતી. ઈરાની સેના તે જગ્યાને શોધવામાં વ્યસ્ત છે.ઈસ્માઈલ હાનિયા સહિત હમાસના તમામ મોટા નેતાઓ ૬ વર્ષથી કતારમાં રહે છે. હમાસના કતાર સાથે સારા સંબંધો છે. જો કે, ૩ મહિના પહેલા, અહેવાલો આવવા લાગ્યા હતા કે કતાર યુદ્ધમાં ધ્યાન કરવાથી કંટાળી ગયું છે. આ કારણે હમાસના નેતાઓ ઓમાન શિફ્ટ થવાની યોજના બનાવી રહ્યા હતા પરંતુ તે પહેલા જ હનિયાની હત્યા થઈ ગઈ હતી.

**AAP સાંસદે રાજ્યસભામાં કરી મોટી માંગ**

## ચૂંટણી લડવાની ઉંમર ૨૫ થી ઘટાડીને ૨૧ વર્ષ કરવામાં આવે

### દેશમાં ૧૮ વર્ષનો યુવક સરકાર પસંદ કરી શકે છે, તો ૨૧ વર્ષની ઉંમરે ચૂંટણી કેમ ન લડી શકે : રાઘવ ચઢ્ઢા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

આમ આદમ પાર્ટીના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢાએ આજે ગુરુવારે કહ્યું કે આજે જે મુદ્દા પર હું બોલવા માંગુ છું તે મારા દિલની નજીક છે. રાજકારણમાં યુવાનોની ભાગીદારી પર બોલતા તેમણે કહ્યું કે ભારત વિશ્વનો સૌથી યુવા દેશ છે. દેશની સરેરાશ ઉંમર માત્ર ૨૯ વર્ષ છે. ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી વયની છે. જ્યારે અડધી વસ્તી ૨૫ વર્ષથી ઓછી વયની છે. શું આપણા નેતાઓ કે પ્રતિનિધિઓ આટલા યુવાન છે? તમને જાણીને નવાઈ લાગશે કે જ્યારે પહેલી લોકસભાની ચૂંટણી થઈ ત્યારે લોકસભામાં ૨૬ ટકા લોકો ૪૦ વર્ષથી ઓછી ઉંમરના હતા. ૧૭મા લોકસભામાં માત્ર ૧૨ ટકા નેતાઓની ઉંમર ૪૦ વર્ષથી ઓછી હતી. રાઘવ ચઢ્ઢાએ કહ્યું, "જેમ આપણો દેશ યુવાન બની રહ્યો છે, તે જ પ્રમાણમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ



યુવાનોથી દૂર જઈ રહ્યા છે. આજે આપણા યુવા દેશને વૃદ્ધ રાજકારણીઓ દ્વારા ચલાવવામાં આવે છે. જ્યારે દેશને યુવા રાજકારણીઓની જરૂર છે." તેમણે કહ્યું કે આજે દેશમાં રાજકારણને ખરાબ વ્યવસાય માનવામાં આવે છે. માતા-પિતા ઈચ્છે છે કે તેમનો દીકરો એન્જિનિયર, ડૉક્ટર અને સાયન્ટિસ્ટ, ઓફિસર, સ્પોર્ટ્સપર્સન બને, પરંતુ કોઈ નથી ઈચ્છતું કે તેમનું બાળક રાજકારણી બને. તેમણે સૂચન કર્યું કે દેશમાં ચૂંટણી લડવાની ઉંમર ૨૫ વર્ષ છે. પછી તે લોકસભા હોય કે વિધાનસભા.

**વિપક્ષે સરકારની મજાક ઉડાવી**

## કરોડોના ખર્ચે બનાવેલી નવી સંસદમાં પાણી ટપકવા લાગ્યું

### સપા અધ્યક્ષ અખિલેશ યાદવે વીડિયો શેર કરતા કટાક્ષ કર્યો હતો કે, નવી સંસદથી સારી તો જૂની સંસદ હતી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।**

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે નવી સંસદ ભવનમાં પાણી ટપકવાના મુદ્દે ધારદાર પ્રહારો કર્યા છે. હકીકતમાં જોઈએ તો, સંસદ ભવનમાં પાણી ટપકવાનો મામલ સામે આવ્યો છે. બુધવારે દિલ્હીમાં થયેલા ભારે વરસાદ બાદ સંસદ ભવનના એક ગુંબજમાંથી પાણી ટપકતું દેખાયું હતું. તેના માટે સંસદ ભવનના ફ્લોર પર ડોલ રાખવામાં આવી હતી. પાણી ટપકીને ડોલમાં પડી રહ્યું હતું. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરતા સમાજવાદી પાર્ટી અધ્યક્ષ અખિલેશ યાદવે કટાક્ષ કર્યો હતો. સાથે જ ફરીથી જૂના સંસદ તરફ જવાની વાત કહી હતી. સપા અધ્યક્ષે મોદી સરકારને ટાર્ગેટ કરતા જોવા મળ્યા હતા. તેની ડિઝાઈન પર સવાલો ઊભા કર્યા હતા.



સાથે જ નિર્માણમાં ગરબડ થઈ હોવાની વાત તરફ પણ ઈશારો કર્યો હતો. સપા અધ્યક્ષ અખિલેશ યાદવે સોશિયલ મીડિયા એક્સ પર સંસદ ભવનમાં ટપકતા પાણીનો વીડિયો શેર કરતા કટાક્ષ કર્યો હતો. તેમણે લખ્યું કે, નવી સંસદથી સારી તો જૂની સંસદ હતી. જ્યાં જૂના સાંસદ પણ આવીને મળી શકતા હતા. જૂની સંસદ તરફ જઈ, કમસે કમ ત્યાં સુધી જ્યાં સુધી અબજો રૂપિયાથી બનેલી સંસદમાં પાણી ટપકવાનો કાર્યક્રમ ચાલી રહ્યો છે. અખિલેશે સવાલ કર્યો કે, જનતા પૂછી રહી છે.

## કમલા હેરિસ તો ભારતીય હતા, અચાનક જ અશ્વેત થઈ ગયા

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧ ।**

અમેરિકામાં આ વર્ષે યોજાનારી ચૂંટણી ભારે રસપ્રદ બની રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પનો સામનો હવે જો બાઈડન સામે નથી થવાનો. ટ્રમ્પને હવે કમલા હેરિસ તરફથી ટક્કર મળી રહી છે જેઓ ડેમોક્રેટિક તરફથી પ્રમુખ પદના સંભવિત ઉમેદવાર છે. જેના કારણે ભૂતપૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે હેરિસ પર પ્રહારો શરૂ કરી દીધા છે. ટ્રમ્પે બુધવારે અશ્વેત પત્રકારો સમક્ષ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસની અશ્વેત મહિલા તરીકેની ઓળખ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, તેમના હરીફે રાજકીય લાભ મેળવવા માટે વંશીય મુદ્દાને અપનાવ્યો છે. ટ્રમ્પે કહ્યું હતું કે, હેરિસ તમામ રીતે ભારતીય હતી અને પછી અચાનક તેઓ એક અશ્વેત



મહિલા બની ગઈ. હેરિસની માતા ભારતી અમેરિકન હતા અને તેમના પિતા એક અશ્વેત હતા અને હેરિસ હંમેશા પોતાને અશ્વેત મહિલા તરીકે ઓળખાવે છે. કમલા હેરિસે લાંબા સમયથી તેમની બ્લેક અને સાઉથ એશિયન બંને ઓળખ સ્વીકારી છે. તેમણે હાવર્ડ યુનિવર્સિટીમાં હાજરી આપી જે એક ઐતિહાસિક રીતે અશ્વેત સંસ્થા છે. ત્યાં તેમણે આલ્ફા કપ્પા આલ્ફાનું વચન આપ્યું હતું, જે બ્લેક કોલેજની મહિલાઓ માટે સ્થપાયેલી દેશની પ્રથમ સોરોરિટી છે. ૨૦૦૦ના દાયકાના પ્રારંભમાં તેની પ્રારંભિક રાજકીય જીતની હેડલાઈન્સ બંને ઓળખને રજૂ કરે છે. ટ્રમ્પે શિકાગોમાં નેશનલ એસોસિયેશન ઓફ બ્લેક જર્નાલિસ્ટના કાર્યક્રમમાં હાજરી આપી હતી અને તેમના નિવેદનથી ત્યાં હાજર લોકો પોતાનું હસવું રોકી શક્યા ન હતા. ત્યાં ભૂતપૂર્વ પ્રમુખનો લડાયક મિજાજ અત્યાર સુધીના કેમ્પેઈનમાં સૌથી અસામાન્ય રહ્યો હતો. કેમ કે ત્યાં તેમણે વિવિધ પ્રયાસો અંગે પત્રકારો સાથે તકરાર કરી હતી, વિવિધ વિષયો અંગે વારંવાર જુઠ્ઠાણા ચલાવ્યા હતા અને ગ્રુપને કહ્યું હતું કે, પોતે અબ્રાહમ લિંકન બાદ અશ્વેત લોકો માટે શ્રેષ્ઠ પ્રમુખ છે. બુધવારે રાત્રે કમલા હેરિસે સાવચેતી પૂર્વક પોતાની સ્પીચ આપી હતી અને કહ્યું હતું કે, અમેરિકનો વધારે સારું મેળવવાને હકદાર છે. અમેરિકન લોકો એવા નેતાના હકદાર છે જે સત્ય બોલે, એવા નેતા કે જે હકીકતો સામે આવે ત્યારે દુશ્મનાવટ રાખીને કે પછી ગુસ્સા સાથે જવાબ ન આપે. આપણે એવા નેતાના હકાદર છીએ જે સમજે છે કે આપણા મતભેદો આપણને વિભાજિત કરતા નથી પરંતુ તે આપણી શક્તિનો આવશ્યક સ્રોત છે. બીજી તરફ અત્યાર સુધીના તેમના કેમ્પેઈન દરમિયાન ફ્રેન્ડલી ઓડિયન્સ સમક્ષ હાજર રહ્યા છે, પરંતુ તેમને પૂરતી ચેતવણી આપવામાં આવી હતી કે પત્રકારોની જે પેનલ તેમની રાહ જોઈ રહી છે તે મુશ્કેલ હશે. તેમ છતાં તેમણે ત્રણ અશ્વેત મહિલા પત્રકારોને ઈન્ટરવ્યુ આપ્યો હતો.

**ડાયફને હવાઈ હુમલામાં ઠાર માર્યો**

## ઈઝરાયેલે હમાસના લશ્કરી વડા મોહમ્મદ ડાયફને ઠાર માર્યો



**। (એજન્સી) જેરૂસેલમ, તા.૧ ।**

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા વર્ષેના ઓક્ટોબર મહિનાથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. જો કે, હમાસ હવે આ યુદ્ધમાં નબળું પડી રહ્યું છે. એક પછી એક હમાસના તમામ ટોચના નેતાઓ અને અધિકારીઓની હત્યા કરવામાં આવી રહી છે. હવે ઈઝરાયેલની સેનાએ જાહેરાત કરી છે કે, હમાસના સૈન્ય વડા મોહમ્મદ ડાયફ માર્યા ગયા છે. ઈઝરાયેલે જુલાઈમાં હવાઈ હુમલામાં ડાયફને ઠાર માર્યો હોવાનો દાવો કર્યો હતો. મોહમ્મદ ડાયફ ઈઝરાયેલના ટોપ મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે સોશિયલ મીડિયા પર મોહમ્મદ ડાયફની હત્યાના સમાચારની પુષ્ટિ કરી છે. ઈઝરાયેલની સેનાએ માહિતી આપી છે કે, મોહમ્મદ ડાયફને ઈઝરાયેલ પર ૭ ઓક્ટોબરે થયેલા હુમલા પાછળનો મુખ્ય સૂત્રધાર માનવામાં આવતો હતો. તે હમાસના લશ્કરી વડા હતા. ઉલ્લેખનીય છે કે, ૭ ઓક્ટોબરના રોજ હમાસે ઈઝરાયેલમાં ઘૂસીને લગભગ ૧૨૦૦ લોકોની હત્યા કરી હતી અને સેંકડો લોકોને બંદી બનાવીને ગાઝા પટ્ટી લઈ ગયા હતા. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સે અહેવાલ આપ્યો છે કે, ૧૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ, IDF ફાઈટર પ્લેન્સે ગાઝાના ખાન યુનિસ વિસ્તારમાં હુમલો કર્યો હતો. સેનાએ કહ્યું છે કે, ગુપ્ત માહિતી મળ્યા બાદ બાદમાં એ વાતની પુષ્ટિ કરી શકાશે કે હુમલામાં મોહમ્મદ ડાયફ માર્યો ગયો. મહત્ત્વપૂર્ણ છે કે, મોહમ્મદ ડાયફ ઈઝરાયેલના ટોપ મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હતો. આ પહેલા તે ઘણી વખત ઈઝરાયેલને ફસાવી ચૂક્યો છે. બુધવારે હમાસના રાજકારણી અને પ્રમુખ ઈસ્માઈલ હાનિયાની પણ હત્યા કરવામાં આવી હતી. તેઓ ઈરાનના નવા પ્રમુખના શપથ ગ્રહણ સમારોહ માટે ઈરાનની મુલાકાતે ગયા હતા. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સે કહ્યું છે કે, હુમલામાં તેહરાનમાં હાનિયાના ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેમાં હમાસના વડા તેમજ એક અંગરક્ષક માર્યા ગયા હતા.

## તંત્રી લેખ...

# ભારતીય સરકારી-ખાગની સ્કૂલો મોટાભાગા પુસ્તકિયા જ્ઞાન પર જોર

સમયની સાથે શિક્ષણનું સ્વરૂપ પણ બદલાયું છે. પ્રાચીન ગુરુકુળ શિક્ષણ પ્રણાલીમાં છાત્રોના સમગ્ર વિકાસ પર ધ્યાન આપવામાં આવતું હતું, તેમાં ભણવા સાથે વ્યાવહારિક જ્ઞાન અને શારીરિક શિક્ષણ પર પણ ભાર મૂકાતો હતો. પરંતુ આધુનિક શિક્ષણ પ્રણાલીમાં મોટાભાગનું જોર પુસ્તકિયા જ્ઞાન પર વધતું ગયું છે. આજની શિક્ષણ પદ્ધતિમાં શારીરિક, પોષણ અને ખાનપાન સાથે જોડાયેલ શિક્ષણ અને અભ્યાસક્રમ પર વધુ જોર નથી. ક્યાંક જો આહા વિજ્ઞાનનું શિક્ષણ અપાતું પણ હશે, તો તેના અભ્યાસક્રમમાં અનેક ભૂલો છે. સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં કહેવાયું છે કે દુનિયાભરના મોટાભાગના સ્કૂલી છાત્રો પાસે ન્યૂનતમ શારીરિક શિક્ષણ સુધી પહોંચ નથી. તેને કારણે આજના સ્કૂલી બાળકોમાં સ્થૂળતા સહિત અનેક પ્રકારની લાઈફસ્ટાઈલ જનિત પરેશાનીઓ વધી રહી છે. ગુણવત્તાપૂર્ણ શારીરિક શિક્ષણ પર પહેલી વૈશ્વિક સ્થિતિ રિપોર્ટમાં કહેવાયું છે કે દુનિયાના મોટાભાગના સ્કૂલી બાળકો પાસે હજુ પણ ન્યૂનતમ જરૂરી શારીરિક શિક્ષણ સુધી પહોંચ નથી. યુનેસ્કોની શિક્ષા ટીમ દ્વારા પ્રકાશિત રિપોર્ટ 'ગ્લોબલ સ્ટેટ ઓફ પ્લે'થી ખબર પડે છે કે માત્ર ૫૮ ટકા દેશોએ છોકરીઓ માટે શારીરિક શિક્ષણ અનિવાર્ય કરી છે અને દુનિયાભરમાં માત્ર સાત ટકા વિદ્યાલયોએ છોકરા-છોકરીઓ માટે શારીરિક શિક્ષણનો એકસમાન સમય નિર્ધારિત કર્યો છે. દુનિયાભરમાં માધ્યમિક વિદ્યાલયના બે તૃતિયાંશ છાત્રો અને પ્રાથમિક વિદ્યાલયના અડધાથી વધુ છાત્રોને જરૂરી ન્યૂનતમ સાપ્તાહિક શારીરિક શિક્ષણ નથી આપવામાં આવતું. ભારતમાં સ્થિતિ બહુ નાજુક છે. ભારતીય સરકારી અને ખાગની સ્કૂલો મોટાભાગા પુસ્તકિયા જ્ઞાન પર જોર છે, અભ્યાસક્રમ જ એવા છે, જેમાં શારીરિક અને આહાર તથા પોષણ અને ખાનપાનના શિક્ષણ પર જોર નથી. મોટાભાગની સ્કૂલોનું નંબર આધારિત ગ્રેડિંગ સિસ્ટમ પર જોર છે. આજે જરૂરિયાત સંતુલનની છે. અભ્યાસક્રમ સાથે શારીરિક શિક્ષણથી બાળકોનો સમગ્ર શારીરિક અને માનસિક વિકાસ થશે, બાળકો સ્વસ્થ રહેશે, સિઝનલ રોગોથી મુક્ત રહેશે. સ્થૂળતા તેમનાથી દૂર રહેશે. એ જરૂરી છે કે સ્વસ્થ રહેવા માટે પૌષ્ટિક ખાનપાનની સાથે શારીરિક શ્રમ જરૂરી છે. આજે બજારમાં ખાનપાનના નામે જંક ફૂડ અને પીણાં રૂપે સેંકડો અખાદ્ય ઉત્પાદનો છે, એટલે બાળકોને જ્ઞાન આપવું જરૂરી છે કે તેમણે શું ખાવું જોઈએ અને શું નહીં.

# દેશની આંતરિક સમસ્યામાં ત્યાં સુધી હસ્તક્ષેપ નથી કરાતી, જ્યાં સુધી ત્યાં માનવાધિકારોનું ઉલ્લંઘન ન થાય

થોડા દિવસો પહેલાં તૃણમૂલ કોંગ્રેસની શહિદ દિવસ રેલીમાં બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી દ્વારા બાંગ્લાદેશના લોકોને રાજ્યમાં શરણ આપવાનું નિવેદન હતપ્રભ કરનારું હતું. સામાન્ય રીતે કોઈ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા આવા નિવેદનની કલ્પના પણ ન કરી શકાય. આંતરરાષ્ટ્રીય નિયમો કહે છે કે કોઈ બીજા દેશની આંતરિક સમસ્યામાં ત્યાં સુધી હસ્તક્ષેપ નથી કરવામાં આવતો, જ્યાં સુધી ત્યાં માનવાધિકારોનું સરેઆમ ઉલ્લંઘન ન થઈ રહ્યું હોય. સંબંધિત દેશ જો પોતાના નિર્દોષ નાગરિકો વિરુદ્ધ અત્યાચાર કરવા લાગે ત્યારે જ આંતરરાષ્ટ્રીય સમુદાય કે કોઈ દેશ તેના વિરુદ્ધ સામે આવી શકે છે, પરંતુ એ પણ રાષ્ટ્રની નીતિ હોય છે, કોઈ રાજ્યની નહીં. રાજ્ય સરકાર વધુમાં વદુ કેન્દ્ર સમક્ષ પોતાની ઈચ્છા પ્રગટ કરી શકે છે કે આપણે આ સંદર્ભે કેવી નીતિ અપનાવવી જોઈએ. એ ચિંતાજનક છે કે દેશનાં એક મુખ્યમંત્રી, જે કેન્દ્રમાં પણ મંત્રી રહી ચૂક્યાં છે, તે સરેઆમ પોતની બંધારણીય સીમાઓનું ઉલ્લંઘન કરે. આ પ્રકારનું નિવેદન આપવાનો હક્ક વડાપ્રધાન, વિદેશ મંત્રી કે પછી વિદેશ મંત્રાલયના પ્રવક્તાને જ છે. બાંગ્લાદેશને મમતા બેનર્જીનું આ વક્તવ્ય સ્વાભાવિક રીતે જ વાંધાજનક લાગ્યું, એટલે જ તેણે આ નિવેદન પર સંતુલિત પ્રતિક્રિયા પણ આપી. મમતા બેનર્જીનું નિવેદન અનાયાસ ન હોઈ શકે. વાસ્તવમાં બંગાળમાં લગભગ ૩૦ ટકા મુસ્લિમ મતો તેમને સત્તામાં જળવાઈ રહેવાનો એક આધાર બની ગયા છે. લાગે છે કે તેઓ તેના માટે કોઈપણ હદ સુધી જવા તૈયાર છે. મુસ્લિમ મતોની રાજનીતિ ભારતમાં આવી રીતે જ થતી રહી છે. આ જ મમતા બેનર્જી બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનાં મજહબી રૂપે પીડિત અને બિનમુસ્લિમોને માનવતાના આધાર પર નાગરિકતા આપવા માટે ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલ કાયદા સીએએનો આક્રમક વિરોધ કરી રહ્યાં છે. ભારતના મોટાભાગના પક્ષોએ સેક્યુલરવાદના આ જ રીતે ધજાગરા ઉડાડ્યા છે. ભારેત બીજા દેશોના નાગરિકોને શરણ આપ્યું છે. જે મકે મ્યાંમારથી આવેલા ૭૯ હજાર શરણાર્થી ભારતમાં રહે છે. તમિલનાડુની શરણાર્થી શિબિરોમાં શ્રીલંકાથી આવેલા ૫૮ હજાર ૪૫૭ શ્રીલંકાઈ તમિલ રહે છે. ૧૯૫૯માં તિબેટમાં ચીની દખલ બાદ બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામા સાથે આવેલા લગભગ એક લાખ શરણાર્થી પણ અલગ-અલગ સ્થળોએ શરણ લઈ રહ્યા છે. આ નિર્ણય કોઈ રાજ્ય સરકારે નથી કર્યો. મમતા બેનર્જીએ ભારતના સ્વયંભૂ શાસનની જેમ વ્યવહાર કર્યો છે. તેમને ખબર હોવી જોઈએ કે શરણ આપવાનું દાયિત્વ પણ કેન્દ્ર સરકારનું જ છે, કોઈ રાજ્ય સરકાર એવું ન કરી શકે. જોકે આપણા દેશમાં શરણ આપવા મુદ્દે કોઈ યોગ્ય કાયદો નથી. ભારત સંયુક્ત રાષ્ટ્રની શરણાર્થી સંબંધી વ્યવસ્થાનું સદસ્ય નથી. એ જ રીતે ૧૯૯૦માં પ્રવાસી મજૂરો માટે તૈયાર કન્વેન્શન ઓફ માઈગ્રન્ટ વર્કર્સના ૫૯ સદસ્ય દેશોમાં પણ ભારત નથી. ૧૯૬૭ના પ્રોટોકોલ રિલેટેડ ટુ ધ સ્ટેટસ ઓફ રિફ્યુઝીસ પર પણ ભારતે હસ્તાક્ષર નથી કર્યા. જોકે ભારત પોતાની સ્વાભાવિક સંવેદનશીલતાને અનુરૂપ તેનું પાલન કરે છે. એક તરફ વિપક્ષી સાંસદો બંધારણની નકલ લહેરાવતાં કહી રહ્યા છે કે અમે બંધારણની રક્ષા માટે પ્રતિબદ્ધ છીએ અને બીજી તરફ મમતા બેનર્જી ખુદ આ પ્રકારે બંધારણનું ઉલ્લંઘન કરતાં દેખાઈ રહ્યાં છે. શું મમતાનું નિવેદન સંઘીય માળખા પર પ્રહાર નથી? જો મમતા બેનર્જીના નિવેદનનો વિરોધ ન થયો તો આગળ કોઈ બીજી રાજ્ય સરકાર પાકિસ્તાન, અફઘાનિસ્તાન કે પછી ચીનને લઈને પણ દરવાજા ખોલવાની વાત કરી શકે છે. જે પશ્ચિમી દેશોએ સંયુક્ત રાષ્ટ્ર અંતર્ગત આંતરરાષ્ટ્રીય સ્તર પર શરણાર્થીઓ અને આપ્રવાસીઓ માટે લોકતંત્ર અને માનવાધિકાર વગેરે રાજકીય વિચારધારાના નામે અંગત સ્વાર્થોને કારણે આશ્રય આપવાની વ્યવસ્થા બનાવી, પોતાને ત્યાં માનવાધિકારો અને મજહબી સ્વતંત્રતાની રક્ષાના નામે કાયદા બનાવ્યા અને પછી દુનિયાને પણ એવું જ કરવાની શિખામણ આપી, આજે એ જ દેશોમાં તેના વિરુદ્ધ પગલાં ભરાઈ રહ્યાં છે.

## ૧૯૫૯માં બનેલી જીને કી રાહ, ફિલ્મનું આ ગીત છે, જીતેન્દ્ર અને તનૂજા આ ફિલ્મમાં મુખ્ય કિરદાર નિભાવ્યો હતો

# એક બંજારા ગાયે જીવન કે ગીત સુનાયે, એ ગીત મુજબ સમય, સૂર્ય અને સદગુરુને કલ્પી શકાય



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**આપણે આપણા જીવનમાં આવતી સમસ્યાને અજવાળવા કવિ એ લખ્યા મુજબ કોઈ એક બંજારા પાસેથી શીખ લેવી પડે કે, જેણે પોતે આ કાર્ય સંભવ કર્યું છે, લોકો ત્રણ સ્તરે પોતાના જીવન અજવાળી શકે અથવા તો ત્રણમાંથી શીખ લઈ અને જીવનની રાહ અજવાળી શકે! તો કવિ એ લખ્યા મુજબ જીવનમાં કોઈ સતત આપણને જીવનની રાહ તરફ આંગળી ચીંધી રહ્યું છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં જ ગુરુ પૂર્ણિમા ગઈ, અને સદગુરુનો સતત બોધ રહ્યો કે અસ્તિત્વ હરઘડી મંગલતા વરસાવે છે! જેમ કે સર્વ મંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે, શરણેય ત્રંબક્યે ગૌરી નારાયણી નમોસ્તુતે. પણ હાલની પરિસ્થિતિ મુજબ હર ઘડી શુભની ભાવના કેમ રાખી શકાય! જોકે કોઈપણ ઘટનામાંથી શુભ તારવું હોય તો અસ્તિત્વનો કુંભ મંગલની વર્ષા કરી રહ્યો છે, એવું વિચારી શકાય, પણ આપણી દ્રષ્ટિની મર્યાદા હોવાથી આપણે એ જોઈ શકતા નથી! એવા નિષ્કર્ષ પર આવવું પડે, અને જીવનની રાહ ઉજાળવી પડે. સદગુરુ જીવનને શુભ બનાવવા તત્પર છે, અને હમણાં જ મહંમદ રફી સાહેબ ની પૂર્ણ તિથિ ગઈ તો આજે આપણે આવા ભાવનો સંદર્ભ લઈને તરાને કી તર્જ જીવન કા અર્કમાં આગળ ચિંતન કરીશું.

**એક બંજારા ગાયે જીવન કે ગીત સુનાયે,**
**હમ સબ જીને વાલો કો જીને કી રાહ બતાયે.**
**જમાને વાલો કિતાબ એ ગમ મેં,**
**ખુશી કા કોઈ ફસાના ઢૂંઢો,**
**હો ઓ ઓ ઓ.. આંખો મેં આંસુ ભી આયે,**
**વો આ કર મુસ્કુરાયે,**
**સભી કા દેખો નહીં હોતા હૈં,**
**નસીબા રોશન સિતારો જૈસા,**
**સયાના વો હૈ જો પતઝડ મેં ભી,**
**સજા લે ગુલશન બહારો જૈસા,**
**હો ઓ ઓ ઓ.. કાગજ કે ફૂલોં કો ભી,**
**જો મહકા કર દિખલાયે.**

૧૯૫૯ માં બનેલી જીને કી રાહ, ફિલ્મનું આ ગીત છે, જીતેન્દ્ર અને તનૂજા આ ફિલ્મમાં મુખ્ય કિરદાર નિભાવ્યો હતો, મહમદ રફી દ્વારા આ ગીત ગવાયું હતું,તેમજ ફિલ્મના સંગીતકાર લક્ષ્મીકાંત-પ્યારેલાલ અને ગીતના શબ્દો આનંદ બક્ષી સાહેબના છે. આપણે આપણા જીવનમાં આવતી સમસ્યાને અજવાળવા કવિ એ લખ્યા મુજબ કોઈ એક બંજારા પાસેથી શીખ લેવી પડે કે, જેણે પોતે આ કાર્ય સંભવ કર્યું છે. લોકો ત્રણ સ્તરે પોતાના જીવન અજવાળી શકે અથવા તો ત્રણમાંથી શીખ લઈ અને જીવનની રાહ અજવાળી શકે! તો કવિ એ લખ્યા મુજબ જીવનમાં કોઈ સતત આપણને જીવનની રાહ તરફ આંગળી ચીંધી રહ્યું છે, અને એનામાં કાગળના ફૂલમાં પણ સુગંધ ભરવાની ક્ષમતા છે. કોઈ કોઈ વાર જીવનમાં એવી ઘટના ઘટે કે એમાંથી ઉપર ઉઠવું બહુ મુશ્કેલ થાય, પણ અહી જન્મ મૃત્યુને સ્વીકારવું પડે. કોઈ કોઈવાર અંગત સ્વજનનું મૃત્યુ, બધા જ શાશ્વત સત્યો જાણવા છતાં સ્વીકારી શકાતું નથી. કોઈવાર કોઈ ગંભીર બીમારી થાય એક્સિડન્ટ થાય, કે શરીરનું અંગ ચાલ્યું જાય અથવા સ્વજન એ રીતે પીડાતું હોય, ત્યારે પણ સંજોગો વિપરીત લાગે. કોઈ વાર કોઈ દગો કરે, વિશ્વાસઘાત કરે, તો એ પરિસ્થિતિમાંથી પણ ઉપર ઊઠવું બહુ મુશ્કેલ લાગે. પરંતુ સમય દરેક દર્દની દવા છે, એવી આપણે ત્યાં એક કહેવત છે, અને સમય છે વીતી જશે! એવી એક હૈયાધારણા લઈ અને આપણે જીવનમાં ઉપર ઊઠવાની કોશિશ કરતા હોઈએ છીએ, કામયાબ પણ થતા હોઈએ છીએ, અને ફરી પાછું જીવન સામાન્ય થઈ જીવતા હોઈએ છીએ. એટલે એક બંજારા તરીકે આપણે સમયને પણ લઈ શકીએ, એ જ રીતે સૂર્ય છે એ રોજ ઉદય થાય છે, વળી પાછો અસ્ત થાય છે, વળી ઉદય થાય છે. એટલે કે સૂર્ય સૌના જીવન પ્રકાશિત કરે છે, છતાં તેને અસ્ત થવું પડે છે, અને ફરી પાછું ઉદય થવું પડે છે, એ નિરંતર સત્ય તરીકે આપણી સમક્ષ રહી શકતો નથી. જોકે તેનો અસ્ત એક ભૌગોલિક ઘટના છે, પણ આપણી સામે તો આજ સત્ય છે. એટલે ક્યારેક ક્યારેક પ્રકાશિત થવા માટે, કે કોઈના પ્રકાશિત વ્યક્તિત્વને ગુમાવ્યા બાદ, આવું આશ્વાસન લઈ આપણે ઉપર ઉઠતા હોઈએ છીએ. તો સમય કે સૂર્ય પણ જો આપણને શીખ આપી શકતા ન હોય, અથવા તો આપણે એમાંથી કંઈ ગ્રહણ કરીને જીવન અજવાળી શકતા હોઈએ નહીં, તો કોઈ નિશ્ચિત જગ્યાએ શરણાગત થવાથી પણ આપણા પ્રશ્નોનો હલ નીકળતો હોય છે, અને જીવન એક નવા આયામમાં પ્રવેશે એવું પણ બને. આપણી આજ સુધીની તમામ ફરિયાદો, તકલીફો, પીડા તેમજ રહસ્યને સદગુરુ ઉકેલે છે, અને એક બોઝ રહિત નિર્મળ જીવન બનાવે છે. આપણા જીવનમાં જે આજ સુધી સંઘર્ષ હતો, એ આપણા જ અમુક આગ્રહ કે અહમને કારણે હતો, એવું સત્ય પણ તે સમજાવે છે. પરંતુ અહીં મૂળમાં એક વાત એ છે કે, આપણી અદમ્ય ઈચ્છા હોવી જોઈએ કે આપણે હવે આવું જીવન નથી જીવવું. આપણે કંઈક સારું કરવું છે, અથવા તો સારા કાર્યના નિમિત્ત બનવું છે. ઘટી રહેલી ઘટના માટે આપણા હૃદયમાં પીડ હોવી જોઈએ, કે આવું શું કામ થાય છે! સતત આવી સંવેદનાનું ઝરણ વહેવું જોઈએ કે, ના હું મારા જીવનના અંત પહેલાં આ માનસિકતા માંથી બહાર આવીને જ રહીશ, એવો સંકલ્પ પણ કરવો પડે, તોજ અલૌકિકતાનો સૂર્ય ઉદય પામે, અને એવું થાય પણ ખરું! પરંતુ આપણામાં દ્રઢ મનોબળ અને દ્રઢ વિશ્વાસની કમી હોવાથી શક્ય થતું નથી. જેણે જેણે આ દુનિયામાં કોઈ ઉપલબ્ધિ મેળવી છે, કોઈ ધ્યેય સિદ્ધ કર્યું છે, કે લક્ષ્યાંક સુધી પહોંચ્યા છે, એ બધાના મનોબળ દઢ હતાં, એમણે પોતાની આસપાસ ઘટતી ઘટનાઓ માંથી શીખ લીધી હતી, અથવા તો આસપાસ થતી સ્તુતિ નિંદાથી ઉપર ઊઠીને જીવનમાં કંઈક સત્ય હાંસલ કરવા માટે પ્રયત્ન કર્યો હતો, કે પછી કોઈ નિશ્ચિત ઠેકાણે પોતાની જાતને પૂર્ણ સમર્પણ કે શરણાગતિ સ્વીકારીને એ જીવનના તટ પર નિશ્ચિંત થઈ બેસી ગયા હશે. સચ્ચિદાનંદ સ્વરૂપ સદગુરુ પરમાત્મા તો ઈચ્છે જ છે , કે એકવાર તું મારા શરણે આવી જા! પછી હું તારું જીવન સંવારીશ ! પરંતુ નથી આપણે સંપૂર્ણ શરણાગત થઈ શકતાં, કે નથી ખુદ ઊઠવાની કોઈ કોશિશ કરતાં. આપણે તો જે છે, તેમાં જ જીવવા ટેવાયેલા છીએ, જ્યાં ફરિયાદની કોઈ જરૂર નથી ત્યાં ફરીયાદ કરીએ છીએ, અને જ્યાં સહન કરવાની કોઈ જરૂર નથી! ફરિયાદનો ભાવ હોવો જોઈએ, કે સમાજમાં આવું કેમ થાય છે? એની માટે ક્યાંક હું પણ કારણભૂત નથી ને? એવા પ્રશ્નો થવા જોઈએ. ત્યાં સહનશક્તિનો આંચળો ઓઢીને આવી ઘટનાઓ પણ સહન કરી લેતા હોઈએ છીએ, માટે કંઈ થઈ શકતું નથી. બાકી સૂર્ય પણ આટલા વર્ષોથી નિરંતર પ્રકાશની સાથે સાથે પોતાનું સત્ય પ્રકાશિત કરી રહ્યો છે, સમય પણ સૌને જગાડવા માટે પ્રવૃત્ત છે, અને સમયને નામે પણ કેટકેટલી કસોટીઓ જીવનમાં આવતી હોય છે, પણ આપણે તેમાં પાસ થવું નથી, અને જીવન છે, આવું તો ચાલે રાખે! એમ સમાધાન લઈ લેતા હોઈએ છીએ. હકીકતમાં જ્યાં જાગવાની જરૂર હોય ત્યાં આવી જ રીતે મોહ નિંદ્રામાં સુતા રહીએ છીએ, અને સદગુરુ એની વિશે તો શું કહીએ!! અંતરમાં માત્ર એક ટીસ ઊઠે, અને એક સ્મરણ થાય, સાત કોઠે દીવા પ્રગટી જાય, એટલી તત્પરતા એ આપણા માટે બતાડે છે. પણ જો જિજ્ઞાસા જ ના થાય, તો સદગુરુ આખરે શું કરે!; ફરી સૂર્ય ઉદય થઈ રહ્યો છે,એ હિન્દુ સંસ્કૃતિના ઉત્થાનની આશા જગાડે છે. હવે સૂર્યનો પ્રકાશ વ્યર્થ નહીં જાય! સમયની સુક્ષ્મ હથોડી એ ટીપાઈને સહુ સુવર્ણ જેમ પોતાનું જીવન નિખારશે! વિશ્વ શાંતિ માટે પૂજ્ય બાપુ જેમ વસુધૈવ કુટુંબકમની એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહવંદન અને જય સીયારામ.




## ભગવાન કહે છે, મંદિરમાં લોકો કયા-કયા ભાવથી દર્શન કરવા આવે છે તે હું બધુ જ જાણું છું

# સાચા વૈષ્ણવો જેમ ઠાકોરજીનાં દર્શન કરવા આતુર હોય છે, તેમ તેવા ભક્તનાં દર્શન કરવા ભગવાન પણ આતુર હોય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે, દાનથી ધનની શુદ્ધિ થાય છે, ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે, જપ અને ધ્યાન સાથે થવા જોઇએ, જપ કરવા બેસો ત્યારે જે દેવનો જપ કરો તે મૂર્તિ ધ્યાનમાંથી ખસે નહીં, જીભથી ભગવાનનું નામ લેવું, મનથી તેમનું સ્મરણ ધ્યાન કરવું, આંખોથી તેમનાં દર્શન કરવાં, કાનથી તેમના નામનું સ્મરણ કરવું, આ પ્રમાણે જપ કરવાના.**

પવિત્ર ચાતુર્માસ તપ વ્રત આરા ધના ઉપાસના દ્વારા ભક્તિ સભર માહોલ સારી મેઘ મહેરમાં ચાલી રહ્યો છે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો વિરક્ત સાધુ સંન્યાસીઓ જે કશું રાખતા નથી તે માનસી સેવા કરે એ ઉત્તમ છે. ભગવાન શંકરાચાર્ય જેવા પણ શ્રીકૃષ્ણની સેવા કરતાં પણ ગૃહ સ્થીઓ એકલી સેવાકરે તે ન ચાલે ગૃહસ્થીઓએ માનસી અનેપ્રત્યક્ષ બંને સેવા કરવી જોઈએ. માનસી સેવાનો અતિ ઉત્તમ સમય સવારના ચારથી સાડા પાંચ સુધી નો છે. કોઈનું મુખ જોયા પહેલાં તે કરવી જોઈએ. પ્રાતઃકાળમાં ઊઠી ધ્યાન કરવાનું કે,હું ગંગાજીના કિનારે બેઠો છું. ગંગાજીમાં મનથી સ્નાન કરવું. તે પછી અભિષેક માટે ગંગાજળ લાવવાનું. મનથી લાવવાનું એટલે ચાંદીના લોટામાં લાવવાનું. ઠાકોરજી જાગ્યા પછી તેને આચમન કરાવવું. મંગલામાં પછી માખણ મિસરી લાવવાં, કારણ કે કનૈયો તો બધું માગે છે. પછી શ્રી કૃષ્ણને સ્નાન કરાવવું, શંકરને ઠંડું જળ ચાલે, પણ બાલ કૃષ્ણને ગરમ જળથી નવડાવો. ઠાકોરજીને તે પછી શૃંગાર કરવો. શૃંગાર ન કરો તો પણ ભગવાન સુંદર જ છે, પણ શૃંગાર કરવાથી તમારું મન સુંદર થશે. આપણું મન બગડેલું છે, તેને શુદ્ધ કરવા શૃંગાર છે. શૃંગારમાં સમાધિ જેવો આનંદ મળે છે. શૃંગાર પછી પરમાત્માને સુંદર ભોગ ધરાવો. તે પછી તિલક કરો. આરતી ઉતારો. ભગવાનની આરતી ઊતારો ત્યારે હૃદય આર્દ્ર બનવું જોઈએ. આરતીનો ક્રમ આવો છેઃ ચરણ, સાથળ; વક્ષઃ સ્થળ મુખ અને પછી સર્વાંગની આરતી ઉતારવી. આરતી ઊતારો ત્યારે પ્રભુના દર્શન માટે આર્ત બની ને આરતી ઊતારો ભગવાનનાં દર્શન કરતાં કરતાં ધ્યાન કરવાનું છે. શ્રીહરિનું સ્થિર મનથી ધ્યાન કરવું.ધ્યાન સાથે જપ થવો જોઈએ. કેટલાક જપ કરતી વખતે સંસારનું ધ્યાન કરે છે. એટલે જપ નિષ્ફળ ગયા છે એમ તો ન કહેવાય પણ તેનું જોઈએ તેવું ફળ મળતું નથી. સ્નાનથી શરીરની શુદ્ધિ થાય છે. દાનથી ધનની શુદ્ધિ થાય છે. ધ્યાનથી મનની શુદ્ધિ થાય છે. જપ અને ધ્યાન સાથે થવા જોઈએ. જપ કરવા બેસો ત્યારે જે દેવનો જપ કરો તે મૂર્તિ ધ્યાનમાંથી ખસે નહીં. જીભથી ભગવાનનું નામ લેવું, મનથી તેમનું સ્મરણ ધ્યાન કરવું, આંખોથી તેમનાં દર્શન કરવાં, કાનથી તેમના નામનું સ્મરણ કરવું. આ પ્રમાણે જપ કરવાના. પછી નારદજીએ ધ્રુવને મંત્રઆપ્યો કહ્યું, 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ મહામંત્રનો તું સતત જપ કરજે ભગવાન તારા ઉપર પ્રસન્ન થશે. મારો આશીર્વાદ છે. તને છ મહિનામાં ભગવાન મળશે. ગીતાજીમાં ભગવાને કહ્યું છે, ઘણાં જન્મોને અંતે જીવ મને પ્રાપ્ત કરે છે. વિદ્વાનો અહીં 'ઘણા'નો અર્થ ત્રણ જન્મ કરે છે. જ્ઞાનીઓએ, યોગીઓએ સંગિત પ્રારબ્ધ કર્મોનો ક્ષય કરવા પણ જન્મ તો લેવો જ પડે છે. પણ ભાગવત ધ્રુવ ચરિત્રમાં કહે છે કે, જપ કરવાથી છ મહિના માં ભગવાન મળે છે. ધ્રુવજી કહે છે કે, એ ભાગવત ચરણોની છાયા ને મેં છ માસમાં પ્રાપ્ત કરી લીધેલી આ ખોટું નથી. અનુભવ કરી જો જો. પણ ધ્રુવની રીતે. હવે જે પ્રમાણે તપશ્ચર્યા કરેલી તે પ્રમાણેતપશ્ચર્યા કરજો. સાધન કરે એને સિદ્ધિ મળે છે. ધ્રુવજીએ અનેક જન્મથી તપશ્ચર્યા કરી છે. પૂર્વજન્મમાં છ માસમાં ધ્રુવ ને પરમાત્માનાં દર્શન થવાનાં હતાં. એના યોગને છ મહિના બાકી હતા પૂર્વજન્મમાં ધ્રુવજી ધ્યાન કરતા હતા. ત્યાં રાજરાણીને જોઈ ધ્રુવ જીને રાજા બની સુખ ભોગવવાની વૃત્તિ થઈ. તેથી તેનો જન્મ રાજાને ત્યાં મળ્યો હતો. નારદજી તે પછી ઉત્તાનપાદ રાજા પાસે ગયા. વિયોગમાં મનુષ્યના ગુણ યાદ આવે છે. ઉત્તાનપાદરાજા પસ્તાય છે, ધ્રુવના ગુણ યાદ કરે છે. નારદજીએ મનમાં વિચાર કર્યો, આ મારા ચેલાનો બાપ છે, તેથી તેનો ઉદ્ધાર કરવો પડશે. એ સુરુચિમાં ફસાયો છે. તે જો જીભ ને વશ કરશે તો તેની સુરુચિનો મોહ ઓછો થશે. એમણે રાજાને કહ્યું કે, તું છ માસ કેવળ દૂધ ઉપર રહેજે અને અનુષ્ઠાન કરજે. ધ્રુવજી મધુવનમાં આવ્યા છે. પ્રથમ દિવસે ઉપવાસ કર્યો છે. પછી ધ્રુવ ત્રણ દિવસ એક આસને બેસી ધ્યાન કરે છે. કેવળ ફળાહાર કરે છે અન્નનો આહાર કરવાથી શરીરમાં રજોગુણ વધે છે. ફળાહાર કરવાથી શરીરમાં સત્ત્વગુણ વધે છે. બીજો મહિનો આવ્યો. સંયમ વધાર્યો હવે એકીસાથે આસને છ દિવસ ધ્યાન માં બેસે છે. ત્રીજો માસ આવ્યો. હવે નવ દિવસ એક આસને બેસે છે. હવે ફળ ખાતા નથી, વૃક્ષનાં પાન ખાય છે. ચોથો મહિનોઆવ્યો હવે ફક્ત જમનાજીનું જળ લઈ બાર દિવસ એક આસને બેસે છે. પાંચમા મહિને હવે જળ નહીં, વાયુનું ભક્ષણ કરે છે અને પંદર દિવસ એક આસને બેસે છે. હવે છઠ્ઠો માસ આવ્યો. ધ્રુવજીએ નિશ્ચય કર્યો કે, હવે પરમાત્મા મળશે ત્યારે જ આસન ઉપરથી ઊઠવું છે. ભગવાન મળે ત્યાં સુધી મારે ઊઠવું નથી, એવો નિશ્ચય કરી ધ્યાન અને જપમાં બેઠા છે. ધ્રુવજી છ મહિના સુધી સતત પરમાત્માનું ધ્યાન કરે છે. હૃદયમાં નારાયણના સ્વરૂપ ને નિહાળે છે. હવે જીભથી નહીં મનથી જપ થાય છે. જગતનો આધાર પરમાત્મા છે અને જગતના આધારના આધાર આજે ધ્રુવ હતા. ધરતી પણ ધ્રુવનું વજન સહી શકતી નથી, એટલે ધરતીએ પણ પરમાત્માને વિનંતી કરી કે ધ્રુવજીને દર્શન આપો. બીજી તરફ ધ્રુવની તપશ્ચર્યા જોઈ દેવો ભગવાન નારાયણ પાસે આવ્યા. આપ ધ્રુવકુમારને જલદી દર્શન આપો! ભગવાન દેવોને કહે છે, ધ્રુવને દર્શન આપવા નહીં, પણ મારાં ધ્રુવનાં દર્શનકરવા હું જવાનો છું. આજે ધ્રુવજીનાં દર્શન કરવાની ઈચ્છા ભગવાનને થઈ છે. ચોખ્ખું લખ્યું છે કે, સેવક ભક્તનાં દર્શન કરવાની ઈચ્છાથી પ્રભુ મધુવનમાં ગયા. પંઢરપુરના મંદિરમાં એક દિવસ શ્રી વિઠ્ઠલનાથ અને રુક્ષ્મણીજી વચ્ચે સંવાદ થયેલો. રુક્ષ્મણીજી કહે, તમારા આટઆટલા ભક્તો રોજ દર્શન કરવા આવે છે તેમ છતાં તમે કોઈને નજર કેમ આપતા નથી? શા સારું નીચે જોઈ રહો છો? ભગવાન કહે છે, મંદિરમાં લોકો કયા-કયા ભાવથી દર્શન કરવા આવે છે તે હું જાણું છું. તેઓ પોતાના માટે કાંઈકને કાંઈક માગે છે. કેવળ મારા માટે તો કોઈક જ આવે છે અને તેને હું નજર આપું છું. પંઢરપુરમાં ભગવાનનાં દર્શન માટે એટલી ભીડ હોય છે કે,સવારે ગયેલા માણસને સાંજે વિઠ્ઠલનાથ ની ઝાંખી થાય છે.એક વખત લક્ષ્મીજીએ ભગવાનને ઉદાસ જોઈને પૂછ્યું,આટલા બધા ભક્તો આપનાં દર્શન માટે આવ્યા છે અને આપ ઉદાસ કેમ છો? ભગવાને કહ્યું કે, આ બધા મને જોવા આવ્યા છે પણ જેનાં દર્શન કરવાની મને ઈચ્છા છે તે મારો તુકારામ બિમાર હોવાથી આવી શક્યો નથી એટલે તેને ત્યાં જવા વિચારું છું.લાખો વૈષ્ણવો પંઢરપુર માં વિઠ્ઠલનાથનાં દર્શન કરવા આવે છે અને પરમાત્મા પધારે છે તુકા રામને ત્યાં! સાચા વૈષ્ણવો જેમ ઠાકોરજીનાં દર્શન કરવા આતુર હોય છે તેમ તેવા ભક્તનાં દર્શન કરવા ભગવાન પણ આતુર હોય છે.



# આયર્ન મેન હવે વિલન બનશે, માર્વેલ ફેન્સને મોટો આંચકો

## માર્વેલ ફેન્સ ઘણા સમયથી તેમના ફેવરિટ આયર્નમેનને યાદ કરતાં હતાં અને તે ફરી માર્વેલની દુનિયામાં પાછો ફરે તેની રાહ જોતાં હતાં

માર્વેલ ફેન્સ ઘણા સમયથી તેમના ફેવરિટ આયર્નમેનને યાદ કરતાં હતાં અને તે ફરી માર્વેલની દુનિયામાં પાછો ફરે તેની રાહ જોતાં હતાં. ત્યારે હવે આયર્ન મેન બનતાં રોબર્ટ ડાઉની જુનિયરે શનિવારે સેન ડિઆગોના કોમિકોન હોલમાં જાહેર કર્યુ છે કે તે માર્વેલ સિનેમેટિક યુનિવર્સમાં પાછો ફરી રહ્યો છે. આ જાહેરત બાદ માર્વેલ ફેન્સ ખુશ થવાની સાથે આશ્ચર્યચકિત અને અચંબિત વધુ થયા છે, કારણ કે આ વખતે તે આયર્નમેન તરીકે નહીં પરંતુ માર્વેલની દુનિયાના સૌથી જાણીતા વિલન ડૉ.ડૂમ તરીકે પાછો ફરવાનો છે. કોમિકોનની ઈવેન્ટમાં હૂડ પહેરેલાં ફિગર્સથી ભરેલી પેનલ હતી, જેમાં સૌથી કુખ્યાત કોમિક બૂક વિલન, સોર્સરી અને સાયન્સ માટે જાણીતો વિક્ટર વોન ડૂમ પણ હતો. આ રહસ્યમય સેટઅપમાંથી એક ફિગરમાંથી ડાઉની જુનિયર અચાનક પોતાનું હૂડ અને માસ્ક હટાવીને પ્રગટ થયો હતો, જેનાથી તેના ફેન્સ અતિશય આનંદિત અને ઉત્સાહિત થઈ ગયા હતા. લોકોએ જ્યારે આયર્નમેનના નામના નારા લગાવવા શરૂ કર્યા ત્યારે જવાબમાં તેમણે કહ્યું, ''નવું માસ્ક. જૂનું જ કામ. હું તમને શું કહું? મને અઘરા પાત્રો કરવા ગમે છે.'' રુસો બ્રધર્સે પણ રોબર્ટ ડાઉની જુનિયર પાછા ફરે છે તે અંગે તેમનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો અને ભારપૂર્વક કહ્યું કે અમારી પાસે ''નવું માસ્ક'' હોઈ શકે છે પણ તેનું લક્ષ્ય તો જે હતું એ જ રહેશે, માર્વેલ ટીમ અને તેની સાથે સંકળાયેલાં બધાં જે ફિલ્મના દર્શકો માટે શક્ય તેટલો મહાન અનુભવ સર્જી શકે. આમ માર્વેલ ફેન્સમાં નવા તબક્કાની ફિલ્મો માટે ખૂબ ઉત્સાહ છે. તેઓ આ નવા પાત્રોના યુદ્ધ અને અઘરા પાત્રોની ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. જે માર્વેલ ફેન્સ દ્વારા એક્સ પર શેર કરવામાં આવેલી પોસ્ટ પર જોઈ શકાય છે. આ ઉપરાંત રસપ્રદ વાત એ છે કે ડાઉની જુનિયરે ૨૦મી સેન્ચુરીની ફોક્સની 'ફેન્ટાસ્ટિક ફોર' માટે તે ટોની સ્ટાર્ક એટલે કે આયર્નમેન બન્યો તે પહેલાં ડોક્ટર ડૂમના પાત્ર માટે ઓડિશન આપ્યું હતું. ક્રિસ્ટોફર નોલાનની 'ઓપનહાઈમર'માં બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ઓસ્કાર જીત્યાં બાદ આ ડાઉની જુનિયરનું માર્વેલમાં કમબૅક ગણાશે. કારણ કે ૨૦૧૯માં તેણે આયર્નમેનના પાત્રમાંથી નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. એવેન્જર્સ એન્ડ ગેમ ડિરેક્ટ કરનારા જો અને એન્થોની રુસો - ધ રુસો બ્રધર્સે 'એવેન્જર્સ એન્ડગેમ' ડિરેક્ટ કરી હતી. હવે તેઓ મે ૨૦૨૬માં 'એવેન્જર્સ ડૂમ્સડે' અને મે ૨૦૨૭માં 'એવેન્જર્સ સિક્રેટ વોર્સ' લઈને આવશે.


જુનિયર માર્વેલ ફિલ્મમાં ડો. ડૂમના રોલમાં જોવા મળશે

## પન્નગા એક પ્રતિભાશાળી યોદ્ધાનું પાત્ર છે

# 'કન્નપા'માં મધુબાલા શાહ 'પન્નગા' તરીકે જોવા મળશે



## 'કન્નપા' ફિલ્મ થિએટરમાં જોવાના એક વિશિષ્ટ અનુભવ સમાન ફિલ્મ હોવાનો તેના મેકર્સનો દાવો

પૌરાણિક યુદ્ધ કથા પર આધારિત ફિલ્મ 'કન્નપા' થિએટરમાં જોવાના એક વિશિષ્ટ અનુભવ સમાન ફિલ્મ હોવાનો તેના મેકર્સનો દાવો છે. આ ફિલ્મ ડિસેમ્બરમાં રિલીઝ થવા જઈ રહી છે. ત્યારે ફિલ્મના મેકર્સ દ્વારા મધુબાલાનાં પાત્રનું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં મધુબાલા 'પન્નગા'ના રોલમાં જોવા મળશે. તે એક શક્તિશાળી અને બહાદુર પાત્ર હશે. પન્નગા પોતાના જૂથની નેતા હશે, જે શક્તિ, પ્રતિકાર અને ઉગ્ર જુસ્સાનું પ્રતિક છે. મધુબાલાની આદેશાત્મક હાજરી અને ગંભીર અભિનય આ પૌરાણિક પાત્રને પડદા પર જીવંત કરી દેશે, જે તાકાત અને દ્રઢનિશ્ચયની મશાલચી મહિલાનું પાત્ર ફિલ્મ માટે પણ મહત્વનું બની રહેશે. આ દંતકથાત્મક ફિલ્મ 'કન્નપા'ને મુકેશ કુમાર સિંઘ ડિરેક્ટ કરે છે, તેમજ મંચુનું એવીએ એન્ટરટેઈન્મેન્ટ તેમજ ૨૪ ળેમ્સ ફેક્ટરી તેને પ્રોડ્યુસ કરી રહ્યાં છે. આ ફિલ્મમાં એક્સ્ટેન્સિવ વીએફએક્સનો ઉપયોગ થયો છે. ફિલ્મના પોસ્ટ પ્રોડક્શન પર બહુ બારીકાઈથી કામ થઈ રહ્યું છે, જેથી આ ફિલ્મ ઓડિયન્સ માટે એક અનોખો અનુભવ બની રહે. આ ફિલ્મનું ટીઝર રિલીઝ થયું ત્યારથી જ તેણે વિશ્વ સ્તરે લોકોનું ધ્યાન ખેંચ્યું છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં આ ફિલ્મનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું, જેનાથી ભારતીય દર્શકોમાં ફિલ્મ વિશે આતુરતા વધી ગઈ છે. આ એક ગ્રાઉન્ડ બ્રેકિંગ ઈન્ડિયન ફિલ્મ હોવાનો દાવો થઈ રહ્યો છે, જેમાં ભક્ત કન્નપાની વાર્તા દ્વારા ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસો દર્શાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. ભક્ત કન્નપા તેમની શિવ ભક્તિ માટે જાણીતા હતા. આ ફિલ્મનો કાલાતીત વિષય, ભક્તિ અને વફાદારી દુનિયાભરના ઓડિયન્સને આકર્ષવા માટે પૂરતી હશે. આ ફિલ્મમાં મોહન બાબુ, પ્રભાસ, અક્ષય કુમાર, મોહન લાલ અને કાજલ અગ્રવાલ સહીતના દિગ્ગજ કલાકારો મહત્વના રોલમાં છે. તેમજ આ ફિલ્મ તેલુગુ, તમિલ, મલિયાલમ, કન્નડ, હિન્દી અને અંગ્રેજીમાં રિલીઝ થશે.

# સોનુ સૂદ અને જેકલીન ફર્નાન્ડીઝની 'ફતેહ' જાન્યુઆરીમાં રિલીઝ થશે




## કોરોના સમયે સોનુ સૂદે અનેક લોકોની મદદ કર્યા બાદ તેની રીયલ લાઈફ ઈમેજ હીરો જેવી થઈ હતી

સોનુ સૂદ બે દાયકાથી ફિલ્મોમાં જોવા મળે છે. મોટા ભાગે સોનુને વિલન અથવા સાઈડ રોલ જ મળ્યાં છે. કોરોના સમયે સોનુ સૂદે અનેક લોકોની મદદ કર્યા બાદ તેની રીયલ લાઈફ ઈમેજ હીરો જેવી થઈ હતી. ત્યારબાદ સોનુને રીલ લાઈફમાં હીરોનો રોલ ઓફર થઈ રહ્યા છે. સોનુ સૂદની હીરો તરીકેની પહેલી હિન્દી ફિલ્મ 'ફતેહ' છે. તેમાં સોનુ સાથે લીડ રોલમાં જેકલીન ફર્નાન્ડિઝ છે. આ ફિલ્મને ૧૦ જાન્યુઆરીએ રિલીઝ કરવાનું એલાન થયું છે. સોનુ સૂદે ૩૦ જુલાઈએ ૫૧મો બર્થ ડે સેલિબ્રેટ કર્યો હતો. આ દિવસે તેની આગામી ફિલ્મ ફતેહની રિલીઝ ડેટ પણ જાહેર થઈ હતી. સોનુએ એનાઉન્સમેન્ટ ડેટ સાથે ફિલ્મનું પોસ્ટર શેર કર્યુ હતું, જેમાં તેને દેશની બેસ્ટ એક્શન ફિલ્મ ગણાવવામાં આવી છે. જેકલીને ૧૦મી જાન્યુઆરી યાદ રાખવા અને દેશની અત્યાર સુધીની બેસ્ટ એક્શન ફિલ્મ માટે તૈયાર રહેવા હાકલ કરી હતી અને સોનુને બર્થ ડે વિશ કર્યુ હતું. ફિલ્મના નવા બે પોસ્ટર સોનુના જન્મદિને શેર થયા હતા. એક પોસ્ટરમાં સૂટમાં સજ્જ સોનુના બેકડ્રોપમાં નદીનો પુલ જોવા મળે છે. અન્ય ઈમેજમાં સોનુ અને જેકલીનના ચહેરા પર સસ્પેન્સના એક્સપ્રેશન છે. આ ફિલ્મ દેશની વર્તમાન સ્થિતિ પર આધારિત છે. અત્યારે ચારે તરફ સાઈબર ક્રાઈમના કિસ્સા વધી રહ્યા છે ત્યારે ફિલ્મમાં સાઈબર ક્રાઈમની આંટીઘૂંટી સમજાવવામં આવી છે. જેકલીન ફર્નાન્ડીઝ સામે ઈડીનું એક્શન, મોંઘી ગિફ્ટ અને લક્ઝરી કારના કારણે મુશ્કેલીમાં ફસાઈ એક્ટ્રેસ! બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝની મુશ્કેલી ખતમ થવાનું નામ નથી લઈ રહી. ઠગ સુકેશ ચંદ્રશેખરથી તેનો પીછો નથી છૂટી રહ્યા, બોલિવૂડ એક્ટ્રેસ જેકલીન ફર્નાન્ડીઝની મુશ્કેલી ખતમ થવાનું નામ નથી લઈ રહી.

## સેન્સર બોર્ડે 'વેદા'ને પાસ કરતા નિખિલ અડવાણીને રાહત

# સેન્સર બોર્ડમાં ક્લીયરન્સ અંગે ફરિયાદ બાદ હવે ફિલ્મને UA સર્ટિફિકેટ મળ્યું

ડિરેક્ટર નીખિલ અડવાણીની ફિલ્મ 'વેદા' હવે તેની પૂર્વનિયત તારીખ, સ્વાતંર્ત્ય દિવસે જ લોકો સુધી પહોંચવા તૈયાર છે, કારણ કે હવે આ ફિલ્મને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશનની રિવાઈઝિંગ કમિટી દ્વારા ક્લીયરન્સ મળી ચૂક્યું છે. કમિટીએ ફિલ્મ જોઈ અને ફિલ્મને યુએ રેટિંગ આપ્યું છે, જેથી હવે આ ફિલ્મ મોટી સંખ્યામાં દર્શકો સુધી પહોંચી શકશે. નીખિલ અડવાણીએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે,''હું ખૂબ ખૂબ ખુશ છું, જે રીતે રિવાઈઝિંગ કમિટીએ ફિલ્મની પ્રશંસા કરી અને તેને યુએ સર્ટિફિકેટ માટે પસંદ કરીને તેને બને તેટલાં વધુ ઓડિયન્સ સુધી પહોંચવા સક્ષમ બનાવી છે. હું બહુ જ ખુશ હતો જ્યારે તેમણે ભાર મૂક્યો કે તેઓ ''આ બહુ મહત્વની કહાણીને અડ્યા પણ નથી'' અને માત્ર અમુક ભાષામાં સુધારા કર્યા હતાં, જેથી તેને યુએ સર્ટિફિકેટ આપી શકાય.'' આ અઠવાડિયા પહેલાં ફિલ્મના મેકર્સે રિલીઝ અંગે ચિંતા વ્યક્ત કરીને તેમની સામે સર્ટિફિકેશન બાબતે આવી રહેલાં પડકારો પર સોશિયલ મીડિયા પર ચિંતા વ્યક્ત કરી હતી. તો આ વખતે પણ ફિલ્મના ડિરેક્ટરે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ફિલ્મની રિલીઝ ડેટ સાચવવાની ચિંતા જાહેર કરી હતી. 'વેદા' અસીમ અરોરા દ્વારા લખવામાં આવી છે, જેમાં એક એક યુવતીની સફર છે, જે રોલ શર્વરી વાઘ કરી રહી છે. આ યુવતી રૂઢિવાદી તંત્રનો સામનો કરે છે અને તેની સામે લડત આપે છે. જ્યારે અભિષેક બેનર્જી આ ફિલ્મમાં વિલનના રોલમાં છે. શર્વરીની ન્યાય મેળવવાની સફરમાં જોહ્ન અબ્રાહમ તેની મદદ કરે છે અને તેના માટે હથિયાર બને છે. આ ફિલ્મમાં શર્વરી સાથે તમન્ના ભાટિયા પણ જોવા મળશે અને આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થશે.



## વરુણ ધવનની ભત્રીજી છે અંજની ધવન

# 'બિન્ની એન્ડ ફેમિલી'થી અંજનીનું બોલિવૂડમાં ડેબ્યુ

પહેલાં સ્ટાર્સના સંતાનો બોલિવૂડમા આવ્યા અને હવે તેમનાં ભાણાં ભત્રીજા પણ બોલિવૂડમાં ડેબ્યુ કરતા થયાં છે. થોડાં વખત પહેલાં એક ફિલ્મથી હિતિક રોશનની ભત્રીજી પશ્મિના રોશને બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ અને હવે વરુણ ધવનની ભત્રીજી અંજની ધવન બોલિવૂડમાં ડેબ્યુ કરવા જઈ રહી છે. તેની ફિલ્મ 'બિન્ની એન્ડ ફેમિલી' એક ફેમિલી ડ્રામા છે, જે સંજય ત્રિપાઠી દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ ફિલ્મમાં તેની સાથે પંકજ કપુર મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. સોમવારે આ ફિલ્મનો ફર્સ્ટ લૂક જાહેર કરવામાં આવ્યો છે. જેમાં લખ્યું હતું,''જૂના જમાના સંસ્કાર વિરુદ્ધ આજકાલના મોડર્ન વિચાર. મૂંઝવણોભર્યો પરિવાર છે બિન્નીનો, પરંતુ આ કહાણી છે આપણા બધાની. મળો બિન્ની એન્ડ ફેમિલીને ૩૦ ઓગસ્ટ, તમારા નજીકના સિનેમાઘરોમાં.'' એક જ પરિવારમાં એકથી વધુ પેઢીઓના એકબીજા સાથેના સંબધો આ ફિલ્મની વિશેષતા છે, જે દરેક દર્શકને સ્પર્શી જશે. અંજની અને પંકજ કપુર સિવાય હિમાની શિવપુરી, રાજેશ કુમાર અને ચારુ શંકર સહિતના કલાકારો જોવા મળશે. અંજની ધવન વરીષ્ઠ કલાકાર એનિલ ધવનની પૌત્રી અને સિદ્ધાર્થ ધવનની પુત્રી છે. જે ખુશી કપુરની ખાસ દોસ્ત તરીકે પણ જાણીતી છે. તેની આ ફિલ્મ ૩૦ ઓગસ્ટે રિલીઝ થશે.

# તમિલમાં નવી ફિલ્મનું શૂટિંગ શરૂ નહીં થાય

## એડવાન્સ પેમેન્ટ લીધા પછી શૂટિંગ શરૂ નહીં કરતાં, ધનુષને નવી ઓફર નહીં થાય

તમિલ ફિલ્મ પ્રોડ્યુસર્સ કાઉન્સિલ દ્વારા તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને સુધારવા માટે નવા નિયમોની જાહેરાત કરવામાં આવી છે. જેના કારણે મોટા ફિલ્મ સ્ટાર્સને થિયેટરમાં ફિલ્મ રિલીઝ કર્યા બાદ ઓટીટી પ્લેટફોર્મ્સ પર પોતાની ફિલ્મ રિલીઝ કરવા માટે આઠ અઠવાડિયા રાહ જોવી પડશે. મોટાં સ્ટાર્સ અને ટેકનિશિયનની મનમાની રોકવા તમિલ પ્રોડ્યુસર્સ કાઉન્સિલે નવા નિયમ તૈયાર કર્યા છે. જે અનુસાર ૧ નવેમ્બરથી ફિલ્મ સંબંધી બધી જ પ્રવૃત્તિઓ અટકી જશે, નવી ફિલ્મના પ્રોડક્શન સહિત બધાં જ કામ લાંબા વખત માટે અટકાવી દેવા પડશે. તાજેતરમાં ચેન્નઈ ખાતે એક જોઈન્ટ મીટિંગ મળી હતી, જેમાં તામિલનાડુ થિએટર ઓનર્સ એસોસિએશન્સ તામિલનાડુ મલ્ટિપ્લેક્સ ઓનર્સ એસોસિએશન અને તમિલનાડુ ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર્સના પ્રતિનિધિઓ મળ્યા હતા. તેમણે મુખ્ય છ મુદ્દાના આધારે આ નિર્ણય લીધો હતો. કાઉન્સિલ ઈચ્છે છે કે તેઓ દરેક ફિલ્મને લગતાં મુદ્દાઓ જેમકે કલાકારો અને ટેક્રિશિયન્સને કેટલું વળતર મળવું જોઈએ, જેથી પ્રોડ્યુસર્સના આર્થિક નુકસાનને ટાળી શકાય, આ પ્રકારના વિવિધ મુદ્દાનું નિરાકરણ લાવવા માગે છે. આ સંદર્ભે એક્ટર ધનુષને પણ પ્રોડ્યુસર્સ અને થિએટરના માલિકોના તીવ્ર વિરોધનો સામનો કરવો પડ્યો છે. તેમનો આક્ષેપ છે કે ધનુષે કેટલાંક પ્રોડ્યુસર્સ પાસેથી એડવાન્સમાં પેમેન્ટ લઈ લીધાં પછી વચન મુજબની તારીખો ફાળવી નહીં. આ સમસ્યાના કારણે કાઉન્સિલે પ્રોડ્યુસર્સને હવે ધનુષને નવું કામ આપતાં પહેલાં કાઉન્સિલની સલાહ લેવા સૂચન કર્યુ છે. ૨૦૨૩માં શ્રી થેનાંદલ ફિલ્મ્સે પણ ફરિયાદ કરી હતી કે ધનુષે એડવાન્સમાં પેમેન્ટ તો લઈ લીધું પણ ફાળવેલી તારીખોમાં શૂટ માટે હાજર રહ્યો નહીં, જેનાથી પ્રોડ્યુસર્સને નુકસાન થયું છે. ટીએફપીસીએ મોટા કલાકારો અને ટેકનિશિયન્સ દ્વારા થતાં એડવાન્સમાં પેમેન્ટ લીધાં બાદ એક ફિલ્મ પૂરી કરતાં પહેલાં અન્ય પ્રોજેક્ટ શરૂ કરી દેવાની પદ્ધતિની ટીકા કરી હતી. આ પ્રકારના કામને કારણે પ્રોડ્યુસર્સને મોટાં નુકસાનનો સામનો કરવો પડતો હોય છે. બધાં જ પ્રોડ્યુસરે હાલમાં જે કામ ચાલી રહ્યું છે તે બધું જ ૩૦ ઓક્ટોબર સુધીમાં પૂરું કરવાનું છે.



# 'છોકરાઓ મૂર્ખ હોય છે, સાબિત થઈ ગયું', લગ્ન કરવાની યોગ્ય ઉંમર જણાવી

## તમને અચાનક લાગે છે કે તમે આઝાદ છો, પણ તમને શાંતિ નથી મળતી, તમને આરામ નથી

અભિનેતા અર્જુન રામપાલે મોડલ મેહર જેસિયાથી છૂટાછેડા અંગે ખુલીને વાત કરી છે. એક ઈન્ટરવ્યુમાં તેણે કબૂલ્યું હતું કે કદાચ તેણે ઘણી નાની ઉંમરમાં લગ્ન કરી લીધા હતા. અર્જુને ૧૯૯૮માં મેહર સાથે લગ્ન કર્યા હતા. આનાથી તેમને બે દીકરીઓ છે, જેનું નામ માહિકા અને માયરા છે. દંપતીએ ૨૦૧૯ માં છૂટાછેડા લીધા હતા. આ પછી, અર્જુન રામપાલનો સંબંધ મોડલ ગેબ્રિએલા ડેમેટ્રિએડ્સ સાથે શરૂ થયો, જેની સાથે અભિનેતાને હવે એક પુત્ર છે. અભિનેતાએ કહ્યું કે હવે મેહર જેસિયા સાથે તેના સંબંધો ખૂબ જ મજબૂત છે અને તેની બંને પુત્રીઓ મેહર અને ગેબ્રિએલા સારી રીતે ચાલે છે. ધ રણવીર પોડકાસ્ટમાં છૂટાછેડા વિશે વાત કરતી વખતે અર્જુન રામપાલે કહ્યું, 'કોઈ બીજાને દોષ આપવો એ માનવ સ્વભાવ છે, આવું એટલા માટે થાય છે કારણ કે વસ્તુઓ સારી નથી ચાલી રહી. તમે દુ:ખી અને દુ:ખી છો. અને જો તમે તમારી અંદર જોઈ શકતા નથી અને સુખ શોધી શકતા નથી, તો વસ્તુઓ તૂટી જશે. અભિનેતાને પૂછવામાં આવ્યું કે શું લાંબા સંબંધમાં રહ્યા પછી સિંગલ રહેવાથી ખરેખર આંચકો લાગે છે. આના પર તેણે કહ્યું, 'આમાં એકલતા અનુભવાય છે, હા. તમને અચાનક લાગે છે કે તમે આઝાદ છો, પણ તમને શાંતિ નથી મળતી, તમને આરામ નથી. તમે સ્થિરતા ગુમાવો છો, તમે ઘરે આવવાનું અને ખાવાનું ચૂકી ગયા છો. અર્જુને કહ્યું કે સંબંધની નિષ્ફળતા માટે કોઈ એક વ્યક્તિને દોષી ઠેરવી શકાય નહીં. જે ભૂલો થઈ છે તેના વિશે વિચારવું જરૂરી છે. તેણે કહ્યું, 'એ મહત્વનું છે કે તમે બધા દરવાજા અને બારીઓ બંધ કરીને તમારી જાતને અલગ કરો અને તમારા વિશે વિચારો. આ મેં કર્યું છે. તમને ખ્યાલ છે કે તમારામાં ઘણી ખામીઓ હતી. હા, સામેની વ્યક્તિમાં પણ ખામીઓ હતી, પરંતુ અંતે તમારે તમારી જાતને ઠીક કરવી પડશે. તમારે પુન:પ્રાપ્ત થવું પડશે અને એક મજબૂત વ્યક્તિ તરીકે પાછા આવવું પડશે, કારણ કે તમારી પાસે અન્ય ઘણા લોકો પ્રત્યે જવાબદારીઓ છે જે આ બધાનો એક ભાગ છે. તેણે કહ્યું કે તમારે પ્રેમ અને સન્માન સાથે અલગ થવું જોઈએ, કારણ કે આ રીતે સંબંધોની શરૂઆત થાય છે. અર્જુન રામપાલે કહ્યું, 'આ ખૂબ જ મુશ્કેલ છે. આ સરળ નથી. બાળકો સહિત કોઈપણ માટે આ સરળ નથી.




# રેમ્પવોક કરીને બોડી પોઝિટિવિટીનો સંદેશ

## ઈન્સ્ટાગ્રામ પર બોડી શેમર્સને સંબોધીને એક વીડિયો પોસ્ટ કર્યો હતો



વર્ષ ૨૦૧૯માં સોનાક્ષી સિંહાએ ઈન્સ્ટાગ્રામ પર બોડી શેમર્સને સંબોધીને એક વીડિયો પોસ્ટ કર્યો હતો

સોનાક્ષી સિંહા હંમેશાથી બૉડી પોઝિટિવિટીની હિમાયતી રહી છે. તેણે હંમેશા પોતે જેવા દેખાતાં હોય તેમાં જ કમ્ફર્ટેબલ રહેવાની વાત કરી છે. શુક્રવારે સોનાક્ષીએ એફડીસીઆઈ ઈન્ડિયા કુટ્યોર વીકમાં ડિઝાઈનર ડોલી જે માટે રૅમ્પ વૉક કર્યું ત્યારે તે ખૂબ સુંદર લાગતી હતી. તેણે બ્લશ પિંક ગાઉન પહેર્યુ હતું જે ડિઝાઈનરનાં 'લા વિએ એન રોઝ કલેક્શન'માંથી હતું. પોતાના આ લૂકથી ત્યાં હાજર દરેકને મોહિત કરી દીધાં પછી સોનાક્ષીએ મીડિયા સમક્ષ બૉડી પોઝિટિવિટીનો સંદેશ આપ્યો હતો. આ અંગે તેના વિચારો પૂછાતાં સોનાક્ષીએ કહ્યું,''એટલે જ તો હું અહીં છું. હું જ્યારે મોટી થઈ રહી હતી ત્યારે મારી આસપાસ એક પણ એવી વ્યક્તિ ન હોતી, જે મને હે કે તમે જેવા છો તે જ બરાબર છે, તેમાં કશું ખોટું નથી. હું આજની છોકરીઓ માટે એ વ્યક્તિ બનવા માગતી હતી અને મેં એ વાતને હંમેશા સહજતાથી લીધી છે. ડોલી જે જેવા ડિઝાઈનર્સને સલામ છે કે તેઓ પોઝિટિવ બૉડી ઈમેજને દર્શાવે છે.'' વર્ષ ૨૦૧૯માં સોનાક્ષી સિંહાએ ઈન્સ્ટાગ્રામ પર બૉડી શેમર્સને સંબોધીને એક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ વીડિયો સોનાક્ષી લોકોની દિલ દુભાવતી કમેન્ટ્સ વાંચે છે, ત્યાંથી શરૂ થાય છે,''કેટવૉક કરવા નીકળેલી ગાય'', ''આન્ટીજી'' અને ''મોટી''. તેણે ટ્રોલર્સને એવા લોકો ગણાવ્યા જે ''લોકો તમારી ઉર્જાને મારી નાખવા માગે છે'' અને ''જે લોકો હંમેશા બીજાની પંચાત કરે છે તેમને કરવા માટે કોઈ કામ નથી.'' આ વીડિયોમાં સોનાક્ષીએ જણાવ્યું હતું કે કેવી રીતે ટ્રોલ્સ તેને ગુસ્સે કરતાં હતાં, દુ:ખ પહોંચાડતા અને તે બિલકુલ થીજી જતી હતી. સમય જતાં, તે આ બધાં પર હસી કાઢતાં શીખી ગઈ, સમજી ગઈ કે ટ્રોલ્સ પણ એક ''જોક'' છે. સોનાક્ષી સિંહાએ એ વાત પણ કરી હતી કે સતત ટ્રોલિંગથી તેને કેટલી અસર થતી હતી. તેણે કહ્યું,''મેં પણ આ બહુ જ સાંભળ્યું છે. મને પણ તેની બહુ અસર થઈ જતી હતી. પણ પછી મેં વિચાર્યુ કે ૩૦ કિલો ઘટાડ્યા પછી પણ એ લોકો તો ત્યાંના ત્યાં જ હતાં. ત્યારે મેં કહ્યું, એ લોકો તેલ પીવા જાય. કારણ કે સોનાક્ષી સિંહા કોઈ કારણથી અહીં છે, મેં તેને એવું બનાવી દીધું કે એમાં છૂપાવવાનું કશું નથી અને હું જેવી છું તેવી છું. મારું શરીર પણ નહીં અને મારું વજન પણ નહીં. મારી ઈમેજ પણ નહીં.'' સોનાક્ષી સિંહાએ આ વાતથી ખરેખર બધાને આશ્ચર્યચકિત કર દીધાં હતાં, જ્યારે તેણે કહ્યું,''હું કોઈ વજનકાંટાનો આંકડો નથી.'' તેણે વીડિયોના અંતે કહ્યું,''અને એ જ મને તેમનાથી મોટી બનાવે છે.''

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્થાપિત

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ભારતીય મૂલ્યો અને સંસ્કારોથી મહાન મનુષ્યના નિર્માણ માટે સંકલ્પબદ્ધ : પ્રફુલ્લભાઈ પાનસેરિયા

### બાળ વિકાસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ગાંધીધામની બાલવાટિકાને 'ગીજુભાઈ બધેકા એવોર્ડ'થી સન્માનિત કરાઈ





। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

વિશ્વની પહેલી એવી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૫મા સ્થાપના દિવસની ઉજવણી આજે સ્વર્ણિમ સંકુલ-૨ના દ્વારકા ખંડ, ગાંધીનગર ખાતે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, શિક્ષકની કારકિર્દી એક વ્યવસાય નહિ, પણ જીવન દર્શન સાથે વ્યક્તિ નિર્માણની સાધના છે, એટલે જ, રાષ્ટ્ર નિર્માણના પ્રજ્વલિત યજ્ઞમાં સૌથી મહત્વપૂર્ણ યોગદાન શિક્ષકોનું હોય છે. એક શિક્ષક બાળ માનસના વિકાસ થકી સમાજમાં સદભાવનાનું વાતાવરણ ઉભુ કરે છે. આજનો બાળક મૂળ તત્વથી ઉછરીને ટેક્નોલોજી સાથે ભણીને રાષ્ટ્ર નિર્માણ સહિત સમાજ કલ્યાણ માટે સમર્પિત રહી પોતાની ફરજનું પાલન કરે, તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

વધુમાં મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સ્થાપિત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ભારતીય મૂલ્યો અને સંસ્કારોથી મહાન મનુષ્યના નિર્માણ માટે સંકલ્પબદ્ધ છે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી શ્રેષ્ઠ મનુષ્યના નિર્માણના વિઝન અને ચિંતનથી આ દિશામાં મહત્વનું કાર્ય કરી રહી છે. આપણી સંસ્કૃતિની ધરોહર સાથે આજના બાળકનો ઉછેર જરૂરી છે. આપણા શાસ્ત્રો કહે છે કે, ગર્ભમાં જ બાળકને સંસ્કાર અને શિક્ષણ મળે છે. પ્રકૃતિ સાથે બાળકોનો તાલમેલ રાખી તેમને ગમતી પ્રવૃતિઓ કરવા દઈશું તો બાળકના માનસનો સર્વાંગી વિકાસ થશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. આ સમારોહમાં ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર શ્રી પી.એન.ગજ્જર દ્વારા 'શ્રી નરેન્દ્ર મોદી પ્રેરણાત્મક વ્યાખ્યાન માળા 'યજ્ઞ' હેઠળ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. 'લર્ન, અનલર્ન અને રિલર્ન'ના કોન્સેપ્ટને સમજી તેને બાળકના ઉછેર માટે ઉપયોગ કરવા તેમણે દરેક શિક્ષકને નિવેદન કર્યુ હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારત ૨૦૪૭ સુધી વિશ્વગુરુ બનવા તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે દરેક શિક્ષકે આજના બાળકને આવતીકાલનું ભવિષ્ય બનાવવા પુરતા પ્રયત્નો કરવા પડશે. બાળકોના ઉછેર માટે જેટલા પ્રયત્નો શિક્ષકો કરી રહ્યા છે એટલી જ મહેનત બાળકના માતા/પિતાએ પણ કરવી પડશે અને બાળકોને આવનારા વિકસિત ભારતના ભવિષ્ય માટે તૈયાર કરવા પડશે.

આ કાર્યક્રમમાં બાળઉછેર, બાળ કેળવણી, બાળવિકાસ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર ગાંધીધામની શ્રી સરસ્વતી શિશુ મંદિર બાલવાટિકાને 'ગીજુભાઈ બધેકા એવોર્ડ'થી મંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરી 'બાલવાટિ-કા એવોર્ડ' અને રૂ. ૧,૦૦,૦૦૦/-નો ચેક અર્પણ કરાયો હતો. આ ઉપરાંત જી-સેટ પરીક્ષા પાસ કરનાર અને 'શોધ' શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓને મંત્રીશ્રી હસ્તે સ્મૃતિ ચિન્હ આપવામાં આવ્યું હતું. જ્યારે શિક્ષણ ક્ષેત્રે અગ્રીમ સિદ્ધી પ્રાપ્ત કરનાર ચાર શિક્ષકોને પણ મંત્રી શ્રી પાનસેરિયા દ્વારા સમ્માનિત કરવામાં આવ્યા હતા. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા પ્રકાશિત પુસ્તકો જેમાં બાળકોમાં વર્તન દોષ, ગુજરાતના વિકાસમાં કન્યા કેળવણીનું યોગદાન, સર્જનશીલ અને પ્રતિભાશાળી બાળક, ૩૬ મી નેશનલ ગેમ્સ ગુજરાત ૨૦૨૨, હોલિસ્ટિક ચાઈલ્ડ ડેવલોપ મેન્ટ, અન્લીશિંગ ધ સ્પોર્ટીંગ સોલ, સેક્સ એજ્યુકેશન ઈન એડોલેસેન્ટ ઈન ગુજરાત, મિત્ર, મમ્મી અને પરિવાર મળીને કુલ ૧૦ પુસ્તકોનું મંત્રી શ્રી પાનસેરિયાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. વધુમાં યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત પુસ્તકો શાલેય શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું (NCFFS) પરિવારની પાઠશાળા પુસ્તકનું અંગ્રેજી સંસ્કરણ, સર્વાંગી બાળવિકાસ ગીજુભાઈ બધેકા ચેર હેઠળ શિશુ કથાઓ, શિશુ કાવ્યો, ગીજુભાઈ સાથે શિક્ષણયાત્રા મળીને કુલ પાંચ પુસ્તકોનું પણ મંત્રીશ્રીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગરનાં મહર્ષિ પાણિનિ સંસ્કૃત અને વૈદિક વિશ્વવિદ્યાલય ઉજ્જૈન સાથે ગર્ભ સંસ્કાર અને ગર્ભ સંવાદ સહિત સર્વાંગી બાળવિકાસ બાબતે, ડાયસક્યુબ સાથે રમકડાં નિર્માણ તેમજ કડી સર્વ વિદ્યાલય સાથે સમગ્ર શિક્ષણની પ્રક્રિયા બાબતે એમઓયુ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યા હતા.

# લેફ્ટનન્ટ જનરલ સાધના સક્સેના નાયર પ્રથમ મહિલા ડીજી મેડિકલ સર્વિસ (સેના) બન્યાં



। નવી દિલ્હી, તા.૧ ।

લેફ્ટનન્ટ જનરલ સાધના સક્સેના નાયરે, ૦૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ડાયરેક્ટર જનરલ મેડિકલ સર્વિસીસ (આર્મી)નું પદ સંભાળ્યું છે, આ પ્રતિષ્ઠિત પદ પર નિયુક્ત થનારાં તેઓ પ્રથમ મહિલા બન્યાં છે. આ પહેલા, તેઓ એર માર્શલના રેંક પર પ્રમોશન પર ડીજી હોસ્પિટલ સર્વિસીસ (આર્મ્ડ ફોર્સીસ)નું પદ સંભાળનાર પ્રથમ મહિલા હતાં. લેફ્ટનન્ટ જનરલ નાયરે આર્મ્ડ ફોર્સિસ મેડિકલ કોલેજ, પૂણેમાંથી વિશિષ્ટ શૈક્ષણિક રેકોર્ડ સાથે સ્નાતક થયા અને ડિસેમ્બર ૧૯૮૫માં આર્મી મેડિકલ કોર્પ્સમાં કમિશન મેળવ્યું. તેમણે ફેમિલી મેડિસિનમાં ગ્રેજ્યુએશન, માતૃત્વ અને બાળ આરોગ્ય અને આરોગ્ય સંભાળ વ્યવસ્થાપનમાં ડિપ્લોમા, અને AIIMS, નવી દિલ્હી ખાતે મેડિકલ ઈન્ફોર્મેટિક્સમાં બે વર્ષનો તાલીમ કાર્યક્રમ પૂરો કર્યો છે. તેમણે ઈઝરાયેલી સંરક્ષણ દળો સાથે રાસાયણિક, જૈવિક, રેડિયોલોજીકલ અને પરમાણુ યુદ્ધમાં અને સ્પીઝમાં સ્વિસ સશસ્ત્ર દળો સાથે લશ્કરી તબીબી નીતિશાસ્ત્રમાં તાલીમ આપવામાં આવી હતી. તેઓ વેસ્ટર્ન એર કમાન્ડના પ્રથમ મહિલા પ્રિન્સિપલ મેડિકલ ઓફિસર અને ઈન્ડિયન એર ફોર્સ (IAF)ના ટ્રેનિંગ કમાન્ડ પણ છે. લેફ્ટનન્ટ જનરલ નાયરને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના તબીબી શિક્ષણ ઘટકના ભાગનો મુસદ્દો તૈયાર કરવા માટે ડૉ. કસ્તુરીરંગન સમિતિના નિષ્ણાત સભ્ય તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. તેમને શ્રેષ્ઠ સેવા માટે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ, વેસ્ટર્ન એર કમાન્ડ અને ચીફ ઓફ ધ એર સ્ટાફ પ્રસંશા તેમજ વિશિષ્ઠ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યા છે.

# જન્મ બાદ માતાનું ધાવણ બાળક માટે અમૃત સમાન: મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા

### ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે વિશ્વ સ્તનપાન સપ્તાહનો રાજ્યવાપી પ્રારંભ કરાવતા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા



। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

ભારત સહિત વિશ્વભરમાં તા. ૧ થી ૭ ઓગસ્ટ દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે વિશ્વ સ્તનપાનસપ્તાહનોરાજ્યવાપીપ્રારંભકરાવ્યોહતો. આજે રાજ્યભરની હોસ્પિટલોમાં પદાધિકારીઓ તથા અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણીનો પણ પ્રારંભ થયો છે.

ભાનુબેને માતાઓને સ્તનપાનનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, જન્મ બાદનું પ્રથમ દૂધ-માતાનું ધાવણ બાળક માટે અમૃત સમાન છે. જેથી આપણે ગળથુથી જેવા પારંપરિક રિવાજો બંધ કરી જન્મના પ્રથમ કલાકમાં માત્ર માતાનું દૂધ જ આપવું જોઈએ. વિશ્વભરમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવા માટે અને બાળકોના સ્વાસ્થ્યને વધુને વધુ સુદ્રઢ બને તે માટે જાગૃતિ લાવવા વર્ષ ૧૯૯૨થી વિશ્વ સ્તનપાન સપ્તાહની શરૂઆત કરવામાં આવી હતી. બાળકના જન્મ પછી તરતજ માતાનું ઘટ્ટ પીળુ દૂધ નવજાત શિશુને આપવું જોઈએ. આ દૂધ બાળકના સ્વાસ્થ્ય અને વિકાસ માટે ખૂબ મહત્વનું છે. બાળકોને જન્મથી પ્રથમ ૬ મહિના સુધી માત્ર માતાના દૂધ પર જ રાખવું જોઈએ તેમ પણ તેમણે ઉમેર્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા ગાયનેક વોર્ડની મુલાકાત કરી શિશુઓની માતા સાથે સ્તનપાનના ફાયદા વિશે સંવાદ કરી કિટ વિતરણ કર્યું હતું. કાર્યક્રમ બાદ હોસ્પિટલ કેમ્પસમાં મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ પણ કર્યું હતું.



મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ ICDS કમિશનર શ્રી રણજીતકુમાર સિંહ, ડેપ્યુટી મ્યુનિસિપલ કમીશનર શ્રી જે. એમ. ભોરણીયા, ICDS તથા આરોગ્ય વિભાગના અધિકારીઓ તથા કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતા.

# ડોર ટુ ડોર અવેરનેસ માટે મહિલાઓને નારી વંદન સપ્તાહ અંતર્ગત માહિતી પત્રિકાનું વિતરણ કરાયું

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

રાજ્યની મહિલાઓ સામજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન બને તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તેમજ મહિલાઓના સર્વાંગી વિકાસના મહત્ત્વનાં પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર દ્વારા રાજ્યના તમામ જિલ્લાઓમાં દર વર્ષે તા. ૧ થી ૮ ઑગસ્ટ દરમિયાન 'નારી વંદન' સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ૧ ઑગસ્ટ નો દિવસ એટલે મહિલા સુરક્ષા દિવસ. અમદાવાદ મહિલા અને બાળ વિકાસ વિભાગની કચેરી અને આંબાવાડી સરકારી પોલિટેકનિક કૉલેજના એનસીસી અને સ્કાઉટ ગાઇડના સંયુક્ત ઉપક્રમે 'નારી વંદન' સપ્તાહ ઉજવણી અંતર્ગત મહિલા સુરક્ષા દિવસની ઉજવણીનું આયોજન



કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત એનસીસી અને સ્કાઉટ ગાઈડનાં રોવર રેન્જર સાથે મળી ગવર્મેન્ટ પોલિટેકનિક કોલેજ આંબાવાડીથી ગુલબાઈ ટેકરા આસપાસના વિસ્તારમાં અવેરનેસ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ડોર-ટુ-ડોર અવેરનેસ માટે માહિતી પત્રિકાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લાની મહિલા અને બાળ અધિકારી કચેરીના સ્ટાફ તેમજ સરકારી પોલિટેકનિક કૉલેજના એનસીસી અને સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓને મહિલા સુરક્ષાલક્ષી વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

# ઝાલોદ સિમલીયા તલ મુખ્ય પ્રાથમિક શાળાના ઓરડાઓનુ ઝડપી બાંધકામ કરવા ગ્રામજનોની માંગ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

ઝાલોદ તાલુકાના સિમલિયા મુખ્ય પ્રાથમિક શાળા આવેલ છે,જયા જર્જરિત હાલતમા આવેલ ઓરડાઓને તોડી પાડી આધુનિક રીતે નવીન બાંધકામ અર્થે તોડી પડાયા બાદ પણ છેલ્લા ઘણા વર્ષો ઉપરાંતથી જમીનદોસ્ત હાલતમા હોવાથી બાળકોના અભ્યાસ પર, માઠી અસર પડી શકે છે, છતા પણ બાંધકામમા વિલંબ થતા અભ્યાસ અર્થે આવતા બાળકોને બે પાળી કરી અભ્યાસ કરાવવા શિક્ષકો મજબુર ત્યારે આવી સ્થિતીમા બાળકના શિક્ષણ અભ્યાસ પર માઠી અસર પણ પડી શકે..? પ્રા.શાળામાં ભણતા બાળકો માટે નવા અભ્યાસ રુમો માટે જુના જર્જરિત ઓરડા તોડી પાડી નવા ઓરડા બનાવવા માટે મંજુરી પણ સરકારશ્રી તરફથી આપવામાં આવેલ છે. પરંતુ અધિકારીઓને દાવા જુના શાળાના ઓરડાનુ નવુ સુવિધાસભર ઓરડા બનાવી આપવા માટે વિલંબ શા માટે છે. છતાંય પણ જવાબદાર તંત્રની નિષ્કાળજીના કારણે શાળાનુ નવીન બાંધકામ હજીય સુધી બન્યુ નથી. ત્યારે આ સંદર્ભે ઝાલોદ આપ નેતા અનિલભાઈ ગરાસિયા ગ્રામજનોની રજૂઆતને ધ્યાને લઈ શાળાની મુલાકાત લઈ સરકારની વિકાસની પોલ ખોલીને શિક્ષણ જગતની વાસ્તવિકતા તંત્ર સુધી પહોચે અને ત્વરિત ઝડપી શાળાના ઓરડા બાંધકામ થાય અને ગ્રામજનોના વિકાસ તેમજ બાળકોના ભવિષ્ય વિશે ત્વરિત પગલા ભરવા માંગ કરી હતી. શાળાના જર્જરિત ઓરડા ખાસ્સા સમયથી જમીનદોસ્ત કરી દેવાયા છે, જેથી બાળકોને ઓરડાની અછત હોવાથી બે પાળીમા અભ્યાસ કરવા મજબુર છે,આવી સ્થિતીમા બાળકોએ તેમજ શિક્ષકોએ હાલાકી ભોગવવી પડે છે તેમજ બાળકોના ૫૦૦ કરતા વધુ અભ્યાસ કરતા બાળકોના ભવિષ્ય પર માઠી અસર પડતી જોવા મળે છે.

# આંગણવાડી જર્જરિત બાળકો ભાડાના મકાનમા ભણવા મજબુર, તંત્રના આંખ આડા કાન !

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧ ।

આધુનિક યુગમા દેશ પ્રગતિ તેમજ વિકાસની ગાથાઓ ગાણા રળતુ હોય છે પરંતુ ગ્રામીણ ક્ષેત્રોમા તેની વાસ્તવિકતા વિપરીત જણાય આવે છે, ઝાલોદ તાલુકાના સિમલિયા-પાડલા ફળિયામા ચાલતા આંગણવાડી કેન્દ્રો તદ્દન જર્જરિત હાલતમા હોવાથી નાના ભુલકાઓ ભાડા મકાનમા પાયાનુ શિક્ષણ મેળવવા મજબુર બન્યા છે,ત્યારે ઝાલોદ તાલુકાની સિમલીયા ખાતે આવેલ આંગણવાડી ૧૦ વર્ષ કરતા વધુ સમયથી જર્જરિત હાલતમા, આંગણવાડીના સ્લેબના પોપડા ખરેલી હાલતમા,દિવાલોમા તિરાડો જોવા મળી આવે છે, ત્યારે આ જુની આંગણવાડી ગમે ત્યારે ધરાશાય પણ થઈ શકે છે, જો બાળકોને વ્યવસ્થિત અભ્યાસ મળી શકે તેવુ વાતાવરણ જ નહી મળે તો સરકારના બાળકોને આંગણવાડી તરફ વાળવાના અથાગ પ્રયાસો પર પાણી ફરી વળશે તે નિશ્ચિત બાબત, છે, ત્યારે આવી જર્જરિત આંગણવાડીઓની આજરોજ આપ નેતા અનિલભાઈ ગરાસિયાએ ગ્રામજનોની રજૂઆતને ધ્યાને લઈ મુલાકાત લેતા જણાવ્યુ હતુ કે,આવી જર્જરિત આંગણવાડીઓમા બાળકો અભ્યાસ કઈ રીતે કરી શકે..? તંત્ર દ્વારા નક્કર પગલા ના ભરાતા વાલીઓ પણ ભયના ઓથાર હેઠળ પોતાના બાળકોને અભ્યાસ માટે મોકલવામા સંકોચ કરે છે, બાળકોના વાલીઓ પણ હાલ, એક જ માંગ કરી રહ્યા છે, કે સુવિધાસભર સાથે





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

આંગણવાડી કેન્દ્રનુ રિનોવેશ અથવા નવીનકરણ કરવા માટે માંગ કરાઈ રહી છે.

મારુ બાળક પણ આંગણવાડી જર્જરિત હોવાથી ભાડાના મકાનમા અભ્યાસ કરવા આવે છે,ભુલકાઓ માટે ત્વરિત સુવિધાસભર, રમત -ગમત સાથેની સુવિધાઓ આંગણવાડી બને તો બાળકોને આંગણવાડીમા અભ્યાસ માટે અવવા સ્વ રીતે જિજ્ઞાસા જાગે પરંતુ આંગણવાડી જર્જરિત હોવાથી બાળકો મકાનમા અભ્યાસ કરવા મજબુર છે, સ્થાનિક, ડામોર રવિનદરકુમાર.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો। તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો. સાહસિક લોકો સાથે ભાગીદારીમાં આગળ વધો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. સમજદારી પૂર્વક રોકાણ કરો. તમારો થોડો સમય અન્યોને આપવા માટે સારો દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે- આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારું સ્વાસ્થ્ય બરાબર રહેશે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. પ્રેમમાં તમે નિરાશ થયા હશો પણ નાસીપાસ થશે નહીં કેમ કે પ્રેમીઓ ખૂબ જ અધીરા હોય છે. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે. ધાર્યા પરિણામો આપવા માટે તમારે તમારા પ્રયાસોને કેન્દ્રિત કરવાની જરૂર છે.



**કર્ક (ડ,હ) :**

આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.



**સિંહ (મ,ટ) :**

આજે તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો અને નુક્સાનકારાક આદતો ને છોડવાનો પ્રયાસ કરો. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે. જો તમને લાગે છે કે તમારો પ્રિયતમ તમારી વાત સમજી શકતો નથી.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે। તમારી નિકટના લોકો અંગત સ્તરે સમસ્યાઓ ઊભી કરશે. પ્રેમની વેદના આજે તમને સૂવા નહીં દે.



**તુલા (ર,ત) :**

આજે તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે કામની વ્યસ્તતા હોવા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે નહીંતર આવનારા સમય માં તમને તકલીફ થયી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. કામના સંદર્ભમાં આજનો દિવસ ખૂબ જ સરસ વીતે એવું જણાય છે.



**મકર (ખ,જ) :**

આજે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજ માટે તમારો સફળતા મંત્ર હોવો જોઈએ-તમારા નાણા એવા લોકોની સલાહ મુજબ રોકવા જોઈએ જેઓ કશુંક નવું કરવામાં માને છે તથા સારા અનુભવોને યાદ રાખો. તમારા એકધારા સમયપત્રકમાંથી સમય કાઢી મિત્રો સાથે બહાર જવાની જરૂર છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. સઘન પ્રયત્નો કરો તમે ચોક્કસ જ નસીબવાન પુરવાર થશો કેમ કે આજનો દિવસ તમારો છે. હિંમતભર્યા નિર્ણયો તથા પગલાં હકારાત્મક પરિણામો લાવશે.

### સરિતા વિહાર, દરિયાગંજ, પ્રગતિ મેદાન અને આઈટીઓ સહિત દિલ્હીના ઘણા વિસ્તારો નદી બની ગયા છે

# દિલ્હી માટે ફરી વરસાદ બન્યો આફત, આખી રાત વરસાદ






। નવી દિલ્હી, તા.૧ ।

દિલ્હી માટે વરસાદ ફરી એકવાર આફત બની ગયો છે. દિલ્હીમાં બુધવાર સાંજથી શરૂ થયેલો વરસાદ આખી રાત ચાલુ રહ્યો, ત્યારબાદ દિલ્હીના સરિતા વિહાર, દરિયાગંજ, પ્રગતિ મેદાન અને આઈટીઓ સહિત ઘણા વિસ્તારો નદીઓમાં ફેરવાઈ ગયા. ગુરુવારે સવારે તેની અસર જોવા મળી હતી અને આજે પણ દિલ્હીના ઘણા વિસ્તારોમાં રસ્તાઓ પાણીમાં ડૂબેલા જોવા મળ્યા હતા. સવારથી જ માર્ગો પર પાણી ભરાતા વાહનો ધીમી ગતિએ ચાલતા જોવા મળ્યા હતા. વરસાદના કારણે બગડેલી સ્થિતિને કારણે દિલ્હીમાં આજે શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન કેટલીક કોલેજો પણ બંધ રહેશે.દિલ્હીમાં મોડી રાત્રે પડેલા વરસાદને કારણે બે લોકોના મોત થયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૨ વર્ષીય તનુજા અને તેનો ત્રણ વર્ષનો પુત્ર પ્રિયાંશ ગાઝીપુર વિસ્તારમાં ખોડા કોલોની પાસે આવેલા સાપ્તાહિક બજારમાં ગયા હતા. આ દરમિયાન તે લપસીને નાળામાં પડી ગયો હતો. અધિકારીએ જણાવ્યું કે બંનેને ડાઈવર્સ અને ક્રેનની મદદથી બચાવી લેવામાં આવ્યા અને લાલ બહાદુર શાસ્ત્રી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા.ઉત્તર દિલ્હીના સબઝી મંડી વિસ્તારમાં મકાન ધરાશાયી થતાં એક વ્યક્તિ ઘાયલ થયો છે. દિલ્હી ફાયર સર્વિસના એક અધિકારીએ જણાવ્યું કે રોબિન સિનેમા પાસે ગાંતા ઘર પાસે સબઝી મંડી વિસ્તારમાં એક મકાન ધરાશાયી થયું. ફાયર બ્રિગેડની પાંચ ગાડીઓ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. કાટમાળમાંથી એક વ્યક્તિને બચાવી લેવામાં આવ્યો હતો. એક વ્યક્તિને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યારે દક્ષિણ પશ્ચિમ દિલ્હીના વસંત કુંજ વિસ્તારમાં દિવાલ ધરાશાયી થતાં એક મહિલા ઘાયલ થઈ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.રાજધાની દિલ્હીમાં ભારે વરસાદ બાદ અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. આ પછી, સરકારે નિર્ણય કર્યો કે દિલ્હીની તમામ શાળાઓ આજે એટલે કે ગુરુવારે બંધ રહેશે. આ સિવાય દિલ્હીમાં પણ વરસાદ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દિલ્હી ટ્રાફિક પોલીસે ટ્રાફિક એડવાઈઝરી પણ જારી કરી છે.

**ન્યૂઝ બ્રિફ**

## ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને રમત મંત્રીને કિસ કરી

। (એજન્સી) ફ્રાંસ, તા.૧ ।

એમેલી ઓડેયા-કાસ્ટેરા, ૪૬, મેક્રોનની ગરદનને ચુંબન કરતી દર્શાવવામાં આવી હતી જ્યારે તેણીનો એક હાથ તેની ગરદનની આસપાસ વીંટળાયેલો હતો. તેમનો બીજો હાથ ફ્રાન્સના રાષ્ટ્રપતિનો હાથ પકડેલો છે. મેક્રોને શુક્રવારે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ના ઉદ્ઘાટન સમારોહમાં તેમના રમત મંત્રીને ચુંબન કર્યું હતું. આ ઈન્ટીમેટ કિસ ટોક ઓફ ધ ટાઉન બની ગઈ છે. ફોટો બતાવે છે કે એમેલી ઓડેયા-કાસ્ટેરા, ૪૬, મેક્રોનની ગરદનને ચુંબન કરી રહી છે જ્યારે તેનો એક હાથ તેની ગરદનની આસપાસ વીંટળાયેલો છે. તેમનો બીજો હાથ ળાન્સના રાષ્ટ્રપતિનો હાથ પકડેલો છે. ફોટામાં, ફ્રાન્સના વડા પ્રધાન ગેબ્રિયલ એટલ પણ તેમની નજર હટાવતા જોવા મળે છે. ઈન્ટીમેટ કિસની તસવીરો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૪ પર ૪ મિલિયનથી વધુ વખત જોવામાં આવી છે. આ ચુંબન ફ્રાન્સમાં પણ લોકોને ચોંકાવી દીધા છે. જ્યારે ફ્રાન્સમાં ચુંબન એ અભિવાદન કરવાની સામાન્ય રીત છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે કહ્યું કે તે નમ્ર ચુંબનની સીમાઓ ઓળંગીને અભદ્ર ક્ષેત્રમાં પ્રવેશી ગયો.

## ટેબલ ટેનિસમાં ચીનનો નંબર ૧ ખેલાડી હારી ગયો

। (એજન્સી) પેરિસ, તા.૧ ।

વાંગ સ્વીડનના ટ્રુલ્સ મોરેગાર્ડ સામે ૪-૨થી હાર્યા બાદ સિંગલ્સમાં રાઉન્ડ ઓફ ૩૨માં બહાર થઈ ગઈ હતી. જીત બાદ ૨૬મા ક્રમે રહેલા મોરેગાર્ડને વિશ્વાસ ન થયો અને તે જમીન પર બેસી ગયો. ટેબલ ટેનિસમાં ચીનના વિશ્વના નંબર વન ખેલાડી વાંગ ચુકિનને બુધવારે મેન્સ ઓલિમ્પિક સિંગલ્સમાં કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. તેનું બેટ એક દિવસ પહેલા જ તૂટી ગયું હતું. વાંગે મંગળવારે પેરિસમાં મિક્સ્ડ ડબલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો, પરંતુ તેનો આનંદ ઝડપથી ગુસ્સામાં ફેરવાઈ ગયો હતો. હકીકતમાં, એક ફોટોગ્રાફરે ફોટો લેવા માટે દબાણ કરતી વખતે ભૂલથી તેનું બેટ ખેંચી લીધું હતું. ૨૪ કલાક કરતાં ઓછા સમય પછી, વાંગ ૩૨ ના સિંગલ્સ રાઉન્ડમાં સ્વીડનના ટ્રુલ્સ મોરેગાર્ડ સામે ૪-૨થી હાર્યા બાદ બહાર થઈ ગઈ હતી. વિજય બાદ ૨૬મા ક્રમે રહેલા મોરેગાર્ડને વિશ્વાસ ન થયો અને તે જમીન પર બેસી ગયો. તેણે તેના માથા પર હાથ મૂક્યો. ૨૪ વર્ષીય વાંગ માટે તે બે દિવસની મિશ્ર બેગ હતી.ટીમના સાથી સન યિંગશા સાથે, તેણે મિક્સ્ડ ડબલ્સની ફાઈનલમાં ઉત્તર કોરિયાને હરાવ્યું.

### હમાસના વડા ઈસ્માઈલ હનીયેહની હત્યા બાદ

## ઈરાનના ક્યુમમાં પ્રખ્યાત જામકરન મસ્જિદના ગુંબજ પર લાલ ધ્વજ લગાવવામાં આવ્યો

। (એજન્સી) ઈરાન, તા.૧ ।

હમાસના વડા ઈસ્માઈલ હનીયેહની હત્યા બાદ ઈરાનના ક્યુમમાં પ્રખ્યાત જામકરન મસ્જિદના ગુંબજ પર લાલ ધ્વજ લગાવવામાં આવ્યો છે. આ લાલ ધ્વજને બદલો લેવાનું પ્રતીક માનવામાં આવે છે, જે વધતા તણાવ અને ઈઝરાયેલ સામે સંભવિત જવાબી હુમલાનો સંકેત હોઈ શકે છે. ઈસ્માઈલ હનીયેહ નવા રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયનના શપથ ગ્રહણ સમારોહ માટે ઈરાનમાં હતા.હત્યાના થોડા સમય પહેલા સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખામેની સાથેની તેમની મુલાકાતની તસવીરો પણ સામે આવી હતી, જેમાં ખામેની મીડિયા દ્વારા એક વીડિયો પણ શેર કરવામાં આવ્યો હતો, જેમાં હનીહ સુપ્રીમ લીડર સાથે મુલાકાત કરી રહ્યા છે. તેને આલિંગવું. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા હનીહની હત્યાની નિંદા કરતા વધુ એક નિવેદન બહાર પાડવામાં આવ્યું છે. ઈરાની સેનાએ હમાસના વડાની હત્યાને ‘‘ગુનાહિત અને કાયરતાપૂર્ણ’’ ગણાવી હતી.રિવોલ્યુશનરી ગાર્ડનું કહેવું છે કે ગાઝામાં પોતાની નિષ્ફળતા છુપાવવા અને દુનિયાનું ધ્યાન હટાવવા માટે ઈઝરાયેલ દ્વારા હનીહની હત્યા કરવામાં આવી હતી, જ્યાં અત્યાધુનિક હથિયારોથી સજ્જ ઈઝરાયેલની સેના ૯ મહિનાથી યુદ્ધ જીતવામાં નિષ્ફળ રહી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આવી કાર્યવાહી કરીને ઈઝરાયેલ ગાઝામાં બાળકો, મહિલાઓ અને વૃદ્ધોની જાનહાનિ પરથી ધ્યાન હટાવવા માંગે છે.જ્યારે ઈઝરાયેલ અત્યાધુનિક ટેક્નોલોજીથી સજ્જ શસ્ત્રોનો ઉપયોગ કરે છે, ત્યારે હમાસ છૂટાછવાયા હથિયારોનો ઉપયોગ કરી રહ્યું છે અને તેમ છતાં તેઓ હમાસને ‘નાબૂદ’ કરવામાં નિષ્ફળ ગયા છે.હનીયેહ ઉત્તર તેહરાનમાં તેના ઘરે હતો જ્યારે ઈઝરાયેલી દળોએ હુમલો કર્યો હોવાનું કહેવાય છે, તેને અને તેના કેટલાક નજીકના સંબંધીઓને માર્યા ગયા હતા. ઈઝરાયેલે પોતાના નિવેદનમાં સખત વિરોધ વ્યક્ત કર્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હનીહના અંતિમ સંસ્કાર ઈરાનના તેહરાનમાં કરવામાં આવશે. આ પછી તેના મૃતદેહને કતારના દોહા મોકલવામાં આવશે, જ્યાં તેને દફનાવવામાં આવશે.

### કેવી રીતે ઈઝરાયેલે ૧૯૭૮માં

## પેલેસ્ટિનિયન કમાન્ડર વાદી હદાદને ટૂથપેસ્ટથી મારી નાખ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

જાન્યુઆરી ૧૯૭૮ની વાત છે. બગદાદમાં વાડી હદાદને નિયમિત ભોજન પછી પેટમાં તીવ્ર ખેંચાણ શરૂ થઈ. હદાદ પેલેસ્ટિનિયન સંગઠન, પોપ્યુલર ફ્રન્ટ ફોર ધ લિબરેશન ઓફ પેલેસ્ટાઈનના વડા હતા. તેને ભૂખ ન લાગી. તેનું વજન ૨૫ પાઉન્ડથી વધુ ઘટી ગયું હતું. આ પછી તેને ઈરાકની સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. ત્યાંના તબીબોએ તેને હેપેટાઈટીસની સારવાર આપી. સખત શક્તિની એન્ટિબાયોટિક્સ આપવામાં આવી હતી. બગદાદના શ્રેષ્ઠ ડોકટરો દ્વારા હદાદની સારવાર કરવામાં આવી હતી. પરંતુ તેની હાલતમાં કોઈ સુધારો થયો ન હતો. થોડી જ વારમાં તેના વાળ ખરવા લાગ્યા. તેનો તાવ ઓછો થતો નહોતો. પેલેસ્ટાઈન લિબરેશન ઓર્ગેનાઈઝેશનના નેતા યાસર અરાફાતે એક સહયોગીને પૂર્વ જર્મનીની ગુપ્ત સેવા સ્ટેસી પાસેથી મદદ લેવા કહ્યું. આ તે સમય હતો જ્યારે સોવિયેત સંઘે પેલેસ્ટિનિયન લડવૈયાઓને મદદ કરી હતી અને તેમને પાસપોર્ટ, આશ્રયસ્થાન, શસ્ત્રો અને ગુપ્ત માહિતી પૂરી પાડી હતી.જ્યારે અરાફાતના સહાયકે પૂર્વ જર્મન ગુપ્ત સેવા અથવા સ્ટેસીનો સંપર્ક કર્યો, ત્યારે હદદને બગદાદથી પૂર્વ બર્લિન લઈ જવામાં આવ્યો. તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જે ગુપ્તચર અને ગુપ્ત સેવા સમુદાયના સભ્યોની સારવાર કરે છે. આ ૧૯ માર્ચ, ૧૯૭૮નો દિવસ હતો. અત્યાર સુધીમાં હદાદે બગદાદની એક હોસ્પિટલમાં બે અત્યંત પીડાદાયક મહિના પસાર કર્યા હતા. જ્યારે પૂર્વ બર્લિને હસ્તક્ષેપ કર્યો, ત્યારે અરાફાતને પરિણામો કંઈક અંશે સ્પષ્ટ થવાની અપેક્ષા હતી. હદાદને રેજીરંગસ્ક્રાંકેનહોસમાં દાખલ કરવામાં આવ્યો હતો. હદાદના સહાયકોએ ટોયલેટરીઝની બેગ પેક કરી હતી કારણ કે તેને બગદાદથી એરલિફ્ટ કરવામાં આવ્યો હતો. તેમાં ટૂથપેસ્ટની ટ્યુબ પણ હતી. હદાદ બર્લિન પહોંચ્યો ત્યાં સુધીમાં તે ‘ધ વૉકિંગ ડેડ’ બની ગયો હતો.એકતાલીસ વર્ષના હદાદને પૂર્વ બર્લિનની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેના શરીર પર ઘણી જગ્યાએથી લોહી નીકળી રહ્યું હતું.

## BJD સાંસદ મમતા મોહંતાએ રાજ્યસભામાંથી રાજીનામું આપ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

બીજુ જનતા દળના નેતા મમતા મોહંતાએ રાજ્યસભા અને પાર્ટીના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. દરમિયાન તેમના ભાજપમાં જોડાવાની અટકળો ચાલી રહી છે. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરને લખેલા પત્રમાં મમતા મોહંતાએ કહ્યું કે તેમણે આ નિર્ણય ખૂબ જ વિચારણા કર્યા બાદ લીધો છે, ધનખરે તાત્કાલિક અસરથી મોહંતનું રાજીનામું સ્વીકારી લીધું છે.ધનખરે કહ્યું કે તેમણે મને અંગત રીતે પત્ર સોંપીને તેમની સીટ પરથી રાજીનામું આપ્યું છે. હું તેને બંધારણીય રીતે વાજબી માનું છું. મેં ઓડિશા રાજ્યનું પ્રતિનિધિત્વ કરતી સભ્ય મમતા મોહંતનું તાત્કાલિક અસરથી રાજીનામું સ્વીકાર્યું છે. દરમિયાન, બીજેડી પ્રમુખ નવીન પટનાયકને લખેલા તેમના રાજીનામાના પત્રમાં, મોહંતાએ કહ્યું કે તેમને લાગે છે કે પાર્ટીમાં તેમની અને તેમના સમુદાયની સેવા કરવાની કોઈ જરૂર નથી. તેણીએ કહ્યું કે મયુરભંજના લોકોની સેવા કરવાનો અને ઓડિશાનો મુદ્દો રાષ્ટ્રીય સ્તરે



ઉઠાવવાની તક આપવા બદલ હું તમારો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.મોહંતાએ કહ્યું કે તે બીજેડીના પ્રાથમિક સભ્યપદમાંથી રાજીનામું આપી રહી છે, તે દિવસની શરૂઆતમાં, રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખરે કહ્યું કે તેમને મોહંતનું સાંસદ તરીકેનું રાજીનામું પત્ર મળ્યું છે.

મોહંતના રાજીનામાથી રાજ્યસભામાં બીજેડીના સભ્યોની સંખ્યા ઘટીને ૮ થઈ ગઈ છે, જ્યારે બીજેડી પાસે લોકસભામાં કોઈ સાંસદ નથી.ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે તે ભાજપમાં જોડાઈ શકે છે અને વિધાનસભામાં પક્ષની વધેલી તાકાતની મદદથી ખાલી પડેલી બેઠક પર ફરીથી ચૂંટાઈ શકે છે.ભાજપનું નામ લીધા વિના, રાજ્ય વિધાનસભામાં વિપક્ષના મુખ્ય દંડક પ્રમિલા મલિકે કહ્યું કે મોહંતનું રાજીનામું એક રાષ્ટ્રીય પક્ષ દ્વારા ઘડવામાં આવેલા કાવતરાનો એક ભાગ છે. એક રાષ્ટ્રીય પક્ષે રાજ્યસભામાં પોતાની તાકાત વધારવાનું કાવતરું ઘડ્યું. મમતા મોહંતાને નવીન પટનાયક દ્વારા મયુરભંજ અને મોહંતા સમુદાયનું પ્રતિનિધિત્વ કરવા માટે રાજ્યસભામાં મોકલવામાં આવી હતી, તેણે પોતાના સમુદાય, રાજ્ય અને મયુરભંજના લોકો સાથે દગો કર્યો છે. તેમણે મોહંતના પક્ષમાં સાઈડલાઈન થવાના આરોપોને ફગાવી દીધા હતા. પ્રમિલા મલિકે કહ્યું કે મોહંતને યાદ રાખવું જોઈએ કે તેમણે ચૂંટણી દરમિયાન શું કર્યું હતું.તમને જણાવી દઈએ કે હાલમાં વિધાનસભામાં ભાજપના ૭૮ સભ્યો છે, જ્યારે વિપક્ષ બીજેડી પાસે ૫૧ બેઠકો, કોંગ્રેસ પાસે ૧૪ બેઠકો, ત્રણ અપક્ષ અને એક સીપીઆઈ(એમ) છે. રાજ્યમાં રાજ્યસભાની ૧૦ બેઠકો છે, જેમાંથી ૮ બીજેડી પાસે છે, જ્યારે એક ભાજપ પાસે છે.

### ઉદ્ધવે ફડણવીસને વિધાનસભા ચૂંટણી માટે પડકાર્યો

## ‘મારી પાસે ન તો પાર્ટી છે કે ન પૈસા, પણ શિવસૈનિકો...’

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧ ।

ઉદ્ધવે કહ્યું કે આજે મારી પાસે ન તો પાર્ટી છે, ન ચૂંટણી ચિન્હ, ન પૈસા, પરંતુ શિવસૈનિકોની હિંમત અને તાકાતને કારણે હું તેમને પડકાર ફેંકી રહ્યો છું. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં (ભાજપ માટે) સ્થિતિ એટલી ખરાબ હતી કે વડાપ્રધાન મોદીને પણ પરસેવો વળી ગયો હતો. જો મુંબઈમાં ચૂંટણી છેલ્લા તબક્કા સુધી સ્થગિત કરવામાં આવી હોત તો સ્પર્ધા વધુ મુશ્કેલ બની હોત. શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેએ PM મોદી અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આગામી વિધાનસભા ચૂંટણી માટે પડકાર ફેંક્યો છે. પાર્ટી કાર્યકર્તાઓને સંબોધિત કરતી વખતે ઉદ્ધવ ઠાકરેએ પીએમ મોદી અને દેવેન્દ્ર ફડણવીસ પર આકરા પ્રહારો કર્યા હતા.ઉદ્ધવે કહ્યું કે આજે મારી પાસે ન તો પાર્ટી છે, ન ચૂંટણી ચિન્હ, ન પૈસા, પરંતુ શિવસૈનિકોની હિંમત અને તાકાતને કારણે હું તેમને પડકાર ફેંકી રહ્યો છું. તેમણે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં (ભાજપ માટે) સ્થિતિ એટલી ખરાબ હતી કે વડાપ્રધાન મોદીને પણ પરસેવો વળી ગયો હતો. જો મુંબઈમાં ચૂંટણી છેલ્લા તબક્કા સુધી સ્થગિત કરવામાં આવી હોત તો સ્પર્ધા વધુ મુશ્કેલ બની હોત.ઠાકરેએ કહ્યું કે જો MVA સત્તામાં આવશે, તો તેઓ MMRDA બંધ કરી દેશે અને ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ (DRP)ને રદ કરી દેશે. ઉદ્ધવે કહ્યું કે શહેર ચલાવવા માટે એકલા BMC પૂરતી છે. ઉદ્ધવે વિધાનસભા ચૂંટણીનું બ્યુગલ વગાડ્યું.તે જ સમયે, રાજ્યના પૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખે દેવેન્દ્ર ફડણવીસનો ઉલ્લેખ કરતા કહ્યું કે કાં તો તમે રાજકારણમાં રહો અથવા હું રહીશ. અનિલ દેશમુખે કહ્યું કે ફડણવીસે મને અને આદિત્ય (ઠાકરે)ને જેલમાં ધકેલી દેવાનું કાવતરું ઘડ્યું હતું. બધું સહન કર્યા પછી પણ હું બહાદુરીથી નિશ્ચય સાથે ઊભો રહ્યો છું, તેથી કાં તો તમે (ફડણવીસ) રાજકારણમાં રહેશો અથવા હું રહીશ. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે પીએમ મોદીએ અહીં ચૂંટણી પ્રચારમાં ઘણો પરસેવો પાડ્યો. તમે ધારાસભ્યો અને સાંસદોને ખરીદ્યા હશે, પરંતુ તમે જીવન આપનારા કાર્યકરોને ખરીદી શકતા નથી. લડાઈ ફાટી રહી છે. અમે લોકસભામાં વધુ બેઠકો જીતવાની અપેક્ષા રાખી હતી. ઘણા લોકોએ કહ્યું કે તમે દેશને દિશા બતાવી છે. આપણે એવા છીએ.તમને જણાવી દઈએ કે શિવસેના (UBT) જૂથની એક બેઠક રંગશારદા હોલમાં યોજાઈ હતી.

### ઈરાન ઈસ્માઈલ હાનિયાના મોતનો બદલો ઈઝરાયેલ પાસેથી લેશે..

## સુપ્રીમ લીડર અલી ખામેનીએ લડવૈયાઓને હુમલો કરવાનો આદેશ આપ્યો

### ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખમેનીએ ઈરાનને ઈઝરાયેલ પર હુમલો કરવાનો આદેશ આપ્યો છે

। (એજન્સી) ઈરાન, તા.૧ ।

હમાસ ચીફ ઈસ્માઈલ હનીયાહનું મોત દુનિયાભરમાં ચર્ચામાં છે. ઈઝરાયેલે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના હુમલાનો બદલો લેતા બુધવારે હાનિયાની હત્યા કરી હતી. જ્યારે હાનિયાને નિશાન બનાવીને હુમલો કરવામાં આવ્યો ત્યારે તે ઈરાનની રાજધાની તેહરાનમાં હતી. આવી સ્થિતિમાં ઈરાને હવે ઈઝરાયેલ પર હુમલો કરવાનો આદેશ આપ્યો છે.ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલમાં ઈરાનના ત્રણ અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ લીડર આયાતુલ્લા અલી ખમેનીએ ઈરાનને ઈઝરાયેલ પર હુમલો કરવાનો આદેશ આપ્યો છે. ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલની ઈમરજન્સી બેઠક બાદ ખમેનીએ આ હુમલાનો આદેશ આપ્યો હતો.ઈરાની અધિકારીઓએ કહ્યું કે હજુ એ સ્પષ્ટ નથી થયું કે ઈરાન કઈ તાકાતથી ઈઝરાયેલ પર હુમલો કરશે. પરંતુ એ વાત ચોક્કસ છે કે ઈરાને એપ્રિલમાં તેલ અવીવ અને હાઈફામાં ઈઝરાયેલના સૈન્ય મથકો પર જે પ્રકારનો હુમલો કર્યો હતો. આ વખતે પણ ઈરાન આવા જ ડ્રોન અને મિસાઈલ હુમલા કરી શકે છે. આ સાથે ઈરાન પોતાના સહયોગી દેશોની મદદથી પણ હુમલો કરી શકે છે.તમને જણાવી દઈએ કે હાનિયાના મોતની પુષ્ટિ થયા બાદ ઈરાનના સુપ્રીમ લીડર ખમેનીએ સંકેત આપ્યા હતા કે ઈરાન બદલો લેવા ઈઝરાયેલ પર સીધો હુમલો કરશે. ખમેનીએ કહ્યું હતું કે અમે તેના (હાનિયાના) લોહીનો બદલો લઈશું કારણ કે તે અમારા વિસ્તારમાં થયું હતું.ઈરાન અને હમાસે હાનિયાની હત્યા માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું છે. પરંતુ ઈઝરાયેલે હજુ સુધી આ હુમલાને ન તો સ્વીકાર્યો છે કે ન તો નકારી કાઢ્યો છે.ઈઝરાયેલનો તેના દુશ્મનોનો નાશ કરવાનો લાંબો ઈતિહાસ છે. ઈરાનના પરમાણુ વૈજ્ઞાનિકોથી લઈને લશ્કરી કમાન્ડરો સુધી તેણે વિદેશમાં પોતાના ઘણા દુશ્મનોનો ખાત્મો કર્યો છે. હાનિયા ઈરાનના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ પેઝેશ્કિયનના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે ઈરાન પણ ગઈ હતી, જ્યાં તેને નિશાન બનાવીને હુમલો કરવામાં આવ્યો હતો.પેલેસ્ટિનિયન સંગઠન હમાસ પાસે ઘણા એકમો છે, જે રાજકીય, લશ્કરી અથવા સામાજિક કાર્ય સંભાળે છે. એક સલાહકાર સંસ્થા હમાસની નીતિઓ નક્કી કરે છે. તેનું મુખ્ય મથક ગાઝા પટ્ટી વિસ્તારમાં છે. અત્યાર સુધી હમાસની કમાન ઈસ્માઈલ હાનિયાના હાથમાં હતી, જે તેના અધ્યક્ષ હતા. તેણે ૨૦૧૭ થી ખાલિદ મેશાલના અનુગામી તરીકે આ કામ સંભાળ્યું. તે કતારની રાજધાની દોહામાં રહેતો હતો અને ત્યાંથી હમાસનું કામ જોતો હતો. વાસ્તવમાં, ઈજિપ્તે ગાઝામાં તેની હિલચાલ પર પ્રતિબંધ મૂક્યો હતો. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) એ એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે ઈઝરાયેલે ઈરાનમાં હાનિયાને નિશાન બનાવીને હુમલો કર્યો હતો, જેમાં હમાસના વડા તેમજ તેનો એક અંગરક્ષક માર્યો ગયો હતો.

# ગાંધીનગર ખાતે સ્વ શ્રી મોતીભાઇ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર સન્માન સમારંભ મંત્રી શ્રી મુળુભાઇ બેરાના અધ્યક્ષ સ્થાને યોજાયો



। (માહિતી) ગાંધીનગર, તા.૧ ।

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ ગ્રંથાલય નિયામક કચેરી, ગાંધીનગર દ્વારા સ્વ શ્રી મોતીભાઈ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર સન્માન સમારંભ ગાંધીનગર ખાતે યોજાયો હતો. સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે યોજાયેલ સમારંભમાં રાજયના પાંચ પુસ્તકાલય અને ગ્રંથપાલોને આ એવોર્ડથી પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વન – પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાના હસ્તે સન્માન કરવામાં આવ્યા હતા.

પારિતોષિક મેળવનાર સર્વે પુસ્તકાલય અને ગ્રંથપાલશ્રીઓને અભિનંદન પાઠવીને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા યુવા પેઢીને વાંચનની પ્રવૃત્તિ તરફ આકર્ષિત રહે તેવા ઉમદા ભાવ સાથે કામ કરી રહી છે. તત્કાલિન રાજયના મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાંચે ગુજરાત અભિયાન રાજયભરમાં શરૂ કર્યું હતું. આ અભિયાનને પ્રોત્સાહન આપવા માટે હાલમાં રાજયના ૩૩ જિલ્લા અને ૮૫ તાલુકા મથકોએ સરકારી ગ્રંથાલયો કાર્યરત છે. ૨૦૨૪-૨૫ના વર્ષમાં રાજય સરકાર દ્વારા વાંચનપ્રવૃત્તિ માટે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયમાં માર્ચ- ૨૦૨૫ સુધીમાં ૬૪ સરકારી ગ્રંથાલયો શરૂ કરવામાં આવનાર છે. જેમાં રાજયના ૫૦ તાલુકા મથકો અને ૧૪ આદિજાતિ તાલુકાના મથકોએ નિર્માણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, પુસ્તકાલય વધુમાં વધુ રાજયમાં કાર્યરત રહે તે માટે હાલમાં ૩૨૬૪ અનુદાનિત ગ્રંથાલયો સુવ્યવસ્થિત રીતે કાર્યરત છે. રાજય સરકારે વર્ષ- ૨૦૨૩માં ૧૦૦ ટકા અનુદાન ચુકવવાનો નિર્ણય લીધો છે. તેની સાથે ૧૦૦ ટકા અનુદાનમાં વધારો કર્યો છે. રાજય સરકાર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્પર્ધાત્મક સાહિત્ય યોજના અંતર્ગત સાર્વજનિક ગ્રંથાલયો અને સમાજ કલ્યાણ હસ્તકના આદર્શ નિવાસી શાળાઓમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતાં વિદ્યાર્થીઓને ઉપયોગી એવું સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી સાહિત્યની સુવિધા આપવામાં આવે છે. ચાલું વર્ષ આ યોજના હેઠળ રૂ. ૯૫ લાખના ખર્ચ સુવિધા પૂરી પાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજયના કોઈપણ ખૂણામાં અભ્યાસ કરતાં અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થી અને પુસ્તકપ્રેમી નાગરિકો માટે પુસ્તકાલયો સુવિધા પૂર્ણ બનાવવામાં આવી રહ્યા છે. વર્ષ- ૨૦૨૩માં રાજયમાં ૧૦ જિલ્લા મથકો ખાતે સ્માર્ટ ગ્રંથાલયની સુવિધા આપવામાં આવી છે. આ વર્ષે ભાવનગર, ભુજ અને અમરેલી ખાતે સ્માર્ટ ગ્રંથાલયોની સુવિધા આપવામાં આવનાર છે. તેની સાથે રાજયના પાટનગરમાં રૂ. ૨૦ કરોડના ખર્ચથી મહાનગરપાલિકાના સહયોગથી અદ્યતન ગ્રંથાલયના ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૨૮ સરકારી ગ્રંથાલયોના નવીન ભવનનું નિર્માણ કાર્ય રાજય સરકારે હાથ ધર્યું છે. મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલયના નિયામક શ્રી પંકજભાઈ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, સ્વ.શ્રી મોતીભાઈ અમીન ઉત્તમ ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્રને આજે ૫૦ વર્ષ પૂર્ણ થયા છે. રાજ્ય સરકાર દ્વારા અપાતા આ પારિતોષકની રકમમાં પણ ચાલુ વર્ષે માતબર વધારો કર્યો છે. આ પારિતોષિક પુસ્તકાલય અને ગ્રંથપાલશ્રીઓ માટે ગૌરવરૂપ એવોર્ડ બની રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ -૧૯૭૪ થી શ્રી મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર યોજનાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ યોજનામાં પ્રતિવર્ષે સ્પર્ધાનું આયોજન કરી શહેરી વિભાગના ગ્રંથાલયો અને ગ્રામીણ વિભાગના ગ્રંથાલયોને પારિતોષિક આપવામાં આવતા હતા. આ યોજનામાં રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩ માં પારિતોષકની રકમ તથા ગ્રંથાલયોની કક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો. જેમાં ગ્રંથાલયો તથા અંધજન ગ્રંથાલય એમ બે કક્ષા ઉમેરવામાં આવી હતી.વર્ષ ૨૦૨૩ - ૨૪ થી આ સ્પર્ધા કુલ સાત કક્ષાના ગ્રંથાલયો વિશિષ્ટ ગ્રંથાલય, શહેર ગ્રંથાલય, અંધજન ગ્રંથાલય, શહેર શાખા અને નગર કક્ષા-૧ ગ્રંથાલય, નગર કક્ષા-૨ ગ્રંથાલય, મહિલા- બાળ ગ્રંથાલય અને ગ્રામ ગ્રંથાલય વચ્ચે સ્પર્ધા યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેમજ વિજેતા ગ્રંથાલયોને અપાતી રકમમાં પણ વધારો કરવામાં આવ્યો છે. આજે ગાંધીનગરના આંગણે યોજાયેલા આ સન્માન સમારોહમાં શહેર ગ્રંથાલય વિભાગમાં નવસારીના શ્રી સયાજી વૈભવ સાર્વજનિક પુસ્તકાલય અને શ્રી નરેન્દ્ર હીરાલાલ પારેખ જ્ઞાનધામને રૂ. ૭૫ હજાર રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો અને ગ્રંથપાલ શ્રી મેઘના ક્રિષ્ના કાપડિયાને રૂ.૨૫ હજારનું ઈનામ આપવામાં આવ્યું હતું. શહેર શાખા અને નગર કક્ષા-૧ ગ્રંથાલયમાં રૂ. ૫૦ હજારનું ઈનામ વલસાડની શ્રી વિદ્યામૃત વર્ષિણી પાઠશાળા સંચાલિત સાર્વજનિક પુસ્તકાલયને અર્પણ થયું હતું. આ પુસ્તકાલયના ગ્રંથપાલ શ્રી રાધા સમીર જાનીને રૂ. ૨૦ હજારનું રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યું હતું. નગરકક્ષા-૨ ગ્રંથાલય વિભાગમાં બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના જગાણા ગામની શ્રી ધનરાજભાઈ ડુંગરભાઈ ચૌધરી સાર્વજનિક વાંચનાલય પસંદગી કરવામાં આવી હતી. આ વાંચનાલયને રૂ. ૩૫ હજારનું ઈનામ અને તેના ગ્રંથપાલ શ્રી રમેશચંદ્ર મફતલાલ મકવાણાને રૂ. ૧૫ હજારનું રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યું હતું. મહિલા બાળ ગ્રંથાલય કક્ષામાં રૂ. ૨૫ હજારનું ઈનામ સુરેન્દ્રનગરની ઊર્મિસરોજ સાર્વજનિક મહિલા પુસ્તકાલયને એનાયત થયું છે. જેના ગ્રંથપાલ શ્રી મિલન આર વ્યાસને રૂ. ૧૦ હજારનું ઈનામ આપવામાં આવ્યું હતું. ગ્રામ ગ્રંથાલયમાં નવસારીના ગણદેવી તાલુકાના ધમડાછા ગામના શ્રી સયાજી સુવર્ણ મહોત્સવ સાર્વજનિક પુસ્તકાલયની પસંદગી કરીને રૂ. ૧૫ હજારનો પુરસ્કાર અને ગ્રંથપાલ શ્રી દર્શનાબેન રોહિતભાઈ પારેખને રૂ. ૭૫૦૦નો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યું છે.

## નવસારી જિલ્લામાં “નારી વંદન ઉત્સવ” સપ્તાહ અંતર્ગત “મહિલા સુરક્ષા” થીમ ઉપર ભવ્ય રેલી યોજાઇ



। સુરત, તા.૧ ।

નવસારી જિલ્લામાં આજરોજ ‘‘નારી વંદન ઉત્સવ’’ સપ્તાહ અંતર્ગત ‘‘મહિલા સુરક્ષા’’ થીમ ઉપર ગૃહ વિભાગ, શિક્ષણ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગના સંકલન સાથે મદ્રેસા હાઈસ્કૂલ ખાતે મહિલા સુરક્ષા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં નવસારી વિજલપોર નગર પાલિકાનાં પ્રમુખશ્રી મીનલબેન, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ટાઉન પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટરશ્રી, જિલ્લા દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી શ્રી રામભાઈ પટેલ, જિલ્લા મિશન કો-ઓર્ડીનેટર અસ્મિતા ગાંધી તેમજ મહિલા અને બાળ અધિકારીની કચેરીનાં અન્ય કર્મચારીઓએ સહિત મદ્રેસા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અત્રે નોંધનિય છે કે, મહિલાઓના સર્વાંગી વિકાસના મહત્વનાં પરિબળો જેવા કે સુરક્ષા, સ્વાવલંબન, કલ્યાણ અને સ્વાસ્થ્ય વગેરે ક્ષેત્રોમાં મહિલાઓ સક્ષમ થાય તે હેતુસર મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૪ થી તા.૦૮/૦૮/૨૦૨૪ દરમ્યાન ‘નારી વંદન ઉત્સવ’’ ની ઉજવણી થનાર છે. જે અન્વયે ૧લી ઓગસ્ટ-૨૦૨૪ ગુરૂવારના રોજ મહિલા સુરક્ષા દિન તરીકે, તા. ૨ ઓગસ્ટે બેટી બચાઓ બેટી પઢાઓ દિવસ, તા. ૩ ઓગસ્ટે મહિલા સ્વાવલંબન દિવસ, તા. ૫ ઓગસ્ટે મહિલા નેતૃત્વ દિવસ, તા. ૬ ઓગસ્ટે મહિલા કર્મયોગી દિવસ, તા. ૭ ઓગસ્ટે મહિલા કલ્યાણ દિવસ અને તા. ૮ ઓગસ્ટે મહિલા અને બાળ આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવશે.

**અમદાવાદમાં ભારે પવન સાથે વરસાદ । શહેરના મોટાભાગના વિસ્તારોમાં ધમાધેકાર વરસાદ વરસ્યો : વરસાદના પગલે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા**

# આગામી ચાર દિવસ રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદમાં છેલ્લા ત્રણ દિવસથી છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે. બુધવારે અમદાવાદ કેટલાક વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો, ત્યારે આજે બપોર બાદ ફરી ભારે પવન સાથે વરસાદ શરૂ થયો હતો. અમદાવાદના પ્રહલાદનગર, મકરબા, થલતેજ, પકવાન ચાર રસ્તા, ગુજરાત હાઈકોર્ટ, ગોતા, સોલા સહિતના એસજી હાઈવે પર વરસાદ ખાબક્યો છે. વરસાદના પગલે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. બીજી તરફ, હવામાન વિભાગ દ્વારા આગામી ચાર દિવસ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં વરસાદી માહોલ જામ્યો હતા, ત્યારે શહેરના મોટાભાગના વિસ્તારોમાં ધમાધેકાર વરસાદ વરસ્યો હતો. જેમાં પ્રહલાદનગર, મકરબા, થલતેજ, પકવાન ચાર રસ્તા, ગુજરાત હાઈકોર્ટ, ગોતા, સોલા સહિતના એસજી હાઈવે વિસ્તારોમાં સારો એવો વરસાદ ખાબક્યો હતો. આ સાથે વેજલપુર, સાયન્સ સિટી, શીલજ, વૈષ્ણદેવી, શિવરંજની, ચાંદખેડા, ધુમા, બોપલ, આંબલી, જુહાપુરા, શ્યામલ, યુનિવર્સિટી રોડ, ભાડજ, રાણીપ, વાડજ, પંચવટી, મીઠાખળી સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. જ્યારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. બીજી તરફ, ધોધમાર વરસાદને પગલે પ્રહલાદનગર સહિતના વિસ્તારોમાં પાણી ભરાવવાની સમસ્યા ઉભી થઈ હતી. રાજ્યમાં આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે, ત્યારે ૦૫ ઓગસ્ટ સુધીમાં દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તાર સહિત સૌરાષ્ટના અમુક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદને પગલે ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં સુરત, નવસારી, વલસાડ, ડાંગ, ભરૂચ, નર્મદ, ભાવનગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને કચ્છ, બનાસકાંઠા, અમરેલી, ગીર સોમનાથ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે આજે (૧ ઓગસ્ટ) ભરુચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાય મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદી માહોલ રહેશે.

૨ ઓગસ્ટની આગાહી : રાજ્યમાં આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે, ત્યારે આ દિવસે સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે બનાસકાંઠા, ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સિવાયના ૨૫ જેટલાં જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા નો વોર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે.

૩ ઓગસ્ટની આગાહી : આ દિવસે રાજ્યના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારો સહિત ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં સૌથી વધુ વરસાદનું જોર રહેતાં, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, નર્મદા, છોટા ઉદેપુર અને સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લામાં ધોધમાર વરસાદને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે અમરેલી, ગીર સોમનાથ, આણંદ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. આ સિવાય કચ્છ, પાટણ, મહેસાણા, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, બોટાદ, જૂનાગઢ, ખેડા, અમદાવાદ, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, દાહોદ જિલ્લામાં નો વોર્નિંગ જાહેર કરવામાં આવ્યું છે.

૪ ઓગસ્ટની આગાહી : આ દિવસે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, અને વલસાડ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જ્યારે કચ્છ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, તાપી, ડાંગ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

**રાજકોટના જામ કંડોરણાના ઉજળા ગામની ઘટના**

## ૮૦૦ ફૂટના બોરમાંથી અચાનક મોટર અને પાઈપ હવામાં ઉડી

। (એજન્સી) જામકંડોરણા, તા.૧ ।

ખેતરમાં પાકની સિંચાઈ માટે બનાવવામાં આવેલા બોરવેલમાં અચાનક પાણી અને હવાનું પ્રેશર સર્જાતા ઉંચા ઉંચા ફૂવારા ઉડતા હોય છે. ત્યારે રાજકોટ જિલ્લાના જામ કંડોરણામાં એક ખેતરમાં ૮૦૦ ફૂટના બોરમાંથી અચાનક ૧૦૦ ફૂટ ઊંચો પાણીનો ફૂવારો ઉડ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં હાલ વાયરલ થયો છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ જિલ્લાના જામ કંડોરણાના ઉજળા ગામે રાજુભાઈ વલ્લભભાઈ રાદડીયાના ખેતરમાં ૮૦૦ ફુટ બોરવેલમાં અચાનક પાણી અને હવાના પ્રેશરે મોટર અને ફાઉબર પાઈપ બન્નેને હવામા ફંગોળી દીધા હતાં. ત્યાર બાદ ખેતરમાં



પાણીનો ૧૦૦ ફૂટ ઊંચો ફૂવારો ઉડ્યો હતો. હાલમાં ચોમાસાની સિઝનમાં સૌરાષ્ટ્રમાં સારો વરસાદ થતાં ભૂજળ પણ ઉંચા આવ્યાં છે. મોટર અને પાઈપ એવી રીતે હવામાં ઉડી હતી કે, જાણો કુદરતે કોઈ કમાલ કર્યો હોય.અચાનક વાડીના બોરમાંથી પાણીનો આટલો જોરદાર ફોર્સ આવતા ખેડૂતે વીડિયો ઉતારી લીધો હતો. જે ત્યાર બાદ સોશિયલ મીડિયા પર અપલોડ કર્યો હતો. જેને જોઈને લોકોએ વધુ શેર કરતાં વીડિયો વાયરલ થયો હતો.

**૬૪.૭૯૦ ગ્રામ મેફેડ્રોનનો જથ્થો ઝડપાયો**

# મેફેડ્રોનના જથ્થા સાથે મહિલા સહિત કુલ બેની ધરપકડ થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧ ।

અમદાવાદ શહેરના ઈસનપુર વિસ્તારના રસુલાબાદ ઈકરા સ્કૂલની બાજુમાં અમદાવાદ ફ્લેટના પાંચમાં માળેથી છૂટક છૂટકમાં એક કે બે ગ્રામ સુધીનું ડ્રગ્સ વેચતા એક મહિલા સાથે ૬,૫૭,૯૦૦ કિંમતનાં ૬૪.૭૯૦ ગ્રામ મેફેડ્રોનનાં મુદ્દામાલ સાથે એક મહિલા સહિત કુલ બે ઈસમોને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરાઈ છે. એસઓજી ક્રાઈમ ડીસીપી જયરાજસિંહ વાળાએ પત્રકારોને સંબોધન કરતા જણાવ્યું હતું કે શાહીનબાનુ યાસીન મિયાં સૈયદ નામની મહિલા છેલ્લા એક વર્ષથી ઈસનપુરમાં આવેલા અમજા ફ્લેટમાં છૂટક રીતે મેફેડ્રોનનું વેચાણ કરતી હતી. જેમાં તેને ત્યાં આમિર



ખાન આસિફ ખાન પઠાણ નામના ઈસમને કામ ઉપર રાખેલો હતો તે પણ શાહીનબાનુના કહ્યા મુજબ છૂટક છૂટક ડિલિવરી કરતો હતો. વધુમાં તેમને જણાવ્યું હતું કે શાહીનબાનુના પતિ પાસે કોઈ રોજગારીનું સાધન ન હોવાથી શાહીનબાનું રામોલમાં ડ્રગ્સ વેચનાર સિરીંનબાનુંનાં સંપર્કમાં આવી હતી. જે શાહીનબાનુને ડ્રગ્સની ડીલીવરી આપતી હતી. જોકે રામોલની ડ્રગ્સ પેડ્લર સિરીંનબાનુંની ધરપકડ કરવાની બાકી છે અને શાહીનબાનુએ લગભગ ૬ કે ૭ વખત ડ્રગ્સ વેચાણ માટે લીધું હતું. ડીસીપી જયરાજસિંહ વાળાએ ઉમેર્યું હતું કે શાહીનબાનુનો પતિ અકબર ખાન જેની ઉપર બે વખત કેસ નોંધાઈ ચૂક્યા છે તેની પણ ધરપકડ કરવાની બાકી છે. જ્યારે શાહીનબાનું આ ડ્રગ્સ વિસ્તારમાં આજુબાજુમાં રહેતા રિક્ષાચાલકોને છૂટકમાં એક કે બે ગ્રામની પડીકીઓ બનાવીને વેચતી હતી. આ બનાવ અંગે SOG ક્રાઈમે ૬ લાખ ૫૭ હજાર ૯૦૦ કિંમતના ૬૪ ગ્રામ ૭૯૦ મિલિગ્રામનાં જથ્થા સાથે બેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## હવેથી અંબાજી મંદિરના શિખર પર ધજા ચઢાવવાનો ચાર્જ લાગશે

। (એજન્સી) અંબાજી, તા.૧ ।

શક્તિપીઠમાં દર્શન કરવા આવતા ભક્તો માટે અંબાજી મંદિરના સુવર્ણ શિખર ઉપર ધ્વજારોહણનું ખાસ મહત્વ રહેલું હોય છે. જેને લઈ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. સોમનાથ, દ્વારકા બાદ અંબાજી મંદિરમાં પણ આજથી ધ્વજારોહણની સુવિધા શરૂ કરવામાં આવી છે. જેમાં માઈભક્તોને શિખર પર ચડાવવા માટેની ધ્વાજા અંબાજી મંદિરે જ શાસ્ત્રોત વિધિ અને પૂજન સાથેની ધ્વજા મળી રહેશે. જેમાં અલગ અલગ મીટરની ધ્વજા માટે અલગ ચાર્જ નક્કી કરવામાં આવ્યાં છે. અંબાજી મંદિરમાં દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અગાઉ જે તે યાત્રિકની ધ્વજા ટેમ્પલ ઈન્સ્પેક્ટર ટ્રસ્ટની ઓફિસમાં નોંધણી કરીને ભક્તો ધ્વજારોહણ કરી શકતા જે માટે કોઈ પણ પ્રકારનો ચાર્જ લેવામાં આવતો ન હતો.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨